**હરસ-મસા** કાપકુપ વગર ઠંડા કરીને કાયો સર્જરી દ્વારા સારવાર
દર બુધવારે જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓને ફ્રી તપાસ તથા રાહત દરે ઓપરેશન કરી આપવામાં આવશે
**શાંતિ હોસ્પિટલ**
ડો.પી.એસ.શેઠ (સર્જન)
યુરોલોજીસ્ટ એન્ડ કાયોથેરાપીસ્ટ (યુ.કે.) લંડન
ક્રિએટીવ ચેમ્બર, બસ સ્ટેન્ડ પાછળ, રાજકોટ
વધુ વિગત માટે નામ સાથે નીચેના નંબર ઉપર વોટસએપ કરવો.
M. 94290 98114
shashi

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૪ | પાના : ૧૦+૧૦=૨૦ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૧-૫-૨૦૨૪ - શનિવાર | રાજકોટ (સીટી)

**સાંજ સમાચાર**
આજના સાંજ સમાચારના અંકમાં ૨ ભાગ છે.
**ભાગ-૧**

This Is What **Balanced** Preparation Of NEET / JEE & BOARD Is...

अत्र...(NEET) UTKARSH | तत्र...(JEE) UTKARSH | सर्वत्र...(BOARD) UTKARSH... UTKARSH... UTKARSH...

આદરણીય વાલીશ્રી,
- 'કોટા' બેઈઝ્ડ કહેવાતી સંસ્થાઓ માત્ર NEET / JEE ની તૈયારીના નામે ડમી સ્કૂલમાં (કે જે તદન ગેરકાયદેસર છે) એડમિશન લેવાનો આગ્રહ કરતી હોય છે.
- ત્યાં વિધાર્થીઓ બોર્ડમાં ફેઈલ થતા હોય છે.
- ઉત્કર્ષ સ્કૂલ વર્ષોથી NEET / JEE અને BOARD ત્રણેય ફોર્મેટમાં બેસ્ટ રિઝલ્ટ આપતી રહી છે.

## ALL INDIA TOPPERS JEE - 2024

Like NEET-2023 Utkarsh Sharing Platform @ India Level In JEE-2024

Utkarsh Has Proved Its Superiority In JEE - 2024 By Highest % Selection Ratio In Rajkot.



| MARADIYA DEV | RUPAVATIA ANSH | MOHNANI MEET |
|---|---|---|
| 99.39 PR | 99.85 PR | 99.10 PR |
| Phy. 94, Chem. 95, Maths 100 | Phy. 97, Chem. 96, Maths 99 | Phy. 90, Chem. 90, Maths 99 |
| 289/300 96.33% | 292/300 97.33% | 279/300 93.00% |
| GUJCET : 112.5/120 \| 99.22PR | GUJCET : 113/120 \| 99.27PR | GUJCET : 110.50/120 \| 98.56PR |
| BOARD 1st Maths 100/100 | BOARD 2nd Maths 99/100 | BOARD 2nd Maths 99/100 |

98.56 PR BUDDHDEV DARSHAN
98.35 PR ANIYALIYA SATYAM
98.24 PR CHATWANI DHYEY
97.94 PR SHINGALA NIRBHAY
97.85 PR MAKWANA BHAVYA
97.75 PR HINGRAJIYA YASHVI
96.55 PR CHHAG PARAM
96.33 PR GAJERA KATHAN
96.20 PR VAGHELA SAMARTH
96.13 PR KAVA ARYAN
95.26 PR KORAT KULDEEP
94.54 PR MOLIYA PRACHI
92.22 PR DOBARIYA PUSHTI
92.22 PR VINCHHI JIYA
91.92 PR PARMAR KRISH
90.49 PR KOTECHA DHRUVI
90.48 PR CHAVADA JANVI

## UNBEATABLE RESULT OF 12th SCI-2024



Success की सबसे खास बात यह है की, वह मेहनत करने वालो पर फिदा हो जाती है...
VIMAL SIR - The Physics Guru

| Name | Marks | % | GUJCET | Rank |
|---|---|---|---|---|
| NANDASANA RIYA | 292/300 | 97.33% | 109/120 | BOARD 2nd Maths 99/100 |
| UMRETIYA DIYA | 286/300 | 95.33% | 108.5/120 | BOARD 2nd Maths 99/100 |
| KORAT KULDEEP | 285/300 | 95.00% | 115/120 | GUJCET 1st SCHOOL |
| HINGRAJIYA YASHVI | 285/300 | 95.00% | 113.75/120 | GUJCET 2nd SCHOOL |
| GILANI SHEENA | 282/300 | 94.00% | 104.25/120 | BOARD 2nd Maths 99/100 |
| DOBARIYA PUSHTI | 282/300 | 94.00% | 103.25/120 | BOARD 1st Maths 100/100 |
| VAGHELA SAMARTH | 279/300 | 93.00% | 106.50/120 | BOARD 2nd Maths 99/100 |
| CHATWANI DHYEY | 276/300 | 92.00% | 105.50/120 | BOARD 1st Maths 100/100 |
| BUDDHDEV DARSHAN | 271/300 | 90.33% | 103.75/120 | BOARD 1st Maths 100/100 |
| VINCHHI JIYA | 261/300 | 87.00% | 97.50/120 | BOARD 2nd Maths 99/100 |
| GALATHIYA HASTI | 284/300 | 94.67% | 97.75/120 | |
| CHHAG PARAM | 283/300 | 94.33% | 106.25/120 | |
| KHAKHKHAR HETVI | 282/300 | 94.00% | 105/120 | |
| SHINGALA NIRBHAY | 281/300 | 93.67% | 105/120 | |
| BHUT PALAK | 280/300 | 93.33% | 98.75/120 | |
| MAKWANA BHAVYA | 279/300 | 93.00% | 100.25/120 | |
| BHESANIYA NIRZA | 278/300 | 92.67% | 87.25/120 | |
| MEHTA HARSHIL | 278/300 | 92.67% | 106.25/120 | |
| KARIA VAIBHAVI | 277/300 | 92.33% | 92.50/120 | |
| ANIYALIYA SATYAM | 276/300 | 92.00% | 105/120 | |
| KANANI TANMAY | 276/300 | 92.00% | 99.25/120 | |
| PARSANA KRISHNA | 275/300 | 91.67% | 108/120 | |
| VADALIYA OM | 274/300 | 91.33% | 110/120 | |
| MOLIYA PRACHI | 273/300 | 91.00% | 101.25/120 | |
| GEHI SUMIT | 273/300 | 91.00% | 100.75/120 | |
| DESAI KAVYA | 272/300 | 90.67% | 92.25/120 | |
| KHUNT VRAJ | 271/300 | 90.33% | 95.50/120 | |
| GAJERA KATHAN | 270/300 | 90.00% | 103.75/120 | |
| JOBANPUTRA TISHA | 270/300 | 90.00% | 86.25/120 | |

**11th SCI/COMM** & **Admissions Open For Two Years NEET/JEE Programme**

Expertise in NEET / JEE / JEE ADV.

# UTKARSH SCHOOL

Std. 1st to 12th (Science & Comm.)
Akshar Marg, Rajkot. ✆ 97230 41 565 / 753

World Class Pre-School **Utkarsh Kidz**
Play House Nursery | JR.K.G. SR.K.G.
1st to 8th | 9th | 10th

## Scholarship For Meritorious Students

| Board | |
|---|---|
| 1st | 100% |
| 2nd | 1 Lac. |
| 3rd | 75,000 |
| 4th to 10th | 50,000 |
| 145+ / 160 S.Math & Sci. | 40,000 |

| For A Group Students | |
|---|---|
| Securing Admission In IIT | 100% Fee Paid Will Be Refunded |
| **For B Group Students** | |
| Securing Admission In Govt. Medical College | 100% Fee Paid Will Be Refunded |
| Securing Admission In GMERS Medical College | 50% Fee Paid Will Be Refunded |




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ–૪ | પાના : ૧૦+૧૦=૨૦ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૧૧–૫–૨૦૨૪ – શનિવાર | રાજકોટ (સીટી)

સાંજ સમાચાર
આજના
સાંજ સમાચારના
અંકમાં ૨ ભાગ છે.
ભાગ-૨

વર્ષ : ૩૮ અંક : ૨૨૨ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

## આજના ધો. 10 ના પરિણામમાં બે - બે વિદ્યાર્થીઓએ 600 માંથી 592 માર્કસ મેળવી

# ધોળકિયા સ્કૂલે બોર્ડના ઈતિહાસમાં નવો રેકર્ડ બનાવ્યો

## 4 - 4 વિદ્યાર્થીઓ 99.99 PR સાથે બોર્ડ ફર્સ્ટ – 312 વિદ્યાર્થીઓ A1 ગ્રેડ

GRACE COLLEGE
Towards Excellence
Affiliate : Saurashtra University
Managed by : Shri N.P. Vekariya Edu. & Chari. Trust
Opp. Rangoli Park, Kalawad Road, Rajkot. M. 88662 00999, 63544 65789
After Std.12 Pass
B.Com. ગુજરાતી/ ENG. MED.
CA કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ સ્કોલરશીપ
BBA | BSW | BCA | Interior Design
ધો.૧૨ પાસ કોઈપણ પ્રવાહ ૩ વર્ષનો ડીગ્રી કોર્ષ
After Graduation
M.Com. | MSW | MSc (IT & CA) | L.L.B. ૩ વર્ષનો ડીગ્રી કોર્ષ

## સામાજીક-ધાર્મિક સંગઠનના નેતા રાજકારણથી દુર રહે અથવા ખુલ્લામાં આવે: રાદડીયાની ચેલેન્જ

૫

### જેલમાં વચગાળાના જામીન પર છુટેલા કેજરીવાલ સંબોધનમાં મોદી પર સુનામીની જેમ ત્રાટકયા

# ૧૪૦ કરોડ લોકો પાસે ભીખ માગું છું, દેશને તાનાશાહીથી છોડાવો: કેજરીવાલ



### મોદીએ દેશમાં વન નેશન વન લીડરનો ખતરનાક ખેલ ચાલુ કર્યો છે, તે વિપક્ષના નેતાઓને ચૂંટણી પછી જેલમાં પુરી દેશે, તેની રાજનીતિ ખતમ કરી નાખશે

નવી દિલ્હી તા.૧૧

સુપ્રીમ કોર્ટે વચગાળાના જામીન આપ્યા બાદ જેલમાંથી છુટેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ જનસભાને સંબોધતા મોદી સરકાર પર જાણે સુનામીની જેમ ફરી વળ્યા હતા. મોદી સરકારને તાનાશાહ ચિતરી કેજરીવાલે કહ્યું હતું કે ૧૪૦ કરોડ લોકો પાસેથી ભીખ માંગુ છું કે દેશને આ તાનાશાહીથી બચાવો.

મોદીનું વન નેશન વન લીડરનું ખતરનાક મિશન: તાનાશાહીથી બચાવો. કેજરીવાલે મોદી સરકારને નિશાન બનાવતા એવી ચોંકાવનારી વાત કરી હતી કે પીએમ મોદી સેવન નેશન વન લીડર નામનું એક ખતરનાક મિશન ચાલુ કર્યુ છે તે વિપક્ષના બધા નેતાઓનો નિકાલ કરી નાખશે અને તેમની રાજનીતિ ખતમ કરી નાખશે. આજે તેમણે વિપક્ષના નેતાઓને જેલમાં મોકલી દીધા છે. ઉતરથી દક્ષિણ સુધીના નેતાઓને જેલમાં મોકલી દીધા છે. જો તે આ ચુંટણી જીતી ગયા તે થોડા દિવસમાં મમતા બેનર્જી, તેજસ્વી યાદવ, ઉદ્ધવ ઠાકરે વગેરે નેતાઓને જેલમાં ધકેલી દેશે.

તાનાશાહીથી દેશને બચાવવા લોકોને અપીલ: કેજરીવાલે સંબોધનમાં જણાવ્યું હતું કે તાનાશાહ દેશના બધા નેતાઓને ખતમ કરી દેશે એટલે હું આપની પાસે ભીખ માગું છું તે મારા દેશને બચાવી લો.

ભ્રષ્ટાચાર સામે કેમ કાર્યવાહી કરવી તે કેજરીવાલ પાસેથી શીખો: કેજરીવાલે કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે કેમ લડવું તે કેજરીવાલ પાસેથી શીખે. એકવાર મારા હાથમાં એક ઓડિયો આવ્યો હતો જેમાં એક મંત્રીએ કોઈ દુકાનદાર પાસે ૫ લાખ રૂપિયા માંગ્યા હતા. આ વાતની કોઈ વિપક્ષને ખબર નહોતી, મીડીયાને ખબર નહોતી. મેં તત્કાળ એ મંત્રીને પાર્ટીમાંથી કાઢી મુકેલો.

આમ આદમી પાર્ટીને કચડવામાં કોઈ કમી મોદીએ નથી રાખી: કેજરીવાલે કહ્યું હતું કે અમારી પાર્ટીને કચડવામાં વડાપ્રધાને કોઈ કમી નથી રાખી. અમારા ૪ ટોપ નેતાઓને જેલમાં નાખ્યા પણ અમારી પાર્ટી ખતમ નથી થઈ.

દેશના ચોરોને મોદીએ પોતાની પાર્ટીમાં સામેલ કર્યા: કેજરીવાલે મોદી પર

(અનુસંધાન છઠ્ઠા પાને)

1BHK
ફ્લેટ વેચવાનો છે
૩૮૦ કાર્પેટ + ૨૦૫ ચો.ફુટ અગાસી, રૈયા ચોકડી.
Mo. 98792 48909

જોઈએ છે
એડમીન સ્ટાફ
પોતાનું બાઈક હોવું જરૂરી
પગાર રૂા. ૧૫,૦૦૦ સુધી (પેટ્રોલ સાથે)
અરજી સાથે રૂબરૂ મળો : સવારે ૧૧ થી સાંજે ૬ સુધી
Mo. 90990 54420
૩૦૫–લેન્ડમાર્ક કોમ્પ્લેક્ષ, એસ્ટ્રોન ચોક, રાજકોટ.


રાજકોટના ઝડપી વિકસીત એરીયા જામનગર રોડ ઉપરનો ફ્લેટ તાત્કાલીક વહેંચવાનો છે
કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટ, ૩–બેડ રૂમ, હોલ, કિચન સાથે તદ્દન નવો ફ્લેટ, નાગેશ્વર દેરાસર પાછળ, ઉપાશ્રયની સામે જામનગર રોડ.
સંપર્ક : ૯૪૯૯૬ ૩૨૫૬૮ દલાલ આવકાર્ય

જોઈએ છે
રાજકોટની નામાંકિત કંપની માટે નીચે મુજબનાં સ્ટાફની જરૂરીયાત છે :
– એકાઉન્ટ આસીસ્ટન્ટ (M/F)
(Tally, Word તથા Excel નાં જાણકાર)
– પરચેઝ આસીસ્ટન્ટ (M/F)
અનુભવી / બિનઅનુભવી
મો. ૯૪૨૮૦ ૦૪૪૬૧

જોઈએ છે
બાઉન્સર
૮ કલાકના રૂ.૧૫૦૦૦
૧૨ કલાકના રૂ.૧૭૦૦૦
બેસ્ટ સિક્યોરીટી સર્વિસ
87800 45556
99250 68812
SIMPLE

ગોડાઉન વેચવાનું છે
123 વાર | 1 cr. | 16 નું મોઢું
નીચે 14 ફુટની હાઈટ
ઉપર ૨ ઓફીસ
૧ હોલ, સંડાસ-બાથરૂમ
ફુલ ફર્નિચર સાથે
મોચીનગર હોલ સામે, શીતલપાર્ક પાસે
150 ft રીંગ રોડ, રાજકોટ.
Mo. 84019 75488

રોકાણ લાયક
રાજકોટ ના કાલાવડ રોડ ઉપર
કેશ પેમેન્ટથી પ્લોટ જોઈએ છે
મુંજકા, મોટામવા, કણકોટ, હરીપર, વિરડાવાજડી, વડવાજડી, મેટોડા, ઈશ્વરીયા તેમજ આસપાસના વિસ્તારમાં
98243 91011















### બે સાયકલોનિક સરકયુલેશન–ટ્રફથી ઝંઝાવાતી વાતાવરણ સર્જાયુ

# દિલ્હીમાં આફતની આંધીઃ અનેક રાજયોમાં હવામાન પલ્ટો

## પાટનગરમાં વરસાદ–૫૦ થી ૭૭ કિમીનાં પવન સાથે ધુળની આંધી ફુંકાઈઃ ઢગલાબંધ વૃક્ષો–અનેક ઈમારતો ધરાશાયી, બેના મોત–૨૭ ઘાયલઃ ભીષણ ટ્રાફીકજામ





## રાજસ્થાન, તામિલનાડુ, ઉતરાખંડ, કાશ્મીર, કેરળ, પશ્ચિમ બંગાળ, આસામ, કર્ણાટક, સહિત અનેક રાજયોમાં ત્રણેક દિવસ ઝંઝાવાત–વરસાદનું એલર્ટ

નવી દિલ્હી તા.૧૧

આકરા ઉનાળાનો સામનો કરતા દેશનાં પાટનગર દિલ્હી સહીતનાં અનેક ભાગોમાં હવામાન પલ્ટો સર્જાયો છે. દિલ્હીમાં ભારે વરસાદ વચ્ચે આંધી-તોફાનનું તાંડવ સર્જાતા સંખ્યાબંધ વૃક્ષોનો સોથ વાળ્યો હતો અને મકાનો ધરાશાયી થયા હતા. ભીષણ ટ્રાફીક જામ વચ્ચે બે લોકોના મોત થયા હતા. જયારે ૨૩ લોકો ઘાયલ થયા હતા. ઉતરાખંડ, તામિલનાડુ તથા રાજસ્થાનમાં પણ સમાન હાલત હતી અને અનેક રાજયોમાં વરસાદ–આંધી ફુંકાવાની આગાહી કરવામાં આવી હતી.

પાટનગર દિલ્હી–એનસીઆરમાં મોડી રાત્રે એકાએક આંધીની આફત સર્જાઈ હતી. વરસાદ વચ્ચે આંધી ફુંકાતા અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. મકાનો–ઈમારતો ક્ષતિગ્રસ્ત બન્યા હતા. જમીન દોસ્ત થયા હતા. વૃક્ષ નીચે દબાઈ જતા બે લોકોનાં મોત નિપજયા હતા. જયારે છ ઘાયલ થયા હતા. ઈમારત પડવાની ઘટનામાં ૧૭ લોકો ઘાયલ થયા હતા.

ઝંઝાવાતનો પગલે અનેક ભાગોમાં વિજ પુરવઠો ખોરવાયો હતો.સતાવાર રીપોર્ટ પ્રમાણે રાત દરમ્યાન ઝાડ પડવાના ૧૫૨ કોલ આવ્યા હતા. જયારે મકાન–ઈમારતો ઘસી પડવાના ૫૫ કોલ આવ્યા હતા. માર્ગો પર વૃક્ષો ઘસી પડવાથી ઠેકઠેકાણે ટ્રાફીક જામ સર્જાયો હતો. ઝંઝાવાત દરમ્યાન જુદા જુદા ભાગોમાં ૫૦ થી ૭૭ કીમીની ઝડપે પવન ફુંકાયો હતો. વરસાદ–ધુળ સાથેની આંધીથી વાહન ચાલકો તથા રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. હોર્ડીંગ પણ ધરાશાયી થયા હતા.

પાટનગરમાં ખરાબ હવામાનને કારણે ૯ ફલાઈટ જયપુર ડાઈવર્ટ કરવામાં આવી હતી. હવામાન વિભાગે લોકોને સુરક્ષીત સ્થળે રહેવા તથા બહાર નહી નીકળવાની સુચના જાહેર કરી હતી.

બીજી તરફ દેશનાં અનેક રાજયોમાં વિજળીનાં કડાકાભડાકા સાથે ઝંઝાવાતી વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી હતી. ઉતરાખંડ, તામીલનાડુ, રાજસ્થાન, પંજાબ, હરીયાણા, પશ્ચિમી ઉત્તર પ્રદેશ, મેઘાલય, અરૂણાચલ તથા કેરળમાં તોફાની વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

પશ્ચિમ બંગાળ તથા જમ્મુ–કાશ્મીરમાં પણ ખરાબ હવામાનનું ઓલેન્જ એલર્ટ જાહેર કરાયું છે. બે દિવસ સુધી આ સ્થિતિ રહી શકે છે.

હવામાન વિભાગે કહ્યું કે ઉતરપૂર્વ આસામ પર સાયકોલોનિક સરકયુલેશન સર્જાયુ છે. અન્ય એક સાયકલોનીક સરકયુલેશન પૂર્વીય બાંગ્લાદેશ પર છે.ઉપરાંત પૂર્વીય આસામથી ઉતરીય ઓરીસ્સા સુધી ટ્રફની સ્થિતિ છે. હિમાચલ પ્રદેશમાં તા.૧૩ સુધી ખરાબ હવામાનનું એલર્ટ ઈસ્યુ કરવામાં આવ્યું છે.

### પુના સહિતના મહારાષ્ટ્રના શહેરોમાં તોફાની વરસાદઃ વિજળી ત્રાટકતા વૃક્ષ સળગ્યુ

મહારાષ્ટ્રના પુના સહિતના કેટલાક ભાગોમાં તોફાની વરસાદ ત્રાટકયો હતો. પવનના ઝંઝાવાત વચ્ચે વૃક્ષો ધસી પડયા હતા. પુનાના હદયસર વિસ્તારમાં વિજળી ત્રાટકતા એક વૃક્ષ ભડભડ સળગ્યુ હતુ. આજે પણ વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે.

# I.P.L.ના ઈતિહાસમાં ૨૦૨૪ની સિઝનમાં સિકસરોનો વરસાદ થયો!!




## સનરાઈઝર્સ હૈદરાબાદની ઓપનીંગ જોડી અભિષેક–હેડનો I.P.L.ના ઈતિહાસમાં સૌથી વધુ ૬૬ સિકસ મારવાનો ઈતિહાસ રચાયો

અત્યારની આઈ.પી.એલ. સીઝન આઈ.પી.એલ. ટુર્નામેન્ટના ઈતિહાસમાં સૌથી વધુ 'સિકસરની સિઝન' તરીકે ઓળખાશે. કદાચ ટી–૨૦ની અન્ય કોઈ લીગમાં પણ એક સીઝનમાં આટલી સિકસરો લાગી નથી. અત્યાર સુધીમાં આઈ.પી.એલ.–૨૪માં ૫૭ મેચોમાં કુલ ૧૦૦૦થી વધુ સિકસરો લાગી ગઈ છે. ફલેશ બેકમાં જાય તો ૧૫ વર્ષ પહેલા ૨૦૦૯માં આઈ.પી.એલ.માં માત્ર ૫૦૬ સિકસરો લાગી હતી. મતલબ કે આ વખતની લીગમા 'ગ્રોથરેટ' જોઈએ તો બમણાથી પણ વધુ જોવા મળે છે.

પંદર વર્ષ પહેલા દરેક મેચમાં ૮.૮૮ની એવરેજ સિકસ મારવાની હતી. અત્યારે આ આંકડો ૧૭.૮૧ની એવરેજે પહોંચી ગયો છે. સીકસની આ રેસમાં ટોચ પર સનરાઈઝ હૈદરાબાદ છે. આ ટીમના પાંચ ખેલાડીઓ દ્વારા જ કુલ ૧૨૫ સિકસો લગાવી છે. આ સીઝનમાં સૌથી વધુ સિકસ લગાડવાવાળા ખેલાડીઓના ત્રણ બેટરો તો હૈદરાબાદ ટીમના જ છે.

### સિકસની સેન્ચુરી

| સીઝન | ટીમ | ૧૦૦+ સીકસ | ૨૫+ સિકસ |
|---|---|---|---|
| ૨૦૨૨ | ૧૦ | ૮ | ૫ |
| ૨૦૨૩ | ૧૦ | ૮ | ૧૧ |
| ૨૦૧૮ | ૮ | ૬ | ૯ |
| ૨૦૨૪ | ૧૦ | ૫ | ૮ |
| ૨૦૧૮ | ૮ | ૩ | ૭ |

### દિલ્હીની વિકેટ પર સૌથી વધુ સિકસ

૨૦૨૪માં દિલ્હીની વિકેટ પર ચાર મેચમાં ૧૧૪ સિકસ લાગી. કોલકતાની વિકેટ પર ૬ મેચમાં ૧૩૯ છકકા લાગ્યા. બેંગ્લોરની વિકેટ પર ૫ મેચમાં ૧૧૧ છકકા લાગ્યા. હૈદરાબાદની વિકેટ પર ૫ મેચમાં ૧૧૦ છકકા અને મુંબઈની વિકેટ પર ૭ મેચમાં ૧૪૧ છકકા લાગ્યા.

### આ સિઝનમાં ટોપ સિકસ હિટર

૨૦૨૪માં અત્યાર સુધીમાં 'ટોપ સિકસ હિટર' તરીકે પ્રથમ છે.

| ખેલાડી | મેચ | સિકસ |
|---|---|---|
| અભિષેક શર્મા | ૧૨ મેચ | ૩૫ સિકસ |
| સુનીલ નરેન | ૧૧ મેચ | ૩૨ સિકસ |
| હેડ | ૧૧ મેચ | ૩૧ સિકસ |
| કલાસેન | ૧૨ મેચ | ૩૧ સિકસ |
| રિયાન પરાગ | ૧૧ મેચ | ૨૮ સિકસ |

### સિકસ અને આઈ.પી.એલ. સિઝન

| ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | ૨૦૧૮ | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૨૧ | ૨૦૨૨ | ૨૦૨૩ | ૨૦૨૪ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૮ | ૫૭ | ૬૦ | ૭૪ | ૭૬ | ૭૬ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૬૦ | ૭૪ | ૭૪ | ૫૭ |

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ગરમીનો પ્રભાવ યથાવતઃ આકરો તાપ

## બપોરે પારો ૪૦ ડિગ્રીને પાર જતા જનજીવનને માઠી અસરઃ તા.૧૩ થી ૧૬મે દરમિયાન ગીર સોમનાથ કમોસમી વરસાદની આગાહી

રાજકોટ,તા.૧૧

ઉનાળાની ઋતુમાં ચાલુ સપ્તાહમાં ગરમીનો પારો ઉંચકાઈ ૪૨ ડિગ્રી સુધી પહોંચતા કાળઝાળ ગરમીનાં કારણે જનજીવન પર પ્રભાવ જોવા મળી રહ્યો છે.બપોરે આકરા તાપ સાથે હાઈવે અને શહેરી વિસ્તારોનાં માર્ગોમાં ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. રાજકોટમાં ગઈકાલે મહતમ તાપમાન ૪૦.૭ ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૩૯ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૮ કિ.મી.નોંધાઈ હતી.જયારે રાજયમાં અમદાવાદ ૪૧.૪ ડિગ્રી, બરોડા ૪૦.૬ ડિગી, છોટા ઉદેપુર ૩૯.૯ ડિગ્રી, દાહોદ ૩૮.૯ ડિગ્રી ડાંગ ૩૭.૬, ડીસા ૪૦.૩, સુરત ૩૪.૩, સુરેન્દ્રનગર ૪૨.૧, વલસાડ ૩૫.૨, નર્મદા ૩૮.૪, ઓખા ૩૪.૧, કંડલા ૩૬.૫, ડિગ્રી નોધાયું હતું.



જયારે સૌરાષ્ટ્રમાં રાજકોટ ૪૦.૭, દ્વારકા ૩૪.૬, ભાવનગર ૩૭.૭, જામનગર ૩૪.૪, પોરબંદર ૩૪.૪, વેરાવળ ૩૩.૮, ડિગ્રી તાપમાન નોંધાયું હતું.કાળઝાળ ગરમીથી બચવા લોકો ઠંડા–પીણા, આઈસ્ક્રીમ, શરબત, શેરડીના રસનો સહારો લઈ રહ્યા છે.

**જામનગરઃ-**

જામનગરમાં સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી રહ્યું હતું. આંશિક વાદળોને કારણે તીવ્ર બફારાનો અનુભવ લોકોએ કર્યો હતો. ૨ ટકા વધીને ભેજનું પ્રમાણ ૭૯ ટકા રહ્યું હતું.

જામનગરમાં વાદળોની આવન–જાવન વચ્ચે ગરમી યથાવત રહી હતી. રાજયના. આઈએમડી વિભાગ દ્વારા આગામી તા.૧૪ મેના જામનગર જિલ્લામાં વરસાદની આગાહી વ્યકત કરવામાં આવી છે. ચોવીસ કલાક દરમિયાન કોઈ વધારા કે ઘટાડા વગર મહત્તમ તાપમાનનો પારો ૩૫.૫ ડિગ્રીએ અને લઘુતમ તાપમાન ૨૬.૮ ડિગ્રીએ સ્થિર રહ્યું હતું. મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રીથી વધુ રહેતા લોકોએ બપોરે આકરા તાપનો અનુભવ કર્યો હતો.

**વરસાદની આગાહીઃ-**

હવામાન વિભાગ દ્વારા રાજ્યના કેટલાક વિસ્તારમાં તા.૧૧મે થી તા.૧૬ મે દરમિયાન કમોસમી વરસાદ વરસવાની આગાહી કરવામાં આવી છે.જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા.૧૩મે થી ૧૬ મે દરમિયાન કમોસમી વરસાદ વરસવાની આગાહી છે. જે બાબતે ખેડૂતોએ કૃષિ પેદાશોને સંભવિત નુકશાનથી બચાવવા ખેતરમાં કાપણી કરેલ પાક ખુલ્લામાં હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી અથવા પ્લાસ્ટિક કે તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીના પાળા બનાવી વરસાદી પાણી ઢગલાની નીચે જતું અટકાવવું. તેમજ જંતુનાશક દવા કે ખાતરનો ઉપયોગ આ સમયગાળા પૂરતો ટાળવો.

તદુપરાંત એ.પી.એમ.સી.માં વેપારી મિત્રો તેમજ ખેડૂતોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરાયો છે.

# KKR પાસે પ્લેઓફની ટિકીટ બુક કરવાની તક છે

કોલકાતાઃ શાનદાર ફોર્મમાં રહેલી બે વખતની ભૂતપૂર્વ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) આજે તેમના હોમગ્રાઉન્ડ ઈડન ગાર્ડનમાં આ સિઝનની છેલ્લી મેચમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે રમશે. કેકેઆર ત્રણ વર્ષમાં પ્રથમ વખત આઈપીએલ પ્લેઓફમાં ટિકીટ બુક કરવાનું લક્ષ્ય રાખશે. બે વખતનો ખિતાબ વિજેતા કેપ્ટન ગૌતમ ગંભીર એક માર્ગદર્શક તરીકે ટીમમાં પાછો ફર્યો છે, કેકેઆરએ આ સીઝનમાં શાનદાર પ્રદર્શન કર્યું છે. કેકેઆર, જે અત્યાર સુધી ૧૧ માંથી આઠ મેચ જીતીને ૧૦ ટીમોમાં ટોચ પર છે, તેને પ્લેઓફની ટિકીટ બુક કરવા માટે વધુ એક જીતની જરૂર છે. શાહરૂખખાનની ટીમ તેના ગઢ ઈડન ગાર્ડન પર આ તક મેળવવા માંગે છે.

કેરેબિયન ઓલરાઉન્ડર સુનીલ નારાયણને વિશ્વના બીજા નંબરના ટી૨૦ બલેબાજની સાથે ઈનિંગ્સની શરૂઆત કરવા મોકલવાનું ગંભીરનું પગલું માસ્ટરસ્ટ્રોક સાબીત થયું છે. આ બંનેના શાનદાર ફોર્મને કારણે આન્દ્રે રસેલ અને રિંકુ સિંહ જેવા ફીનીશર્સને વધારે તક મળી ન હતી. જયારે પાંચ વખતની ચેમ્પિયન ટીમ મુંબઈ ઈન્ડિયન્સ હાર્દિક પંડયાની કપ્તાનીમાં આ સિઝનમાંથી બહાર થનારી પ્રથમ ટીમ બની છે. છેલ્લી મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને હરાવનાર મુંબઈ તેની પ્રતિષ્ઠા માટે રમી રહ્યું છે.

સૂર્યકુમાર યાદવે છેલ્લી બે મેચમાં ૫૬ રન અને અણનમ ૧૦૨ રન બનાવ્યા છે. હવે જોઈએ કે આજે મુંબઈ ઈન્ડિયન્સનું પરફોર્મન્સ કેવુ રહેશે?

### ગઈકાલે ગોરખપુર બેઠક પર ઉમેદવારી નોંધાવી

# રવિ કિશન નેટ વર્થઃ ૧૧ બંગલા અને ફલેટ, ૭ લકઝરી કાર, કરોડોની સંપત્તિ, ધોરણ ૧૨ પાસ છે ભોજપુરી સ્ટાર

ગોરખપુરઃ ભાજપે ઉત્તર પ્રદેશની ગોરખપુર લોકસભા સીટ પરથી બીજી વખત સાંસદ અને ભોજપુરી અભિનેતા રવિ કિશનને મેદાનમાં ઉતાર્યા છે. રવિકિશનએ શુક્રવારે અક્ષય તૃતીયાના શુભ મુહૂર્તમાં કલેક્ટર કચેરી સંકુલમાં પોતાનું નામાંકન ભર્યું હતું. જેમાં તેણે પોતાની અને પત્નીની સંપત્તિનો ખુલાસો કર્યો છે.

રવિકિશને પોતાના સોગંદનામામાં જણાવ્યું છે કે તે ૧૨મું પાસ છે. તેમની પાસે કરોડોની જંગમ અને સ્થાવર મિલકત છે. તેમની પાસે ઘણા ફલેટ અને બંગલા છે. તેમની પાસે ૭ લકઝરી કાર છે.

તેને રિવોલ્વર–રાઈફલ અને કારનો પણ શોખ છે. તેમની પાસે સ્વ–કમાણી અને વડીલોની મિલકત છે. આ પ્રોપર્ટી મુંબઈ, પૂણે, ગોરખપુર અને જૌનપુરમાં છે. ૫૫ વર્ષીય રવિકિશનનો ગોરખપુર અને જૌનપુર ગામમાં પણ એક–એક બંગલો છે.



**રવિ કિશનની કુલ સંપત્તિઃ**

એફિડેવિટમાં આપવામાં આવેલી માહિતી અનુસાર, રવિ કિશનની કુલ જંગમ સંપત્તિ ૧૪,૯૬,૯૨,૪૨૨ કરોડ રૂપિયા છે. આ સિવાય તેમની પાસે ૨૦.૭૦ કરોડ રૂપિયાની સ્થાવર મિલકત છે. આમાં તેમની પૈતૃક સંપત્તિની કિંમત લગભગ ૨.૫૫ કરોડ રૂપિયા છે. જ્યારે તેમની પત્ની પ્રીતિ શુકલા પાસે ૮૧,૯૩,૧૦૪ રૂપિયાની જંગમ અને જંગમ સંપત્તિ છે. તેમના આશ્રિતો પાસે ૩,૪૯,૮૧૪ રૂપિયાની જંગમ સંપત્તિ છે. તેમની પત્ની પાસે ૪.૨૫ કરોડની સ્થાવર મિલકત છે.

સાંસદ રવિ કિશન સામે એક પણ ગુનાહિત કેસ નોંધાયેલ નથી. રવિ કિશનને કારનો શોખ છે. તેમની પાસે ૭ લકઝરી કાર છે. જેમાં મર્સિડીઝ-બેન્ઝ, BMW, જગુઆર એફ-પાસ, સ્ટ્રીટ બોબ, ફોર્ચ્યુનર, ઇસુઝુ મોટર્સ અને ઇનોવા સામેલ છે. રવિ કિશન પાસે ૯ લાખ ૩૮ હજાર ૧૦૦ રૂપિયાની કિંમતનુ ૩૧૮ ગ્રામ સોનુ છે. અને ૪.૮૫ લાખની કિંમતના સોનાના દાગીના છે. પત્ની પ્રીતિ શુકલા પાસે ૨૧૦ ગ્રામ સોનું છે. આ સિવાય રવિ કિશન પાસે રિવોલ્વર અને રાઈફલ છે.

રવિ કિશન પાસે ૧૧ ફલેટ અને બંગલા છે. મુંબઈના અંધેરી વેસ્ટ રો હાઉસમાં એક ફલેટ, પૂણેના સ્કાય વિમાન નગરમાં લુક્કડ સ્કાય સ્ટેશન પાસે ઑફિસ યુનિટ માટેનો ફલેટ, જેની કિંમત રૂ. ૧.૫ કરોડ છે. આ ઉપરાંત તેમની પાસે રહેણાંક મકાનોના રૂપમાં ઘણી મિલકતો છે જેમાં મુંબઈના જોગેશ્વરી ઓશિવરા વૈભવ પેલેસમાં ફલેટ, ગાર્ડન એસ્ટેટમાં એક ફલેટ, લક્ષ્મી નગર ગોરેગાંવ વેસ્ટ મુંબઈ, ગોરખપુરમાં એક બંગલો છે. રવિકિશન પર પણ રૂ. ૧.૬૮ કરોડની લોનની જવાબદારી છે.

# સિંગાપોર અને હોંગકોંગની કાર્યવાહીથી ભારતના ૩૩ હજાર કરોડ રૂપિયાના મસાલાના નિકાસને અસર

## માલદીવમાં પણ બંને કંપનીઓના મસાલા પર પ્રતિબંધ

નવી દિલ્હી, તા ૧૧

સિંગાપોર અને હોંગકોંગમાં દેશની બે સૌથી પ્રતિષ્ઠિત મસાલા કંપનીઓ, MDH અને એવરેસ્ટ પરના નિયમનકારી કાર્યવાહી ના કારણે મસાલાની નિકાસ પર ભારે દબાણ વધ્યું છે. આ કાર્યવાહીને કારણે ભારતમાંથી ૩૩ હજાર કરોડ રૂપિયાના મસાલાની નિકાસને અસર થઈ શકે છે.

ઉલ્લેખનીય છે કે ૫ એપ્રિલ, ૨૦૨૪ના રોજ, હોંગકોંગના ખાદ્ય નિયમનકારે MDH મસાલાના મિશ્રણના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો હતો. રેગ્યુલેટરે કહ્યું હતું કે MDH મસાલામાં ઇથિલિન પણ ઓકસાઇડનું ઊંચું પ્રમાણ હોય છે, જે કેન્સરકારી છે. સિંગાપોરે ભારતીય મસાલા કંપની એવરેસ્ટ સામે કાર્યવાહી કરી છે. જયારે માલદીવમાં બંને કંપનીઓના મસાલા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

યુએસ, બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયન ખાદ્ય નિયમનકારોએ પણ તપાસ શરૂ કરી છે. તે જ સમયે, બંને કંપનીઓએ કોઈપણ ગેરરીતિનો ઇનકાર કર્યો છે. નિષ્ણાતોના મતે પાકને ફૂગથી બચાવવા માટે પણ ઇથિલિન ડાયોકસાઇડનો ઉપયોગ થાય છે. મસાલામાં તેની વધુ માત્રા કેન્સરનું જોખમ વધારી શકે છે.

**કેટલી નિકાસ**

નાણાકીય વર્ષ ૨૦૨૪માં દેશની મસાલાની નિકાસ આશરે રૂ. ૩૫ હજાર કરોડ રહેવાનો અંદાજ છે. આ વૈશ્વિક મસાલા વેપારના ૧૨ ટકા છે. નાણાકીય વર્ષ ૨૦૦૧-૦૨માં તે માત્ર ૪૦૦ મિલિયન હતું, પરંતુ વર્ષોથી તે વધી રહ્યું છે.

**બહાર કોની માંગ છે?**

નિકાસ કરાયેલા મુખ્ય મસાલાઓમાં મરચાં, જીરું, હળદર, એલચી, મસાલાનું તેલ, ઓલિઓરેસિન, કાળા મરી, ફુદીનો, આદુ, લસણ અને કેસરનો સમાવેશ થાય છે. મોટાભાગની નિકાસ ચીનમાં થાય છે. આ પછી અમેરિકા, બાંગ્લાદેશ, યુએઈ, થાઈલેન્ડ, મલેશિયા, ઈન્ડોનેશિયા, યુક્રેન, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર આયાતકારો છે.

**અગાઉ પણ ફરિયાદો ઉઠી હતી**

અમેરિકા અને યુરોપિયન યુનિયન સહિતના ઘણા દેશોના નિયમનકારોએ ભારતીય મસાલાની ગુણવત્તા, તેમાં રહેલા રોગાણુઓની માત્રા અને ઝેરી પદાર્થોને ટાંકીને તેની ટીકા કરી છે. જો કે, આ પ્રથમ વખત હોઈ શકે છે કે બહુવિધ દેશોમાં એક સાથે અનેક પ્રકારની નિયમનકારી કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય. આનાથી ભારત દ્વારા નિકાસ કરવામાં આવતી અને વપરાશમાં લેવાતી ખાદ્ય ચીજોની ગુણવત્તા પર પ્રશ્નાર્થ ચિન્હ ઊભો થયો છે.



**ભારતની નિકાસને નુકસાન**

હોંગકોંગ અને સિંગાપોર ભારતીય મસાલાના મોટા ઉપભોક્તા ન હોઈ શકે. પરંતુ, અમેરિકા, બાંગ્લાદેશ અને ઓસ્ટ્રેલિયામાં શરૂ થયેલી તપાસને કારણે ભારતની નિકાસને નુકસાન થઈ શકે છે. આ આયાતકારો કુલ નિકાસમાં એક ચતુર્થાંશ હિસ્સો ધરાવે છે.

**શું કાર્યવાહી કરવામાં આવી હતી**

સ્પાઈસીસ બોર્ડ અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા આ મામલાની તપાસ કરવામાં આવી રહી છે. મસાલા બોર્ડે શિપમેન્ટનું ફરજિયાત પરીક્ષણ કરવાનો આદેશ આપ્યો છે. એટલું જ નહીં તેમના રેગ્યુલેટર પાસેથી પણ તપાસ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. તેણે નિકાસકારોની ઉત્પાદન સુવિધાઓનું નિરીક્ષણ પણ શરૂ કર્યું છે.

# MODI SCHOOL

MODI SCHOOL SINCE 1999 | 25 YEARS

## બોર્ડ – JEE – NEET ના પરિણામમાં મોદી સ્કૂલની સર્વશ્રેષ્ઠતા બરકરાર

### GSEB 10th Year 2024

BOARD 1st 99.99 PR › 2 વિદ્યાર્થીઓ

BOARD TOP TEN › 20 વિદ્યાર્થીઓ

A1 Grade › 301 વિદ્યાર્થીઓ

Subject 100/100 › 161 વિદ્યાર્થીઓ

99.99 PR

નિશાંત કોટડીયા

BOARD 1st


જલપરી માકડીયા
99.99 PR

### GSEB 12th Commerce & Arts 2024

BOARD TOP TEN › 5 વિદ્યાર્થીઓ

BOARD 7th 99.93 PR

Harsh Mehta

BOARD 7th 99.93 PR

આયુષી ચૌહાણ

BOARD 7th 99.93 PR

ભુમિકા દવે

BOARD 8th 99.92 PR

માનસી પટોળીયા

BOARD 10th 99.90 PR

કૃપા મણીયાર

99+ PR › 52 વિદ્યાર્થીઓ

A1 Grade › 71 વિદ્યાર્થીઓ

Subject 100/100 › 35 વિદ્યાર્થીઓ

CLAT, IPMAT, CA Foundation માટેની Std. 11 થી જ અલાયદી બેચ

### GSEB 12th Science 2024

BOARD 1st 99.99 PR › 2 વિદ્યાર્થીઓ

TRIPLE ACHIEVEMENT
99.99 All PR Sci. PR Theory PR

Milan Gojiya

BOARD 1st

99.99 GUJCET PR

પાર્થ ભલાણી

BOARD TOP TEN 9 વિદ્યાર્થીઓ

BOARD 3rd 99.97 All PR

ધૈર્યા બોસમીયા

BOARD 3rd 99.97 Theory PR

ઋષાંગ ચડોતરા

BOARD 3rd 99.97 GUJCET PR

વેદ ખાત્રા

BOARD 6th 99.94 GUJCET PR

રાજવીર સીસોદીયા

BOARD 8th 99.92 Science PR

માહી દોમડીયા

BOARD 9th 99.91 Theory PR

સાખી મણવર

BOARD 9th 99.91 Theory PR

Tanvi Mehta

A1 Grade › 20 વિદ્યાર્થીઓ

99+ PR › 103 વિદ્યાર્થીઓ

Subject 100/100 › 17 વિદ્યાર્થીઓ

GUJCET 100+ › 263 વિદ્યાર્થીઓ

### NEET 2024

Expected Result (out of 720 marks)

600+ Marks

118 વિદ્યાર્થીઓ

સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ

મેડીકલ, ડેન્ટલ, આયુર્વેદ, હોમિયોપેથીમાં પ્રવેશ માટે NEETના માર્ક ગણાય (બોર્ડ+GUJCETના નહીં)

### JEE Main 2024

| 99+ PR | 98+ PR | 95+ PR |
|---|---|---|
| 65 Students | 112 Students | 238 Students |

સૌરાષ્ટ્ર-કચ્છમાં સૌથી વધુ

All INDIA 1st 100%ile ⇨ 8 Students

*Admission available for*

## RE-NEET & RE-JEE

Batch starts from

રાજકોટ + જામનગર શહેર
23 May, 2024

રાજકોટ (ઈશ્વરીયા બોર્ડીંગ)
3 June, 2024

Scan QR

બોયઝ તથા ગર્લ્સ માટે અદ્યતન હોસ્ટેલ સુવિધા

**ADMISSIONS OPEN** for Std. 11th **CBSE + GSEB(Eng. + Guj. Med.) Science | Commerce | Arts**

રાજકોટ સીટી બ્રાન્ચ(કોમર્સ) 70690 05243 | રાજકોટ સીટી બ્રાન્ચ(સાયન્સ) 70690 05242 | ઈશ્વરીયા બોર્ડીંગ બ્રાન્ચ 70690 05288 | જામનગર બ્રાન્ચ 70690 80808

# વંથલીના રવની ગામે ડબલ મર્ડરઃ પિતા-પુત્રને ગોળી ધરબી દીધી



જુનાગઢ તા.૧૧ જુનાગઢના વંથલી પોલીસ સ્ટેશન

## અગાઉ થયેલ હત્યામાં બાતમી આપ્યાનો ખાર રાખી રાત્રે સીમમાં રખોપુ કરતા પિતા–પુત્રને ઢાળી દીધા; ફરાર હત્યારાઓને ઝડપી લેવા ક્રાઈમ બ્રાંચ સહિતની ટીમો કામે લાગીઃ ગામમાં સન્નાટો

નીચેના રવની ગામે સીમમાં ગત રાત્રીના પિતા-પુત્રની ગોળી મારી હત્યા કરી નાખ્યાની ઘટના ઘટવા પામતા વંથલી પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની પ્રાથમિક વિગત મુજબ વંથલીથી ૧૦ કી.મી. દુર રવની ગામે રહેતા પિતા-પુત્રને રાત્રીના ૧૦ના સુમારે રિવોલ્વરમાંથી ફાયરીંગ કરી રવનીના રહીશ રફીક સાંધ (ઉ.૪૫) અને તેમનો પુત્ર જુહાન રફીક સાંધ (ઉ.૧૮) ઉપર ફાયરીંગ કરી આરોપી શકદાર હુસેન ઈસ્માઈલ સાંધે પિતા પુત્રનું ઢીમ ઢાળી દીધું હતું. વર્ષ ૨૦૨૩માં રવની ગામે સલીમ સાંધનું મર્ડર થયેલ હોય જેમાં બાતમી આપનાર રફીક સાંધ હોવાનો ખાર રાખી આ મર્ડર કર્યાનું ચર્ચાઈ રહ્યું છે. મર્ડર કરી આરોપી ભાગી છુટયાની ઘટનામાં જુનાગઢ એસ.પી. હર્ષદ મહેતાએ ક્રાઈમ બ્રાંચ એસ.ઓ.જી. સહિતની ટીમોને કામે લગાડી આરોપીઓનો પત્તો મેળવવા તજવીજ હાથ ધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ રવની ગામે મર્ડર થયેલ હોય જેમાં સમાધાન થઈ ગયેલ ત્યારે સલીમ સાંધ ઉંમરમાં નાનો હોય પોતાના પિતાના મોતનો બદલો લેવા વર્ષ ૨૦૨૩માં સલીમ સાંધે મર્ડર કર્યુ હતું. જેની બાતમી રફીક સાંધે આપેલ હોય તેનો ખાર રાખી ગત રાત્રીના ૧૦ના સુમારે વાડીએ આવી હુસેન ઈસ્માઈલ સાંધ સહિત આઠથી ૧૦ શખ્સોએ હુમલો કરી બાપ દિકરાની નિર્મમ હત્યા કરી નાખી હતી. હત્યામાં કુહાડી-ધારીયા, પિસ્તોલ સહિતના ઘાતક હથીયારો વડે નિર્મમ હત્યા વાડીએ કરી નાખી હતી. હત્યારાઓ અને મૃતક અંદરોઅંદર મામા ભાણેજ સાળા બનેવીઓ થતા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ પહેલા ચાર મર્ડર થવા પામ્યાનું બહાર આવી રહ્યું છે. કેશોદ ડીવાયએસપી ઠક્કરનો ફોન નો રીપ્લાઈ થઈ રહ્યો છે.

# સૌરાષ્ટ્રનો કુખ્યાત જુસબ અલારખા અને તેના પરિવારનો લોહીયાળ ઈતિહાસ

રાજકોટ તા.૧૧

જુનાગઢ જીલ્લાના ખોબા જેવડા રવની ગામમાં ફરીવાર ગેંગવોરે માથું ઉંચકયું છે. જેમાં સૌરાષ્ટ્રના કુખ્યાત જુસબ અલારખાના પરિવારે જુની ગેંગવોરમાં પિતા-પુત્રને ગોળી ધરબી દઈ હત્યા કરી નાંખતા ચકચાર મચી ગઈ હતી. જેમાં જુસબ અલારખા અને તેના પરિવારનો ઈતિહાસ લોહીયાળ રહ્યો છે. જુસબ વિરુદ્ધ જ ચાર હત્યાને અંજામ આપેલ તેમજ હત્યાના પ્રયાસ, આર્મ્સ એકટ, લુંટ, ઘરફોડ ચોરી, મારામારી સહીતના ૨૨થી વધુ ગુનામાં સંડોવાયેલ છે. ઉલ્લેખનીય છે કે કુખ્યાત જુસબે અગાઉ ઝાંઝરડા નજીક આવેલ ખેતલીયાબાપા મંદિરના મહંતની હત્યા કર્યા બાદ તેને એસટીએસની ટીમે ચોટીલા પંથકમાંથી દબોચી લીધા બાદ હાલ જેલમાં કેદ છે. ઉપરાંત તેના કાકા મુસા અને ભત્રીજાની ગેંગવોરમાં હત્યા થઈ ચૂકી છે. અવાર-નવાર ખોબા જેવડાં ગામમાં થતાં લોહીયાળ જંગથી ગ્રામજનો પણ સ્તબ્ધ બની ગયાં છે.


શ્રી ગોળીબાર હનુમાનજી મહારાજ કી જય

"રામજી કી ઈચ્છા સે"



"તુલસી સેવા ગાય કી કબહું ન ખાલી જાય
ફાંસી જો માથે પે લિખી કાંટો સે ટલ જાય"

સદગુરૂ ભગવાન શ્રી મદનમોહનદાસજી બાપા

શ્રી ગોળીબાર હનુમાનજી મંદિર, ભાવનગરનાં મહંત સદગુરૂ ભગવાન
શ્રી મદનમોહનદાસજી બાપાને ભાવાંજલિ અર્પણ કરવા સુંદરકાંડના પાઠ રાખેલ છે.
તારીખ : ૧૧/૦૫/૨૦૨૪, શનિવાર • સમય : રાત્રે ૮.૦૦ કલાકે,
સ્થળ : શ્રી ગોળીબાર હનુમાનજી મંદિર, ભાવનગર

સદગુરૂ ભગવાન શ્રી મદનમોહનદાસજી બાપાના શિષ્ય
શ્રી રામશરણદાસજી મહારાજ (હરિદ્વાર) • શ્રી કલ્યાણીમાતાજી • શ્રી સરજુદાસજી
શ્રી ગોળીબાર હનુમાનજી મંદિર સમસ્ત સેવક સમુદાયના જય સિયારામ


# રૂા.૩૦૦૦ની લાંચના કેસમાં વાગુદડના તલાટી મંત્રીને ૩ વર્ષની સખ્ત કેદની સજા

## પોતાના બચાવમાં લાવેલ બે સાહેદોની જબાનીને અવિશ્વસનીય ગણાવી રૂા. ૫૦,૦૦૦ નો દંડ ફટકારતી રાજકોટની ખાસ અદાલત

રાજકોટ, તા.૧૧

વર્ષ ૨૦૦૭ માં વાગુદડ ગામ તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા આરોપી લાધાભાઈ ઉર્ફે લલીતભાઈ સવદાસભાઈ રૈયાણીને રેવન્યુ રેકર્ડમાં દસ્તાવેજની નોંધ કરી આપવા માટે લીધેલ રૂ. ૩,૦૦૦ની લાંચ લેવા બદલ રાજકોટની એ.સી.બી. કેસના સ્પેશ્યલ જજ એસ.વી. શર્માએ આરોપીને ૩ વર્ષની સખ્ત કેદની સજા અને રૂ. ૫૦,૦૦૦નો દંડ ફરમાવેલ છે.



એસ કે. વોરા
એડવોકેટ

આ કેસની હકિકત એવા પ્રકારની છે કે, વર્ષ ૨૦૦૭ માં લોધીકા તાલુકાના વાગુદડ ગામે તલાટી મંત્રી તરીકે ફરજ બજાવતા લાધાભાઈ ઉર્ફે લલીતભાઈ સવદાસભાઈ રૈયાણી, (હાલ ઉ.વ. ૭૧)એ ફરીયાદી પાસેથી તેઓએ લીધેલ જમીનના દસ્તાવેજની રેવન્યુ રેકર્ડમાં નોંધ કરી આપવા બદલ રૂ. ૩,૦૦૦ની લાંચની માંગણી કરેલ હતી. આ મુજબની માંગણી થતા ફરીયાદીએ એ.સી.બી.માં ફરીયાદ નોંધાવતા તા. ૧૨/૧૦/૨૦૦૭ ના રોજ આરોપી લાંચના છટકામાં લાંચ લેતા ઝડપાઈ ગયેલ હતા. ચાર્જશીટ રજુ થયા બાદ સરકાર તરફે આરોપી વિરુધ્ધ તમામ પુરાવા રજુ કરવામાં આવેલ. આરોપીએ પોતાના બચાવમાં સાહેદ તરીકે પોતાના પુત્રની જુબાની નોંધાવી જણાવેલ હતુ કે ફરીયાદીએ રૂ.૩,૦૦૦ આરોપી પાસેથી બિયારણ ખરીદવા માટે અગાઉ ઉછીના લીધેલ હતા તે રકમ લાંચના છટકાના દિવસે પાછા આપવા આવેલ હતા. આ રીતે ફરીયાદીએ જે રૂ. ૩,૦૦૦ આરોપીને આપેલ હતા તે ઉછીની રકમ પાછી આપવા પેટે દેવાયેલ હતા અને લાંચની રકમ ન હતી.

સરકાર તરફે જિલ્લા સરકારી વકીલ એસ.કે.વોરાએ રજુઆત કરેલ હતી કે, આરોપીએ પોતાના દિકરાની જુબાની નોંધાવી જે બચાવ ઉભો કરેલ છે તે બચાવ લાંચના છટકાના દિવસે ટ્રેપીંગ ઓફીસર પાસે લેવામાં આવેલ નથી, આરોપીએ પોતાની વર્ષ ૨૦૦૭ની પ્રથમ જામીન અરજીમાં પણ આ બચાવ લીધેલ નથી, ચાર્જશીટ રજુ કરવા માટે જે ઉપરી અધિકારીએ મંજુરી આપેલ હતી તેઓ સમક્ષ પણ આ આરોપીએ આ બચાવ લીધેલ નથી તેમજ કોર્ટે આરોપી વિરુધ્ધ ત્હોમતનામું ફરમાવેલ ત્યારે પણ આ બચાવ લીધેલ નથી. આ ઉપરાંત ફરીયાદીએ લાંચના છટકામાં આરોપીને કયા પ્રકારની દુશ્મનાવટના કારણે ખોટી રીતે ફસાવી દીધેલ છે તેમ પણ આરોપીએ કયાંય જણાવેલ નથી. વધુમાં સરકાર તરફે રજુઆત કરવામાં આવેલી કે જયારે રૂ.૩,૦૦૦ ફરીયાદી પાસેથી સ્વીકારેલ હોવાનું આરોપી કબુલતા હોય ત્યારે છટકાના દિવસે આરોપીએ લાંચની રકમ પોતાના પેન્ટના ખીસ્સામાં રાખેલ હતી તે પેન્ટ તેમનું હોવાનો ઈન્કાર કરવાની કોઈ જરૂર નથી. આ રીતે બીનપાયાદાર બચાવ સમજયા વિના લેવામાં આવેલ હોય ત્યારે આરોપીએ સ્વીકારેલ રકમ લાંચ પેટે હતી તે આપોઆપ સાબિત થાય છે. સરકાર તરફેની આ તમામ દલીલોને ધ્યાનમાં લઈ ખાસ અદાલતના જજ એસ.વી.શર્માએ આરોપી લાધાભાઈ ઉર્ફે લલીતભાઈ રૈયાણીને ૩ વર્ષની સખ્ત કેદની સજા અને રૂા.૫૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. આ કેસમાં સરકાર તરફે જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા રોકાયેલા હતા.

# હડાળામાં પત્નીના મેણાટોણાથી કંટાળી ૨૨ વર્ષીય યુવકે ઝેરી દવા પી ઝીંદગી ટૂંકાવી

## તમે પુત્રીને સાચવતાં નથી કહીં મેણા મારતાં લાગી આવતાં ગોવિંદ વાજલિયાએ બે દિવસ પહેલાં પગલું ભર્યુ 'તુંઃ સારવારમાં દમ તોડતાં પરિવારમાં કાળો કલ્પાંત

રાજકોટ તા.૧૧

શહેરના મોરબી રોડ પર આવેલા હડાળા ગામે રહેતા યુવકે ઝેરી દવા પી જિંદગી ટુંકાવી લીધી હતી. પત્નિના મેણાટોણાથી કંટાળી પગલું ભર્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટ-મોરબી રોડ પર આવેલા હડાળા ગામે રહેતાં ગોવિંદભાઈ ધરમશીભાઈ વાજલિયા (ઉ.વ.૨૨)એ તા.૮ના સાંજે ઝેરી દવા પી લેતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બાદમાં ગઈકાલે સારવાર દરમિયાન દમ તોડી દિધો હતો. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના હેડ કોન્સ્ટેબલ રામશીભાઈ વરૂ, કોન્સ્ટેબલ કેતનભાઈ નિકોલા અને તોફિકભાઈ જુણાને કુવાડવા રોડ પોલીસને જાણ કરી હતી. વધુમાં મળેલ વિગત મુજબ, મૃતકની દોઢ વર્ષની પુત્રી જમતી હતી ત્યારે ગરમ ખીચડીમાં હાથ નાંખતા પુત્રીનો હાથ દાઝી જતા દંપતી વચ્ચે ચડભડ થઈ હતી અને તે દરમિયાન પત્નિ રમાબેને તેમને દિકરીનું ધ્યાન રાખતાં નથી કહી આકરા વેણ કહેતાં તેનું માઠું લાગી જતાં ઝેરી દવા પી અંતિમ પગલું ભરી લીધું હતું. મૃતક છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતો હતો તે સાતભાઈ અને ત્રણ બહેનમાં વચ્ચેટ હતો. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.


દુઃખદ અવસાન - બેસણું



સ્વ. પ્રભુદાસભાઈ ભવાનભાઈ સોમૈયા
સ્વ.તા.૧૧-૦૫-૨૦૨૪, શનિવાર

રાજકોટ નિવાસી સ્વ.પ્રભુદાસભાઈ ભવાનભાઈ સોમૈયા તે દિલીપભાઈ સોમૈયા, યોગેશભાઈ સોમૈયા, શોભનાબેન કિશોરકુમાર ઠક્કર, બીનાબેન જયેશકુમાર રાયચુરાનાં પિતાશ્રી તથા પ્રવિણભાઈ સોમૈયા, વિજયભાઈ સોમૈયાનાં કાકા તથા આશિષભાઈ સોમૈયા, અંકિતભાઈ સોમૈયા, ધાર્મિકભાઈ સોમૈયા, મેહુલભાઈ સોમૈયાનાં દાદાશ્રીનું તા.૧૧-૦૫-૨૦૨૪ને શનિવારનાં રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

**સદ્ગતનું બેસણુંઃ** તા.૧૩-૦૫-૨૦૨૪ને સોમવારે, સાંજે ૫ થી ૬ કલાકે જનકલ્યાણ હોલ, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

લી.

સોમૈયા પરિવારનાં જયશ્રી કૃષ્ણ
અંકિત એસ્ટેટ, રાજકોટ.

MANISH ADS


# અવસાન નોંધ

**રાજકોટઃ** મુળ ગામ ફાંગડી હાલ રાજકોટ સ્વ. દેવશંકરભાઈ માણીશંકરભાઈ મહેતા (ઉ.૮૦) તે સ્વ. જયસુખભાઈ મહેતા, સુરેશભાઈ મહેતાના મોટાભાઈ, કલ્પનાબેન રાજા, યોગેન્દ્રભાઈ મહેતા, જયેશભાઈ મહેતાના પિતાશ્રી તેમજ સિધ્ધાર્થભાઈ, વિધીબેન અને તાપસભાઈના દાદાનું તા.૯ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૩ને સોમવારે સાંજે ૫થી ૭ સ્વાશ્રય સોસાયટી કોમ્યુનિટી હોલ, મવડી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**ઉપલેટાઃ** ઉપલેટા નિવાસી જશવંતભાઈ વ્યાસના ધર્મપત્ની અને કમલેશભાઈ જશવંતરાય વ્યાસ ઉપલેટા શહેર કોંગ્રેસ મહામંત્રીના માતુશ્રી લાભુબેન જશવંતરાય વ્યાસ તા.૧૦ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૩ને સોમવારે સાંજે પાંચથી સાત સમસ્ત બ્રહ્મ સમાજની વાડી ડેનિશ હોલની બાજુમાં બડા બજરંગ રોડ, ઉપલેટા ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** અનિલાબેન હર્ષદગિરિ ગોસ્વામી (ઉ.વ.૫૦) તે શ્રી હરસુખપુરી લાલપુરી ગોસ્વામીના બહેન તા.૧૦ને શુક્રવારે કૈલાશવાસ થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૧૩મે સોમવારના રોજ સાંજે ૫ થી ૭ દરમ્યાન તેમના નિવાસ સ્થાન સદ્ગુરૂપાર્ક-૧ ભાવનગર હાઈવે, મહીકા મેઈન રોડ રાજકોટ ખાતે રાખેલ છે. સદ્ગતની પૂજનવિધિ તા.૧૬મેને ગુરૂવારે તેમના સાંજે ૫ કલાકે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

**મોરબીઃ** સ્વ. ભાનુબેન ચીમનલાલ કોટક તે સ્વ. ચીમનલાલ અમરશીભાઈ કોટકના ધર્મપત્ની, સુભાષભાઈ, હરેશભાઈ, મહેશભાઈ, વિમલભાઈ, ચંદ્રીકાબેન રાજેશભાઈ પુજારા અને કિરણબેન દિલીપકુમાર કોટેચાના માતુશ્રી તા.૧૦ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. સદગતનું બેસણું પિયર પક્ષની સાદડી તા.૧૩ને સોમવારે સાંજે ૫થી૬ કલાકે જલારામ મંદિર, અયોધ્યાપુરી મેઈન રોડ, મોરબી ખાતે રાખેલ છે.

**રાજકોટ** : સ્વ. ડો. એચ.જે. રામાણીના ધર્મપત્ની, મંજુલાબેન રામાણી (ઉ.વ.૮૯) તે શૈલેષભાઈ અને ડો. તેજશભાઈ રામાણી, મીનલબેન ભરતભાઈ મહેતા (પુના) અને શીતલબેન રાજેશભાઈ વસાના માતુશ્રી તથા સ્વ. રતિલાલ ગુલાબચંદ દોશી (જુનાગઢ)ના પુત્રી તા. ૧૦ને શુક્રવારે અરિહંત શરણ પામેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૧ને શનિવારે સાંજે ૪.૩૦ થી ૫.૩૦ કલાકે જૈન ભુવન, ૨૧ જાગનાથ પ્લોટ, સર્વેશ્વર ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ** : સ્વ. ચંદ્રિકાબેન લાલજીભાઈ અનડકટ (ઉ.વ. ૭૫) તે લાલજીભાઈ ભગવાનજીભાઈ અનડકટ (LICના નિવૃત્ત ઓફિસર)ના ધર્મપત્ની તેમજ ડો. વિજયભાઈ, (પૂર્વ સીટી ઈજનેર, રાજકોટ મહાનગરપાલિકા), નિકુંજભાઈ (એરિયા મેનેજર, ટાટા એઆઈએ) અને પ્રીતિબેન ચંદ્રેશભાઈ કાનાબારના માતૃશ્રી, શ્રીમતી નેહાબેન અને હિરલબેનના સાસુ તેમજ ડો.હર્ષ વિજયભાઈ અનડકટ તથા માનસી નિકુંજભાઈ અનડકટના દાદીમાં તથા ડો. યશ્વી યોગીરાજ કાછેલા (વેનકુવર, કેનેડા)ના નાનીમા, શ્રી પ્રદીપભાઈ, સ્વ.ભરતભાઈ, પ્રકાશભાઈ અને સ્વ. ધનેશભાઈ મગનભાઈ ચંદારાણાના બહેનનું તા.૧૦/૫ ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તા. ૧૧/૫ને શનિવારે સાંજે ૫:૩૦ થી ૬:૩૦ રામેશ્વર મંદિર, ૪, સુભાષનગર, રૈયા રોડ, હવેલી ચોક પાસે, રામેશ્વર ચોક સામે, રાજકોટ ખાતે રાખેલ છે.



**મોરબી (ઘુંટુ)ઃ** ઘુંટુ નિવાસી (વાણંદ) બાલકૃષ્ણ વેલજીભાઈ વિઠલાપરાના ધર્મપત્ની પુષ્પાબેન બાલકૃષ્ણ વિઠલાપરા (ઉ.વર્ષ ૭૦) જે મનસુખભાઈ, પ્રવિણભાઈ તથા દિલીપભાઈના માતુશ્રીનું તા.૧૧/૫/૨૪ને શનિવારે રામચરણ પામેલ છે. જેમનું બેસણું તા.૧૩/૫/૨૪ને સોમવારના રોજ વૃંદાવન સમાજની વાડી જુના ગામના જાપે બપોરના ૩થી ૬ રાખેલ છે. મો.નં. ૯૮૨૫૪ ૪૫૯૪૩, ૯૭૨૭૫ ૨૦૮૨૦.




ઋણ સ્વિકાર




સ્વ. શ્રી કંચનબેન શાંતિલાલ દામાણી
અરિહંતશરણ : તા.૪-૫-૨૦૨૪, શનિવાર

અમારા પરિવારના કંચનબેનની ચિરવિદાયના દુઃખદ પ્રસંગે અમારા કુટુંબ ઉપર એકાએક આવી પડેલ માનસિક આપત્તિના સમયમાં કુટુંબીજનો, સ્વજનો, મિત્રો, રાજકીય અગ્રણીઓ, અખબારી નવેશો-મીડીયા પ્રતિનિધી, જૈન-જૈનેતર અગ્રણીઓ, વ્યવસાયિક ક્ષેત્રનાં મિત્રો અને અનેકવિધ સેવાકિય-સામાજીક સંસ્થાઓના હોદેદારોએ સધિયારો, માનવીય હૂંફ અને અમારી પડખે રહીને આઘાતમાંથી હળવા થવામાં જે સદ્ભાવ દાખવ્યો છે, તે બદલ અમે સૌ આ જાહેર આભાર નિવિદાથી સંબંધિત સર્વેનો આભાર માનીને ઋણ સ્વિકાર કરીએ છીએ.

હસમુખભાઈ જે. દામાણી - કમલેશભાઈ એલ.દામાણી
દીપાલી - ભાવેશ શાંતીલાલ દામાણી (મસ્કત)
હીર - મેહુલ શાંતીલાલ દામાણી (રીઝલ્ટ એડ.)
અલ્કાબેન - કમલેશભાઈ પરીખ (પ્રકાશ સ્ટોર)
રૂપલબેન - નરેશભાઈ ગોટેચા (પ્લાસ્ટીક હાઉસ)
વંદિત, ક્રિશ, નિધિ, રિધ્ધી, ક્રિષ્ના, જય, યશ
તથા દામાણી પરિવારનાં જય જિનેન્દ્ર


યુનિ.રોડ જૈન સંઘના પૂર્વ ટ્રસ્ટી તથા જૈન અગ્રણી

# જયસુખભાઈ વોરા અરિહંત શરણ પામ્યાઃ શોકની લાગણી



રાજકોટ તા.૧૧

રાજકોટ યુનિ. રોડ જૈન સંઘના પૂર્વ ટ્રસ્ટી તથા લતીપુર જૈન સમાજના અગ્રણી (હાલ રાજકોટ મુળ નિવાસી લતીપુર) જયસુખભાઈ જેસંગલાલ ગોકળદાસ વોરા (ઉ.૮૬) આજે વહેલી સવારે અરિહંત શરણ પામતા જૈન સમાજ તથા પરિવારમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે.

સ્વ. જયસુખભાઈ વોરા તે હિતેશભાઈ (લતીપુર), પરેશભાઈ, વિમલભાઈ તથા વર્ષાબેન ભુપતભાઈ વોરા (અમદાવાદ)ના પિતાશ્રી તથા તેજસ, ક્રિસ, નિશાંત, નીલ, ધ્રુવી તથા આર્યના દાદા, પ્રશાંત તથા દુષ્યંતના નાના તથા સ્વ. રમણિકભાઈ (લતીપુર), લલીતભાઈ (રાજકોટ) તથા સ્વ. ગુણવંતીબેન બાલાચંદ (રાજકોટ), પુષ્પાબેન મહેન્દ્રભાઈ મહેતા (કોલકાતા)ના ભાઈ, તે વાંકાનેરવાસી સંઘવી વનેચંદ જુંજાભાઈના જમાઈ થતા હતા. તેમની અંતિમ યાત્રા બપોરે ૪ વાગે એમના નિવાસસ્થાન સૂર્યા એપાર્ટમેન્ટ, મણિયાર દેરાસર પાછળ, ચૌધરી હાઈસ્કૂલ પાસેથી નીકળશે. પરેશ વોરા (૯૨૬૫૬ ૮૪૮૪૦).




સાતમી પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલી-ધોરાજી

સ્વ.લક્ષ્મીબેન
સોમાભાઈ બગડા
સ્વ. તા. ૧૧-૫-૨૦૧૭-ધોરાજી

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી જે નાશ પામે છે
તે શરીર છે આત્મા આજીવન શાશ્વત અને અમર છે
ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુ પાસે પ્રાર્થના

લી.

સોમાભાઈ રામાભાઈ બગડા • સ્વ.દેવશીભાઈ રામાભાઈ બગડા
વિરજીભાઈ રામાભાઈ બગડા • પ્રવીણભાઈ સોમાભાઈ બગડા
દિપકભાઈ સોમાભાઈ બગડા • ધીરજભાઈ વીરજીભાઈ બગડા
હિતેશભાઈ વીરજીભાઈ બગડા
વીશાલ, ગુંજન, જીતેન, રાહુલ, રૂપેન તથા
બગડા પરિવાર

સાગર સોલંકી – મો. નં. ૯૦૩૩૪ ૫૩૩૦૪


સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# ફી વગરની અને સ્કુલ ડ્રેસ પણ આપતી સરકારી શાળાનું ૧૦૦% પરિણામ

## મનપાની સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલની તમામ ૯૭ છાત્રા પાસ : ૧૦ને એ-૧ ગ્રેડ : એકનાથ રાનડે વિદ્યાલયનું ૯૩.૧૦% રીઝલ્ટ : વિર સાવરકરનું પરિણામ ફરી ૨૦% અંદર..

રાજકોટ, તા. ૧૧

શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર કરવામાં આવેલા ધો.૧૦ના વિક્રમી પરિણામની સાથે રાજકોટ મહાપાલિકાની સરકારી શાળાએ સરકારી તંત્રનું ગૌરવ વધારતું પરિણામ આપ્યું છે. સરોજીની નાયડુ હાઈસ્કુલનું પરિણામ ફરી ૧૦૦ ટકા આવ્યું છે. તો એકનાથ રાનડે વિદ્યાલયનું ૯૩.૧૦ ટકા આવ્યું છે. જોકે વીરસાવરકર વિદ્યાલયનું પરિણામ ફરી ૨૦ ટકા અંદર જ રહ્યું છે.

હાલ સ્પર્ધાત્મક શિક્ષણના યુગમાં બોર્ડના વર્ષમાં વાલીઓ ખાનગી શાળાઓ પાછળ લાખો રૂપિયાની ફી ખર્ચે છે. ટયુશનનો પણ મોટો કારોબાર છે. પરિણામ પણ સારા આવે છે. પરંતુ તે સામે સંપૂર્ણ માન્યતાવાળા શિક્ષકોની ટીમ ધરાવતી સરકારી શાળાઓનું પરિણામ પણ નોંધપાત્ર આવી રહ્યું છે. દર વર્ષે વિદ્યાર્થીઓને મફત શિક્ષણ, પાઠય પુસ્તકો, સ્કુલ ડ્રેસ, શુઝ સહિતની ફી સુવિધા, સ્કોલરશીપ સહિતના લાભો જયાં મળે છે તે શાળાઓ કમ નથી. તેમાં પણ કોરોના કાળ બાદ વાલીઓના બજેટ કપાઈ ગયા છે. આવા સંજોગોમાં મનપા સહિતની સરકારી શાળાઓના પરિણામ સુધારવામાં આવે અને શિક્ષકો મહેનત વધારે તો ખાનગી શાળાઓની હરીફાઈ જરૂર કરી શકે તેવો મત છે.

આજના પરિણામ અંગે મહાપાલિકાએ જાહેર કરેલી વિગત મુજબ શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલની તમામ ૯૭ વિદ્યાર્થીનીઓ પાસ થતા સ્કુલનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. રાજકોટ કેન્દ્રનું પરિણામ ૮૫.૨૩ ટકા છે. સ્કુલની ૧૧ વિદ્યાર્થીનીઓએ ૧ થી ૧૦ રેન્કમાં એ-૧ ગ્રેડ મેળવ્યા છે. દિયા કાપડીયા ૯૯.૨૧ ટકા સાથે ટોપ પર છે.



### ધો.૧૦નું મનપાની હાઈસ્કુલનું ચાર વર્ષનું પરિણામ

| શાળાનું નામ | ૨૦૨૧ (માસ પ્રમોશન) | | ૨૦૨૨ | | ૨૦૨૩ | | ૨૦૨૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | બોર્ડ | શાળા | બોર્ડ | શાળા | બોર્ડ | શાળા | બોર્ડ | શાળા | સંખ્યા |
| શ્રી પી એન્ડ ટી.વી. શેઠહાઈસ્કુલ | ૧૦૦% | ૧૦૦% | ૬૫.૧૮% | ૨૫.00% | ૬૪.૬૨% | ૮૦.00% | ૮૨.૫૬% | ૭૮.૭૮% | ૩૩ |
| શ્રીમતી સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ | ૧૦૦% | ૧૦૦% | ૬૫.૧૮% | ૭૬.૭૮% | ૬૪.૬૨% | ૮૩.૩૩% | ૮૨.૫૬% | ૧૦૦% | ૯૭ |
| શ્રી એકનાથ રાનડે વિદ્યાલય | ૧૦૦% | ૧૦૦% | ૬૫.૧૮% | ૫૮.૦૬% | ૬૪.૬૨% | ૫૦.00% | ૮૨.૫૬% | ૯૩.૧૦% | ૨૯ |
| શ્રી મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલય | ૧૦૦% | ૧૦૦% | ૬૫.૧૮% | ૫૦.00% | ૬૪.૬૨% | ૫૦.00% | ૮૨.૫૬% | ૪૫.૯૫% | ૩૭ |
| શ્રી મુરલીધર વિદ્યામંદિર | ૧૦૦% | ૧૦૦% | ૬૫.૧૮% | ૨૭.૫૮% | ૬૪.૬૨% | ૩૬.૫૮% | ૮૨.૫૬% | ૫૫.૧૭% | ૨૯ |
| શ્રી વીરસાવરકર વિદ્યાલય | ૧૦૦% | ૧૦૦% | ૬૫.૧૮% | ૧૮.૧૮% | ૬૪.૬૨% | ૧૮.૪૨% | ૮૨.૫૬% | ૧૯.૨૩% | ૨૬ |

આ જ રીતે શેઠ હાઈસ્કુલના પરિણામની વાત કરીએ તો ૩૩માંથી ૨૬ વિદ્યાર્થી પાસ થતા શાળાનું પરિણામ ૭૮.૭૮ ટકા આવ્યું છે. એ-૨ ગ્રેડમાં ૧, બી-૧માં ૮ અને બી-૨માં પણ ૮ છાત્ર સ્થાન પામ્યા છે. હાઈસ્કુલના વિવેક ભુપતાણીને ૯૨.૫૮ પીઆર, ઉદય નિમાવતને ૮૪.૬૨, અમિત કોબીયાને ૮૩.૧૪ પીઆર આવ્યા છે.

અન્ય શાળાઓમાં એકનાથ રાનડે વિદ્યાલયનું પરિણામ સુધરીને ૯૩.૧૦ ટકા, મુરલીધર વિદ્યામંદિરનું ૫૫.૧૭ ટકા આવ્યું છે. મહારાણી લક્ષ્મીબાઈ કન્યા વિદ્યાલયનું પરિણામ ૪ ટકા ઘટીને ૪૫.૯૫ ટકા આવ્યું છે તો વીર સાવરકર વિદ્યાલયનું પરિણામ સતત ત્રીજા વર્ષે ૨૦ ટકા અંદર એટલે કે ૧૯.૨૩ ટકા જ આવ્યું છે.

### શેઠ હાઈસ્કુલનું પરિણામ

| નામ | પી.આર | ટકાવારી |
|---|---|---|
| ભુપતાણી વિવેક | ૯૨.૫૮ | ૮૬.00 |
| નિમાવત ઉદય | ૮૪.૬૨ | ૭૯.૬૬ |
| કોબીયા અમિત | ૮૩.૧૪ | ૭૮.૬૬ |

### સરોજીની નાયડુ સ્કુલ

| ગ્રેડ | નામ | પી.આર |
|---|---|---|
| એ-૧ | કાપડીયા દિયા | ૯૯.૨૧ |
| એ-૧ | ઉમરાણીયા ક્રિશા | ૯૯.૦૭ |
| એ-૧ | જગતીયા દ્રષ્ટિ | ૯૮.૮૨ |
| એ-૧ | કારેલીયા તન્વી | ૯૮.૬૫ |
| એ-૧ | કુશવાહા શિવાની | ૯૮.૩૬ |
| એ-૧ | ચાવડા નંદનીબા | ૯૭.૪૦ |
| એ-૧ | થોરીયા ચાંદની | ૯૭.૪૦ |
| એ-૧ | હાડા પૂજા | ૯૬.૫૧ |
| એ-૧ | સોમૈયા અંકિતા | ૯૫.૩૯ |
| એ-૧ | ગોહેલ ધિમહી | ૯૫.૨૪ |
| એ-૧ | અંસારી જૈનબ | ૯૫.૦૮ |

### લખનૌમાં એક કાર્યક્રમમાં કોંગ્રેસ નેતાની કબુલાત

# રાહુલ ગાંધીએ કબુલ્યું, કોંગ્રેસે પણ ભુલો કરી છે, પાર્ટીમાં ફેરફારના સંકેત આપ્યા

## જો કે પાર્ટીએ શું ભુલો કરી છે તેનો ઉલ્લેખ ન કર્યો: મોદી સાથે ડિબેટ કરવા તૈયાર છું, પણ તે નહીં કરે: રાહુલ

લખનૌ તા.૧૧

અત્રે એક જનસભાને સંબોધતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એક વાત એવી કરી જેની ઘણી રાજનીતિક ચર્ચા થઈ રહી છે. રાહુલ ગાંધીએ એવી કબુલાત કરી હતી કે તેમની પાર્ટીએ પણ ભુલો કરી છે અને ભવિષ્યમાં તેની રાજનીતિ બદલવી પડશે. જો કે રાહુલ ગાંધીએ એ વાતનો ઉલ્લેખ નહોતો કર્યો કે તેની પાર્ટીએ શું ભુલો કરી છે.



લખનૌમાં ઈન્દિરા ગાંધી પ્રતિષ્ઠાનમાં સમૃદ્ધ ભારત ફાઉન્ડેશન રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે રાજનીતિમાં બે પ્રકારના લોકો હોય છે. એક સવાર-સાંજ સતા માટે દોડતા હોય છે, સચ્ચાઈ નથી સ્વીકારતા, બસ કોઈપણ રીતે સતામાં આવી જાય, તેમાં લાગ્યા રહેતા હોય છે. બીજા લોકો એવા હોય છે જેમને સચ્ચાઈ દેખાતી હોય તેનો સ્વીકાર કરે છે, આંબેડકર, ગાંધી, બુદ્ધ, પેરિયારે આમ કરેલું.

પીએમ પર નિશાન સાધતા રાહુલે જણાવ્યું હતું કે હું પીએમ સાથે ડીબેટ કરવા તૈયાર છું પણ પીએમ મારી સાથે ડીબેટ નહીં કરે. રાહુલે કહ્યું હતું કે દેશની ૯૦ ટકા વસ્તી એસટી/એસસી, ઓબીસી, દલિત, આદિવાસી, લઘુમતી અને સામાન્ય સમુદાયતા ગરીબોની છે. આ ૯૦ ટકાને સમાન ભાગીદારી નથી અપાતી. જો દેશને મજબૂત બનાવવા છે તો ૯૦ ટકાને સામેલ કરવા પડશે. શું આપ ૧૦ ટકા વસ્તીને મહાશક્તિ બનાવવા માંગે છે?

# મેટોડાના યુવાન પર પૈસાની લેતી-દેતીમાં બેટ અને તીક્ષ્ણ હથિયારથી હુમલો : બે સામે ગુનો દાખલ

## રાજકોટના ભીમરાવનગર ચોક ખાતે બનેલો બનાવ, દીપકભાઈ ચુડાસમાએ સીતાજી ટાઉનશીપમાં રહેતા વસીમ અને તેના પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી

રાજકોટ, તા.૧૧

મેટોડાના યુવાન પર રાજકોટના ભીમરાવનગર ચોકમાં પૈસાની લેતી-દેતીમાં બેટ અને તીક્ષ્ણ હથિયારથી હુમલો થયાના બનાવમાં પિતા-પુત્ર સામે ગુનો દાખલ થયો છે.

ફરિયાદી દીપકભાઈ પોલાભાઈ ચુડાસમા (ઉ.વ. ૪૨, રહે.મેટોડા જીઆઈડીસી જ્યોતિ સીએનસીની સામે ચંદ્રપાર્ક શે.નં.૧)એ ફરિયાદમાં જણાવ્યું કે, હું છૂટક ભંગાર લે-વેચનો ધંધો કરું છું. મેટોડામાં મારી પત્ની અને બે દીકરી સાથે રહું છું. ગઈ તા.૮ના રોજ રાત્રીના આશરે ૧૧ વાગ્યા આસપાસ મને મારા મિત્ર ઈકબાલભાઈનો ફોન આવેલ અને મને ભીમરાવનગર ચોક નાનામવા રોડ ઉપર આવેલ જોકર ગાંઠીયા ખાતે બોલાવેલ. હું જીવરાજ પાર્ક નજીક સીતારામ ચોક પાસે હાજર હતો. ત્યાંથી ભીમરાવનગર ચોક ખાતે આવેલ જોકર ગાંઠીયા પાસે પહોંચેલ. ત્યાં મિત્ર ઈકબાલભાઈનો સાળો વસીમ હાજર હોય અને મેં આ વસીમ પાસેથી પૈસા લીધેલ હોય જે તેને પરત કરવાના હોય જેનો ખાર રાખી આ વસીમ મને અપશબ્દો કહેવા લાગ્યો. તેના હાથમા બેટ હતું. તેના વડે મને માર મારવા લાગેલ. હું વસીમના ઘર પાસે સીતા ટાઉનશીપ પાસે જતા ત્યાં વસીમના પિતાજી હાજર હોય જેઓને આ બાબતે કહેવા જતા વસીમના પિતાજીએ પણ મારી સાથે ઝઘડો કરેલ અને મારી છાતીના ભાગે કોઈ તીક્ષ્ણ હથિયાર વડે મારતા મેં બૂમાબુમ કરતા માણસો ભેગા થઈ જતા આ વસીમના પિતા ત્યાંથી જતા રહેલ અને ત્યાં હાજર માણસો પૈકી કોઈએ ૧૦૮માં ફોન કરતા એમ્બ્યુલન્સ વાન આવી જતા મને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ હતો. આ અંગે રાજકોટ તાલુકા પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૪, ૫૦૪, ૧૧૪ અને એટ્રો સિટીની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હવાઈ માર્ગે દિલ્હી જવું વધુ મોંઘુ; એરફેરમાં એકાએક ત્રણ ગણો વધારો

## ડેઈલી દિલ્હી જતી બંને ફલાઈટો ફુલ: આજનું એરફેર ૧૯ હજાર અને કાલે રૂા.૨૪ હજાર: ઉનાળુ વેકેશનની રજા અને ચારધામ યાત્રાનાં પગલે મુસાફરોની સંખ્યા વધતા એર લાઈન્સ કંપનીઓએ ભાડુ આસમાને પહોંચાડયું: પ્રવાસીઓ નારાજ

રાજકોટ તા.૧૧

લોકસભાની ચૂંટણીમાં મતદાનની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ઉનાળુ વેકેશનની રજા પડતાની સાથે રેલ, બસ, હવાઈ સેવામાં યાત્રીકોનો મોટો ધસારો જોવા મળી રહ્યો છે. સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટથી લાંબા અંતરની ટ્રેનો ૧૫ જુલાઈ સુધી ફુલ છે તો બીજી તરફ હવાઈ મુસાફરોની સંખ્યામાં વધારો થતા તકનો લાભ લઈ એર લાઈન્સ કંપનીઓએ દિલ્હી એરફેરમાં તોતીંગ વધારો ઝીંકી દીધો છે. રાજકોટ-દિલ્હીની સીધી હવાઈ સેવાનું એરફેર દિન પ્રતિદિન ઉંચકાઈ રહ્યું છે આજે શનિવારે એર ઈન્ડિયાની દિલ્હી ફલાઈટનું એરફેર રૂા.૧૯ હજાર છે તો ઈન્ડિગોનું રૂા.૧૮ હજાર પહોંચ્યું છે. કાલે રવિવારે આ બંને ફલાઈટનું એર ફેર રૂા.૨૪ હજાર સુધી પહોંચ્યું છે.




ઉનાળુ વેકેશન સાથે ચાર ધામ યાત્રાનો શુભારંભ થથા રાજકોટ-દિલ્હી જવા યાત્રીકોની સંખ્યામાં વધારો થતા ડેઈલી દિલ્હીની બંને ફલાઈટો ફુલ ઉડી રહી છે. દિલ્હીના એર ફેરમાં ત્રણ ગણો વધારો થયો છે. સામાન્ય દિવસોમાં રૂા.૬થી ૭ હજારમાં જતા પ્રવાસીઓને હાલ ત્રણ ગણુ બમણુ એરફેર ચુકવવાની નોબત આવી છે.

હાલ રાજકોટના હિરાસર સ્થિત ઈન્ટરનેશનલ એરપોર્ટથી દિલ્હી જવા ડેઈલી બે સીધી ફલાઈટનું ઉડ્ડયન શરૂ છે જે બંને ફલાઈટ રાત્રે ૮ કલાકે ટેક ઓફ થઈ રહી છે. જેમાં પ્રવાસીઓનો ધસારો રહેતા બંને ફલાઈટ ફુલ ઉડી રહી છે. તકનો લાભ લઈ એરલાઈન્સ કંપનીઓએ એરફેર આસમાને પહોંચાડયું છે જે કારણે હવાઈ માર્ગે દિલ્હી જવું વધુ મોંઘુ બન્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દિલ્હીને બાદ કરતા મુંબઈ, પૂના, હૈદરાબાદ, ગોવાનાં એરફેરમાં ખાસ વધારો નથી માત્ર દિલ્હીનું જ એરફેર આસમાને પહોંચ્યુ છે.

# આજી વસાહતમાં કામ પર ગયા બાદ ૧૭ વર્ષીય સગીર ભેદી રીતે ગુમ

## થોરાળા પોલીસે અપહરણની કલમ હેઠળ ગુનો નોંધી સગીરની શોધખોળ આદરી

રાજકોટ, તા.૧૧

આજી વસાહતમાં આવેલ કારખાનામાં કામ પર ગયેલ ૧૭ વર્ષીય સગીર ભેદી રીતે ગુમ થતાં થોરાળા પોલીસે ગુનો નોંધી સગીરની શોધખોળ આદરી હતી.

બનાવ અંગે આજી વસાહતમાં રહેતા ૪૦ વર્ષીય યુવકે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે. તેમજ તેઓ શાકભાજીનો ધંધો કરે છે. ગઇ તા.૯ના સવારના સમયે તેઓ શાકભાજીની લારી કાઢી ફેરી કરવા ગયા હતા ત્યારે તેમનો ૧૭ વર્ષીય પુત્ર મેહુલ ઈમીટેશનના કારખાનામાં કામ પર ગયેલ હતો. બાદમાં તેઓ સાંજના સમયે ઘરે હતા ત્યારે મેહુલ ઘરે આવેલ નહીં જેથી મોડુ થઇ જતાં આસપાસના વિસ્તારમાં તપાસ કરતાં તેની ભાળ મળેલ ન હતી તેમજ તે જે કારખાનામાં કામ પર જાય છે ત્યાં પણ તપાસ કરતાં ત્યાંથી જાણવા મળેલ કે તમારો પુત્ર બપોર બાદ કામ પર આવેલ જ નથી. બાદમાં પરિવારજનો તેની શોધમાં નીકળતા તેમનો કોઇ પત્તો લાગ્યો ન હતો. જેથી તેમના સગીર પુત્રને કોઇ અજાણ્યા શખ્સ અપહરણ કરી લઇ ગયાની ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી પીએસઆઇ એમ.એસ. મહેશ્વરી અને સ્ટાફે શોધખોળ આદરી હતી.

# છરી સાથે રોફ જમાવી વિડીયો વાયરલ કરનાર મેઘમાયાનગરના સાવન ચાવડાની ધરપકડ

## વિડીયો વાયરલ થતાં જ માલવીયાનગર પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી

રાજકોટ. તા.૧૧

સોશિયલ મીડિયામાં વાયરલ થવાં યુવાનો જાહેરમાં હથિયારો સાથે રિલ્સ બનાવી પોતાનો જીવ તો જોખમમાં મૂકે છે અને સાથે સાથે અન્ય લોકોને પણ હની પહોંચે તેવા કૃત્ય કરી વિડીયો વાયરલ કરતાં હોય છે. ગઈકાલે મવડી વિસ્તારમાં છરી સાથે રોફ જમાવી વિડીયો વાયરલ કરનાર મેઘમાયાનગરના સાવન ચાવડાની માલવીયાનગર પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી. બનાવ અંગે માલવીયાનગર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ અજયભાઈ વિકમાએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગઈકાલે કોન્સ્ટેબલ ભાવેશ ગઢવી સહિતનો સ્ટાફ પોલીસ મથકે હાજર હતો ત્યારે એક ખાનગી ચેનલ પર એક વિડીયો અપલોડ થયેલ જેમાં જાહેર રોડ



પર ખુલ્લી છરી રાખી વીડીયો બનાવી વાયરલ થયેલ હોવાનું જોવામાં આવતા કાયદેસર કાર્યવાહી કરવા પીઆઈ જે. આર. દેસાઈએ સૂચના આપતાં વાયરલ વીડીયોમાં દેખાતા વ્યક્તિને શોધવા માટે ટીમ કામે લાગી હતી.

દરમિયાન બાતમી મળેલ કે, સોશીયલ મીડિયામાં વાયરલ થયેલ શખ્સ સાવન ચાવડા હોવાનું અને તે રાજનગર ચોક મેઘમાયાનગરમાં રહેતો હોવાનુ જાણવા મળતા ઘરે જઈ આરોપી સાવન વિરેન્દ્ર ચાવડા (ઉ.વ.૨૪) ની ધરપકડ કરી પૂછપરછ કરતાં છરી સાથેનો વાયરલ થયેલ વિડીયો ગઇ તા. ૦૮ ના રાત્રીના સમયે મોબાઇલ ફોનમાં ઉતારી પોતાના મીત્રને ઇન્સ્ટાગ્રામ મારફતે મોકલતા તેના મીત્રએ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં સ્ટોરીમાં વિડિયો અપલોડ કરી ડીલેટ કરી નાખેલ હતો. પોલીસે વિડીયોમાં દેખાતી છરી કબ્જે કરી આરોપી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

# રાજકોટમાં આજે પણ કાળઝાળ ગરમી : બપોરે તાપમાં બહાર નીકળવું પણ મુશ્કેલ

## ટોપી-ચશ્મા-છત્રીનો સહારો: આઈસ્કીમ, ઠંડાપીણા, શરબત, શેરડીનાં રસની માંગ વધી

રાજકોટ,તા.૧૧

ચાલુ સપ્તાહનાં અંતિમ દિવસોમાં ગરમીમાં આંશીક ઘટાડા સાથે થોડી રાહત સાથે બપોરે કાળઝાળ ગરમીમાં રાજકોટવાસીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે.ચાલુ સપ્તાહમાં ગત બુધ-ગુરૂવારે પારો ૪૨ ડિગ્રીએ પહોંચતા રાજકોટવાસીઓ આકરા તાપમાં શેકાયા બાદ છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો ૪૦ ડિગ્રી રહેતા ગરમીથી જનજીવન પ્રભાવીત થયું છે. રાજકોટ મહાનગરમાં ગઈકાલે મહત્તમ તાપમાન ૪૦.૭ ડિગ્રી નોધાયા બાદ આજે બપોરે મહત્તમ તાપમાન ૩૯.૪ ડિગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ ૨૬ ટકા સાથે પવનની ગતિ સરેરાશ ૧૦ કિ.મી.નોધાઈ છે. બપોરે ૪૦ ડિગ્રી સાથે રાજમાર્ગો સુમસામ લાગતા જોવા મળ્યા હતાં.બપોરે પારો ૪૦ ડિગ્રીએ પહોંચતા લોકો ઘર-ઓફિસ કામ સિવાય બહાર નીકળવાનું ટાળી રહ્યા છે.

બપોરે આકરા તાપથી બચવા ટોપી, ચશ્મા, છત્રી, મોઢે રૂમાલ બાંધી, નીકળવું ફરજીયાત બન્યુ છે. તાપ સામે રક્ષણ મેળવવા રાજકોટવાસીઓ આઈસ્કીમ, ઠંડાપીણા, શરબત, શેરડીના રસનો સહારો લઈ રહ્યા છે. ગરમીથી જનજીવન પશુપંખીઓ પ્રભાવીત થયા છે.

# શાપરમાં સોસાયટીનો દરવાજો બંધ કરવા મામલે વૃધ્ધા પર અજાણ્યાં શખ્સોનો ધોકાથી હુમલો

## શાંતીધામ સોસાયટીમાં વૃધ્ધ ગીતાબાના પુત્રએ સોસાયટીનો ગેટ બંધ કરી દેતાં પાડોસીઓએ મારમાર્યો: ઈજાગ્રસ્તને રાજકોટ સારવારમાં ખસેડાયા

રાજકોટ. તા.૧૧

શાપરમાં સોસાયટીનો દરવાજો બંધ કરવા મામલે ૬૫ વર્ષીય વૃધ્ધા પર પાડોશી અજાણ્યાં શખ્સોએ ધોકાથી હુમલો કરતાં સારવારમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત વિગત મુજબ, શાપરમાં શાંતીધામ સોસાયટીમાં રહેતાં ગીતાબા રઘુવીરસિંહ ઝાલા (ઉ.વ.૬૫) પોતાના ઘર પાસે હતાં ત્યારે ધસી આવેલા અજાણ્યાં શખ્સોએ ઝઘડો કરી ધોકાથી હુમલો કરતાં વૃધ્ધાને ઇજાગ્રસ્ત હાલતમાં સારવારમાં અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરવામાં આવી હતી. વધુમાં મળેલ વિગત મુજબ, ઇજાગ્રસ્ત જે સોસાયટીમાં રહે છે ત્યાં ઢોર ઘુસી જતાં હોવાથી તેમના પુત્રએ સોસાયટીનો ગેટ બંધ કરી દિધો હતો. જેથી પડોસીઓએ તે વાંધો લઈ તેમની સાથે ઝઘડો કરતાં વૃધ્ધા વચ્ચે પડી સમજાવવા જતાં તેઓને માર પડ્યો હતો. બનાવ અંગે શાપર પોલીસે ઇજાગ્રસ્તનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

# પ્રેમી ભગાડીને લઈ ગયા બાદ શંકર ટેકરીની ૧૬ વર્ષીય સગીરાએ ઝેરી દવા પી આપઘાત કર્યો

## અંધશ્રદ્ધા : પરિવારજનોને જાણ થતાં સગીરાને હોસ્પિટલના બદલે પલાસ ગામે મંદિરે લઈ ગયા'તા: મોરબી નજીક પહોંચતા દમ તોડી દીધો: કચ્છમાં રહેતા પ્રેમીએ પણ ઝેરી દવા પીધી હતી, સગીરાનો મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો

રાજકોટ, તા.૧૧

પ્રેમી ભગાડીને લઈ ગયા બાદ જામનગરની શંકર ટેકરીની ૧૬ વર્ષીય સગીરાએ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. સગીરાએ દવા પીધા બાદ અંધશ્રદ્ધામાં ગળાડૂબ પરિવારજનોને જાણ થતાં સગીરાને હોસ્પિટલના બદલે પલાસ ગામે મંદિરે લઈ ગયા હતા, ત્યાંથી પરત મોરબી નજીક પહોંચતા દમ તોડી દીધો હતો. મૃતદેહ ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડાયો હતો.

મળતી વિગત મુજબ, મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ધનજીભાઇ ખેતાભાઇ વાઘેલા (ઉ.વ.૪૫, રહે. મકનસર ગામની સીમ, બાબુભાઈ રાજાભાઇ પરમારની વાડીએ ઝુંપડામાં તા.જી. મોરબી મુળ રહે.આડેસર ગામ, તા.રાપર જી.કચ્છ)એ જાણ કરેલ કે, ગઇકાલ તા.૧૦ના સવારના આશરે સાડા અગીયારેક વાગ્યા વખતે પોતાના સગા સાળા રવાભાઈ ભાણજીભાઈ આદ્રોજીયા, મારી સગી બહેન અમરીબેન રણછોડભાઇ આવોજીયા તથા કાકાની દિકરી બેન, મંજુબેન કરશનભાઇ આવેજીયા, સગા કાકા રૂપાભાઇ દેવાભાઇ વાઘેલા એક ઇકો કારમાં મૃતક હેતલબેન વાલજીભાઇ ચાવડા (ઉ.વ.૧૬, રહે.જામનગર, શંકર ટેકરી સુભાષપરા - ૨ છંદ મસ્જીદ પાસે દાળીયા વાળાની દુકાન) લાશ પોતાના ઝુંપડે લઇ આવેલ જેથી આ બાબતે પુછતા પોતાના જમાઇ ભરતભાઇ રણછોડભાઈ આદ્રોજીયાને મૃતક હેતલબેન સાથે પ્રેમસબંધ હોય જેથી જમાઇ ભરત હેતલને તા.૮ના રાતના જામનગરથી આડેસર ખાતે ભગાડીને લઇ આવેલ હોય તા.૧૦ના વહેલી સવારે આડેસર ભરતભાઈના રહેણાંક મકાને બંન્નેએ ઝેરી દવા પી લેતા બંનેને ઝેરી દવાની અસર થતા આડેસરથી માટેલ પલાસ ગામે માતાજીએ લઇ આવતા હતા ત્યારે સુરજબારી પુલ નજીક પહોંચતા હેતલબેનનું મોત થયું હતું. ભરત જીવતો હોય જેથી તેને પલાસ ગામે માતાજીએ કારકી(ચોકી) બંધાવવા બીજા લોકો લઇ ગયેલા છે. મોડી સાંજ થવા છતા ભરતને લઇ ગયેલ લોકો પાછા આવેલા નહીં અને આ બાબતનીબજાણ હેતલબેનના સગાને થતા પોતાના ઝુંપડે આવેલ.

પોલીસે લાશનુ પેનલથી ડોકટરથી પી.એમ. કરવા મોરબી સરકારી હોસ્પિટલના ફરજ પરના ડોકટરે રીપોર્ટ આપતા શંકાસ્પદ જાતીય હુમલો તથા અકુદરતી મોત થયેલ હોવાનું જણાવી લખી આપી મરણ જનારના મોતનું ચોકકસ કારણ જાણવા ફોરેન્સિક એકસપર્ટ ડોકટર દ્વારા લાશનું પી.એમ કરાવવું જરૂરી હોય ફોરેન્સિક એકસપર્ટ દ્વારા પી.એમ. કરાવવા લાશ રાજકોટ ફોરેન્સિક સાયન્સ મેડીકલ કોલેજમાં રીફર કરાઈ હતી.

# પત્નીએ કપડા ધોવાની ના પાડતા ગૃહકલેશ થયો : જમાઈને સાળા-સસરાએ ફટકાર્યો

## ગંજીવાડા શેરીનો બનાવ : પાવડા અને ધોકાથી થયેલા હુમલામાં ઘવાયેલા હરજી ગોહેલને સારવારમાં ખસેડાયો : થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી


રાજકોટ, તા. ૧૧

ગંજીવાડા શેરીમાં પત્નીએ કપડા ધોવાની ના પાડતા દંપતિ વચ્ચે ગૃહકલેશ થયો હતો. બાદમાં પત્ની રીસામણે ચાલી જતા ઉશ્કેરાયેલા સાળા અને સસરાને જમાઇને પાવડા અને ધોકાથી ફટકારતા ગંભીર ઇજા પહોંચેલ હતી. યુવકને સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે થોરાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે ખોડીયાર ચોક પાસે ગંજીવાડા શેરી નં.૬૫માં રહેતા હરજીભાઇ ઉર્ફે નિર્મળભાઇ વિનુભાઇ ગોહેલ (ઉ.વ.૩૭)એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે અનિલ ધીરૂ દેગામા અને ધીરૂ દેગામાનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ રીક્ષા ડ્રાઇવીંગ કરી પરિવાર ગુજરાન ચલાવે છે. ગઇકાલે રાત્રી ૧૧ કલાકની આસપાસ ઘરે હતા ત્યારે તેઓએ પત્નીને કપડા ધોવા માટે કહેલ તો તેણીએ કપડા ધોવાની ના પાડતા તે અંગે પુછતા તેણીએ જણાવેલ કે આપણા લગ્ન થયા ત્યારે મારી માતાએ કામ ન કરવાની બોલી કરેલ હતી. તેમ કહી બોલાચાલી કરવા લાગેલ હતી તેમજ તેમની બાજુમાં જ તેઓના સસરા રહેતા હોય જેથી તેમની પત્ની માવતર જતી રહી હતી.

બાદમાં તેઓ તેમની પત્નીને બોલાવવા ઘરની બહાર નીકળેલ ત્યાં તેમનો સાળો અનિલ દેગામા હાથમાં પાવડો અને સસરા ધીરૂ દેગામા ધોકો લઇ શેરીમાં ધસી આવેલ અને બોલાચાલી કરી ગાળો આપવા લાગેલ હતા. દરમ્યાન અનિલ અને તેના સસરા ધીરૂએ પાવડા અને ધોકાથી હુમલો કરી દીધો હતો. બનાવમાં તેઓને લોહી નીકળવા લાગતા બંને શખ્સો નાસી છુટયા હતા. બાદમાં ઇજાગ્રસ્ત યુવકને ૧૦૮ મારફતે સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ હતો. બનાવ અંગેની ફરિયાદ પરથી થોરાળા પોલીસે ગુનો નોંધી આરોપી પિતા-પુત્રની શોધખોળ હાથ ધરી હતી.

# બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટરના યુવકનું બીમારી સબબ મોત



રાજકોટ, તા.૧૧

બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટરમાં રહેતાં યુવકનું બીમારી સબબ મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. બનાવની વિગત મુજબ વિજય બચુભાઈ ગોહેલ (ઉ.વ.૪૫ રહે. ૧૫૦ ફુટ રિંગ રોડ બાલાજી હોલ પાછળ આરએમસી કવાર્ટર) ગઈ કાલ રાત્રિના પોતાનાં ઘરે બેભાન થઈ જતાં તેને તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર કારગત નીવડે તે પહેલા તેણે દમ તોડી દીધો હતો. મૃતકને ફેફસાંની બીમારી હતી. વિજય છ ભાઈ અને એક બહેનમાં નાનો હતો. સંતાનમાં ત્રણ દિકરા હોવાનું પરીવારજનોએ જણાવ્યું હતું.

# અંકિત અને ગોલ્ડન ઈન્ડસ્ટ્રીઝમાં સીટીઝન પોર્ટલમાં નોંધણી કર્યા વગર શ્રમિકોને કામ પર રાખ્યા

## કારખાનાના માલિકો સામે આજીડેમ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો

રાજકોટ, તા.૧૧

સાંઇબાબા સર્કલ પાસે આવેલ અંકિત અને ગોલ્ડન ઇન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ કારખાનામાં સીટીઝન પોર્ટલમાં નોંધણી કર્યા વગર શ્રમિકોને કામ પર રાખનાર કારખાનાના માલિકો સામે આજીડેમ પોલીસે ગુના નોંધી કાર્યવાહી કરી હતી.

શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, એડી. પો.કમિ. વિધી ચૌધરીએ શહેરમાં બનતા લૂંટ, ધાડ, ખુન અને અપહરણના બનાવો અટકાવવા માટે શ્રમિકોને કારખાનામાં કામે કે મકાન ભાડે આપતા પહેલા માલિકોએ સિનિયર સીટીઝન પોર્ટલમાં નોંધણી કરાવવા માટેનું જાહેરનામુ બહાર પાડેલ હોવા છતાં સાંઇબાબા સર્કલ પાસે આવેલ ગોલ્ડન ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં એમટેક પેકવેલ નામના કારખાનામાં કામ કરતાં શ્રમિકોની સિનિયર સીટીઝન પોર્ટલમાં નોંધણી કરાવેલ ન હોવાથી આજી ડેમ પોલીસ મથકના સ્ટાફે કારખાનાના માલિક કલ્પેશ નાથા વસોયા (રહે. સત્ય સાંઇ હોસ્પીટલ રોડ, આસોપાલવ રેસીડેન્સીની બાજુમાં) વિરુધ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. તેમજ સાંઇબાબા સર્કલ પાસે આવેલ અંકિત ઇન્ડ. એરીયામાં મારુતી ઇન્ડ. નામના કારખાનામાં પણ કામકરતા શ્રમિકોની નોંધણી સીટીઝન પોર્ટલમાં કરેલ ન હોવાનું આજી ડેમ પોલીસની ટીમે તપાસ કરતાં જાણવા મળતા કારખાનાના માલિક રાજ વિપુલ ચૌહાણ (રહે. ક્રિષ્ના બંગ્લોઝ, શેરી નં.૩, માધાપર ચોકડી) વિરુધ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

### મેન્ડેટની ખબર નથી, પાર્ટી વિરોધી કોઇ કાર્ય કર્યું નથી, ભાજપનો જ કાર્યકર છું

# સામાજીક-ધાર્મિક સંગઠનના નેતા રાજકારણથી દુર રહે અથવા ખુલ્લામાં આવેઃ રાદડીયાની ચેલેન્જ

### ખોડલધામ ટ્રસ્ટીનું નામ લીધા વગર પ્રહારઃ સામાજીક નેતા, રાજકારણ કરવા લાગે તો સમાજનું પતન થાયઃ 'હું પોતે સમાજ અને રાજકારણ બન્નેમાં છું છતાં બન્નેના કામ જુદા રાખું છું'



### ગેરશિસ્ત મામલે વિરોધીઓના આક્ષેપોનો જવાબ દેવાની જરૂર નથીઃ લાખો ખેડૂતો-સભાસદોએ ભરોસાનું પ્રમાણપત્ર આપી જ દીધું છે

રાજકોટ, તા.૧૧

દેશની ટોચની સહકારી સંસ્થા ઇફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારને હરાવીને વટભેર વિજય હાંસલ કરનાર રાજકોટના સહકારી નેતા અને ધારાસભ્ય જયેશ રાદડીયાએ આજે સમાજ અને ધાર્મિક સંગઠનના નેતાઓ સામે આકરા પ્રહાર કર્યા હતા અને પોતાની ચૂંટણી જીત વિશે સ્પષ્ટ વાત કરી હતી.

ઇફકોની ચૂંટણીમાં વિજેતા થયા બાદ રાજકોટ આવેલા જયેશ રાદડીયાએ ચર્ચાસ્પદ બનેલા મુદ્દાઓ વિશે જણાવ્યું હતું કે ઇફકો એ રાષ્ટ્રીય લેવલની સંસ્થા છે. છેલ્લી બોર્ડ મીટીંગમાં જ નિર્ણય લઇને તમામ ડાયરેકટરોએ એક સાથે ફોર્મ ભરી દીધા હતા અને ભાજપ દ્વારા મેન્ડેટ પછી જાહેર કરાયો હતો જે વિષે પોતે વાકેફ ન હતા. ફોર્મ ભર્યા બાદ પોતે લોકસભાની ચૂંટણીના પ્રચારમાં લાગી ગયા હતા. ૭મી મે સુધી પોરબંદર બેઠકના ઉમેદવાર મનસુખ માંડવીયા તથા પાર્ટીએ સોંપેલી જવાબદારી પૂર્ણ કરવામાં જ વ્યસ્ત રહ્યા હતા. પોતે કોઇ પાર્ટી વિરોધી કાર્ય કર્યું નથી. ઇફકોમાં પોતે જીત્યા તો પોતે પણ ભાજપના જ કાર્યકર છે. પોતે અન્ય કોઇ પાર્ટીના ઉમેદવારને સમર્થન આપ્યું હોય તો ગેરશિસ્ત ગણાય પરંતુ આ પ્રકરણમાં આવી કોઇ વાત ઉપસ્થિત થતી નથી.

તેમણે કહ્યું કે સહકારી માળખુ રાજકારણ કરતાં સાવ અલગ છે સહકારી ક્ષેત્ર પર લાખો ખેડૂતો-સભાસદોનો ભરોસો છે અને એ મેં જીત્યો છે. ખેડૂતોના હિત માટે જ સહકારી ક્ષેત્ર કામકાજ કરે તે પોતાની જીત માટે લાખો સભાસદો જ આભારી છે.

ઇફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર અને તમારા વચ્ચેની લડાઇ વખતે લેઉવા પાટીદાર સમાજની સંસ્થા ખોડલધામના ટ્રસ્ટીએ બીપીન પટેલની તરફેણ કરી હોવાના સવાલ વિશે જયેશ રાદડીયાએ જણાવ્યું હતું કે કોઇપણ સંસ્થા કે સંગઠને મારા વિરુધ્ધ કાર્ય કર્યું હોય તેવું મારા ધ્યાનમાં તો નથી પરંતુ સ્પષ્ટપણે એવું માનું છું કે સામાજીક કે ધાર્મિક સંગઠનના નેતાઓએ રાજકારણથી દુર રહેવું જોઇએ અથવા રાજકારણ કરવું જ હોય તો ખુલ્લેઆમ મેદાનમાં આવી જવું જોઇએ હું પોતે પણ સામાજિક અને રાજકારણ બંને ક્ષેત્ર સાથે સંકળાયેલો છું. પરંતુ બંને વચ્ચે અંતર રાખ્યું છે. સમાજનું કામ કરતો હોઉં તો રાજકારણને બાજુએ રાખી દઉં છું. સામાજિક સંગઠનના નેતાઓએ આ વાત સમજી લેવી જોઇએ અન્યથા સમાજ સાથે રાજકારણની દખલગીરી થાય તો સમાજનું પતન થઇ જતું હોય છે.

ભાજપ સામે બળવો કરીને જીત્યા હોવાના વિરોધીઓના આક્ષેપ મુદ્દે તેઓએ કહ્યું કે આવા આક્ષેપોનો જવાબ દેવાની કોઇ જરુર લાગતી નથી. પોતે કોઇ વિરોધી પાર્ટીના ઉમેદવારને જીતાડયા નથી. હું પોતે જ જીત્યો છું અને હું પોતે જ ભાજપનો શિસ્તબધ્ધ કાર્યકર છું ત્યારે શિસ્તભંગની વાત ઉપસ્થિત થતી નથી.

### સહકારી ક્ષેત્રે હજુ 'ઇલુ-ઇલુ' ચાલે જ છે

## ઇફકોમાં બીપીન પટેલની હાર એ ભાજપનો પરાજયઃ ઉમેદવાર-મતદારો સામે પગલા લ્યોઃ બાબુ નશીતની સટાસટી

### ડાયાભાઇ પટેલ, પિરજાદા, ગઢિયાના નામ લઇને રાદડીયા સામે આડકતરો સવાલ

### ભ્રષ્ટાચાર-કૌભાંડની તપાસ ચાલતી હોય તેવી સંસ્થાના હોદેદારોને ઘરભેગા કરોઃ પાટીલ સમક્ષ માંગ

રાજકોટ, તા.૧૧

ઇફકોની ચૂંટણીમાં ભાજપના જ બે ઉમેદવારો વચ્ચે સર્જાયેલા જંગ અને તેમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની હારના પગલે ભાજપમાં આંતરીક રાજકારણ સળગ્યું છે ત્યારે રાદડીયા વિરોધી જુથ ખુલ્લેઆમ મેદાને આવ્યું હોય તેમ આડકતરા પ્રહારો કર્યા છે.

લોધીકા સંઘના ડાયરેક્ટર બાબુ નશીતે જણાવ્યું હતું કે ઇફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવાર બીપીન પટેલની હાર થઇ અને જયેશ રાદડીયાનો વિજય થયો હતો. બીપીન પટેલની હાર એ ભાજપની જ હાર ગણાય અને પાર્ટી નેતાગીરીએ સમગ્ર બાબતને ગંભીરતાથી લેવી જોઇએ. લોધીકા સંઘની ચૂંટણી વખતના ઘટના ક્રમનો નિર્દેશ કરતાં તેઓએ કહ્યું કે ૧૬માંથી ૧૨ ઉમેદવારો અમારા સમર્થનમાં હોવા છતાં પાર્ટીનો મેન્ડેટ આવતા અમે તેને માથે ચડાવી દીધો હતો. છતાં ઠરાવ વખતે સવાલ ઉભા કર્યા તો પાર્ટીએ પોતાની હકાલપટ્ટી કરી નાખી હતી. ઇફકોમાં પણ સમાન પગલા લેવાવા જોઇએ. પોતે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સમક્ષ માંગણી કરી છે કે ઇફકોની ચૂંટણીમાં પાર્ટી વિરુધ્ધ ગયેલા ઉમેદવાર અને મતદારો સામે વહેલી તકે પગલા લેવામાં આવે.

સહકારી ક્ષેત્રમાં હજુ ઇલુ-ઇલુ ચાલુ જ છે. જિલ્લા બેંકમાં ડાયાભાઇ પટેલ અને વાંકાનેરના પીરજાદા કોંગ્રેસમાં હોવા છતાં ડાયરેક્ટર છે. યાર્ડના વાઇસ ચેરમેન વસંત ગઢીયા પણ ચૂંટાયા બાદ કોંગ્રેસમાંથી ભાજપમાં આવ્યા હતા.

ભ્રષ્ટાચારનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે રાજકોટ ડેરીના ભ્રષ્ટાચાર વિશે તત્કાલીન સહકાર મંત્રી દિલીપ સંઘાણીનું જ ધ્યાન દોર્યું હતું પરંતુ તેઓએ કોઇ પગલા ન લેતા હાઇકોર્ટમાં રીટ કરી હતી. જે પછી જયેશ રાદડીયાના કહેવાથી પાછી ખેંચી હતી. જે પણ સહકારી સંસ્થામાં ભ્રષ્ટાચાર કે કૌભાંડના આક્ષેપો પછી તપાસ ચાલી રહી હોય તેના હોદેદારોને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઘરભેગા કરી દેવાની પણ તેમણે માંગ કરી હતી. લોધીકા સંઘની જેમ અન્ય સંઘોમાં પણ ત્રણ-ત્રણ સરકારી પ્રતિનિધિ મુકવા પણ સુચવ્યું હતું.

### ચૂંટણીમાં કોંગ્રેસને ૫૦ બેઠક પણ નહીં મળે

## પાક પાસે અણુબોંબ ખરા પણ વેચવા કાઢયા છે, કોઇ લેનાર પણ નથી

### મણીશંકરના વિધાનો સામે નરેન્દ્ર મોદીનો કટાક્ષ

નવી દિલ્હી, તા.૧૧

લોકસભા ચૂંટણીના માહોલ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મણિશંકર ઐયરના નિવેદનની ટીકા કરી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, '૨૬ વર્ષ પહેલા આ દિવસે અટલ બિહારી વાજપેયીની સરકારે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યું હતું. એક એવો દિવસ હતો જ્યારે ભારતે તેની ક્ષમતાઓનો વિશ્વ સમક્ષ પરિચય કરાવ્યો હતો અને બીજો કોંગ્રેસની વિચારસરણી જે વારંવાર લોકોને ડરાવવાનો પ્રયાસ કરે છે.'



ઓડિશાના કંધમાલમાં ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'તેઓ (કોંગ્રેસ) કહે છે કે સાવધાન રહો, પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે. કોંગ્રેસનું હંમેશા આ જ વલણ રહ્યું છે. પાકિસ્તાનની હાલત એવી છે કે, તેમણે પરમાણુ બોમ્બ વેચવા કાઢ્યા છે, પરંતુ નબળી ગુણવત્તાના કારણે કોઈ તેને ખરીદવા તૈયાર નથી.'

આતંકવાદ અંગે વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'કોંગ્રેસના આ નબળા વલણને કારણે જમ્મુ-કાશ્મીરના લોકો ૬૦ વર્ષથી આતંક સહન કરી રહ્યા છે. દેશે એટલા બધા આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે કે તે ભૂલી શકે તેમ નથી. મુંબઈમાં ૨૬/૧૧ના ભયાનક આતંકી હુમલા બાદ આતંકવાદના આશ્રયદાતાઓ સામે કાર્યવાહી કરવાની હિંમત તેમનામાં ન હતી.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'કોંગ્રેસને સંસદમાં વિપક્ષ બનવા માટે લોકસભાની કુલ સંખ્યાના ૧૦%ની જરૂર છે. કોંગ્રેસના લોકોએ ખુલ્લા કાનથી સાંભળવું જોઈએ કે તેમની પાર્ટી આ દેશમાં માન્ય વિપક્ષ પણ બની શકશે નહીં. તેઓ ૫૦થી ઓછી બેઠકો પર આવી જશે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ વરિષ્ઠ નેતા મણિશંકર અય્યરે પાકિસ્તાનને લઈને વિવાદિત નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'ભારતે પાકિસ્તાનનું સન્માન કરવું જોઈએ કારણ કે પાડોશી દેશ પાસે પરમાણુ બોમ્બ છે. જો આપણે તેમનું સન્માન નહીં કરીએ તો તેઓ ભારત પર પરમાણુ હુમલો કરવાનું વિચારી શકે છે.'

## પુસ્તકના નામ પર હંગામોઃ મધ્યપ્રદેશ હાઈકોર્ટની કરીના કપૂરને નોટિસ; ધાર્મિક લાગણી દુભાવાનો આરોપ

### જબલપુર સિવિલ લાઇનના રહેવાસી ક્રિસ્ટોફર એન્થોનીએ હાઇકોર્ટમાં અરજી કરી હતી

મુંબઈ, તા ૧૧

બોલિવૂડ અભિનેત્રી કરીના કપૂર ખાનની મુશ્કેલીઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટની જબલપુર બેંચે કરીના કપૂરને નોટિસ પાઠવી છે. આ નોટિસ 'કરીના કપૂર પ્રેગ્નન્સી બાઈબલ' નામના વિવાદાસ્પદ પુસ્તકને લઈને આપવામાં આવી છે. કરીના કપૂર ઉપરાંત જસ્ટિસ જીએસ અહલુવાલિયાની સિંગલ બેંચે અદિતિ શાહ ભીમજીયાની, અમેઝલ ઈન્ડિયા, જગરનાત બુક્સ અને અન્યને પણ નોટિસ પાઠવી છે અને તેમનો જવાબ માંગ્યો છે. આ કેસની આગામી સુનાવણી ૧ જુલાઈના રોજ થશે.





જબલપુર સિવિલ લાઇનના રહેવાસી ક્રિસ્ટોફર એન્થોનીએ હાઇકોર્ટમાં અરજી દાખલ કરી છે. જેમાં તેણે કરીના કપૂર પર 'પ્રેગ્નન્સી બાઈબલ' પુસ્તક દ્વારા ઈસાઈ સમાજની ધાર્મિક લાગણીઓને દુભાવાનો પહોંચાડવાનો આરોપ લગાવ્યો છે. અરજી દ્વારા કરીના કપૂર વિરુદ્ધ અપરાધિક કેસ નોંધવાની માંગ કરવામાં આવી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે કરીના કપૂર ખાને સસ્તી લોકપ્રિયતા મેળવવાના ઈરાદાથી આ પુસ્તક લખ્યું છે, જેનું કવર પેજ પણ વાંધાજનક છે.

બાઇબલ એ ખ્રિસ્તી ધર્મનું ધાર્મિક ગ્રંથ છે, એડવોકેટ ક્રિસ્ટોફર એન્થોનીએ અરજી દાખલ કરી હતી અને દલીલ કરી હતી કે કરીના કપૂર ખાને તેના ગર્ભાવસ્થાના અનુભવને શેર કરવા માટે આ પુસ્તક પ્રકાશિત કર્યું હતું. પુસ્તકના નામમાં બાઇબલ ઉમેરવાથી ખ્રિસ્તી ધર્મના લોકોને દુઃખ થયું અને તેમની લાગણીઓને ઠેસ પહોંચી. પુસ્તકનું શીર્ષક બાઇબલમાંથી લેવામાં આવ્યું છે, જે ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓનો પવિત્ર ધાર્મિક ગ્રંથ છે. જેના કારણે ખ્રિસ્તી સમાજના લોકો દ્વારા આવેદનપત્ર અને વિરોધ કરવામાં આવ્યો હતો. બાઈબલના ખ્રિસ્તી નો ધાર્મિક ગ્રંથ છે અને ભગવાનના ઉપદેશોનું વર્ણન અને દૃષ્ટાંતો આ પવિત્ર પુસ્તકમાં જોવા મળે છે.


સાંજ સમાચાર

વ્હોટ્સએપ ચેનલમાં મેળવો બ્રેકિંગ ન્યુઝ અપડેટ

આજે જ જોડાવ

એક જ સ્થળે મળશે ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ અને અપડેટ્સ

તમારા સ્માર્ટફોન મોબાઇલના કેમેરામાંથી કયુઆર (QR) કોડ ડાઉનલોડ કરો, જોઈન કરો ચેનલ અને મેળવો ઝડપી અપડેટ્સ

Join "સાંજ સમાચાર" WhatsApp Channel

Scan the QR Code or Write 'Sanj Samachar News' on WhatsApp Channel



સાંજ સમાચાર વોટ્સએપ ચેનલમાં જોડાવવાના ફાયદા :

- ઝડપી અને અધિકૃત બ્રેકિંગ ન્યુઝ મેળવો
- સમાચારો ઉપરાંત વિડિયો ન્યુઝ મેળવી શકો
- કોઈ પણ ઈમેજ આવે તે ફોન પર સ્ટોર નહિ થાય, ૩૦ દિવસ બાદ વોટ્સએપ તેના સર્વર પરથી રીમુવ કરે છે તેથી સ્ટોરેજ પ્રોબ્લેમ નહિ
- તમારા મોબાઈલ નંબર કોઈ જોઈ શકતું નથી અને પ્રાઈવેટ રહે છે
- અન્ય સભ્યો મેસેજ નથી કરી શકતા, તેથી ફકત એડમીન પાસેથી અધિકૃત ન્યુઝ અપડેટ જ મળશે અને અન્ય કોઈ ડિસ્ટર્બ થાય તેવા મેસેજ ન આવે
- તમે આસાનીથી અન્ય ગ્રુપ અથવા કોન્ટેક્ટ પર ફોરવર્ડ કરી શકશો


# મસાલા ઉત્પાદકો દોષિત નિવડે તો લાયસન્સ રદ

### કેન્દ્ર સરકારની ચેતવણીઃ દેશભરમાંથી મસાલાના ૧૫૦૦થી વધુ નમૂનાના રીપોર્ટ ૧૫ દિવસમાં આવી જશે, બેબી ફૂડના પણ ટેસ્ટ થશે



નવી દિલ્હી, તા.૧૧

સિંગાપોર જેવા દેશોની આયાત અટકાવવા જેવી આકરી કાર્યવાહી બાદ ભારત સરકારે ઘરઆંગણે પણ મસાલા ઉત્પાદકોનું ચેકિંગ કરવાનો નિર્ણય લીધો છે જ્યારે આ ચેકીંગમાં નિયમભંગ માલુમ પડવાના સંજોગોમાં લાયસન્સ રદ કરવા સુધીના પગલા લેવાની ચેતવણી સરકાર દ્વારા આપવામાં આવી છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી દ્વારા છેલ્લા દિવસોમાં ૧૫૦૦થી વધુ મસાલાના સેમ્પલ લેવામાં આવ્યા છે અને તેનું પૃથ્થકરણ કરવામાં આવી રહ્યું છે. મસાલામાં મૌજુદ કેમીકલ્સ માઇક્રોબ્સ, માયકોટોક્સીન, ડાય તથા ઈથીલીન ઓકસાઇડ સહિત ૨૩૪ પ્રકારના પેસ્ટીસાઇડ વિશે ચકાસણી કરવામાં આવી રહી છે. ૧૫ દિવસમાં ચકાસણી રીપોર્ટ બહાર આવી જશે. ૨૫મી એપ્રિલના રોજ દેશભરમાંથી મસાલાના નમુના લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે હોંગકોંગ તથા સિંગાપોરની ફૂડ એજન્સીની તપાસમાં એમડીએચ તથા એવરેસ્ટ બ્રાન્ડના મસાલામાં ઇથીલીન ઓક્સાઇડની હાજરી માલુમ પડી હતી અને તેના આધારે બન્ને દેશોએ લાલબતી ધરી હતી. ફૂડ સેફ્ટીના એક સીનીયર અધિકારીએ કહ્યું કે ઇથીલીનનો ઉપયોગ સ્ટોરેજ વખતે બગાડ રોકવા માટે કરાતો હોય છે. નિકાસ માટે તૈયાર થતાં મસાલા લોકલ માર્કેટમાં ઠલવાતા નથી. સરકાર દ્વારા તમામ ભારતીય ઉત્પાદકોના મસાલાના સેમ્પલ મેળવ્યા છે.

બીજી તરફ અમેરિકન સ્પાઇસ ટ્રેડ એસો.ને એવી ચોખવટ કરી હતી કે અમેરિકી નિયમનોમાં આયાતી મસાલામાં નિશ્ચિત મર્યાદામાં એથીલીનના ઉપયોગની છૂટ છે.

સરકારી સૂત્રોએ કહ્યું કે મસાલા બાદ બેબી ફૂડના સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેના ટેસ્ટ રીપોર્ટ પણ ૧૫ દિવસમાં આવી જશે. ગ્રાહક બાબતોનાં મંત્રાલય તથા બાળ અધિકાર સંરક્ષણ પંચ દ્વારા બેબીફૂડમાં સુગર માત્રા ચકાસવા ફૂડ સેફ્ટી વિભાગને સુચના આપવામાં આવી છે.

સ્વીસ સંગઠનો પબ્લીક આઇ દ્વારા ઉંચા સુગર લેવલ વિશે રીપોર્ટ અપાતા આ સુચના આપવામાં આવી હતી. સંગઠને રીપોર્ટમાં એમ કહ્યું હતું કે નેસલે જેવી કંપની એશિયા, આફ્રિકા તથા લેટીન અમેરિકામાં વેચાતા સેરેલેકમાં સુગર ઉમેરે છે. જો કે, કંપનીએ આ આક્ષેપ નકાર્યા હતા.

## રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નીતા અંબાણીએ પ્રી વેડીંગ ફંકશનમાં પહેરેલ ૪૦૦થી ૫૦૦ કરોડ રૂપિયાનો નેકલેશ આર્ટિફિશિયલ જવેલરી માર્કેટમાં રૂા.૨૫ હજારમાં કોપી કરેલો વેચાય છે!!

નવીદિલ્હી તા.૧૧

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના નીતા અંબાણીએ થોડો સમય પહેલા તેમના પુત્ર અનંત અને રાધિકાના લગ્ન પહેલા પ્રી વેડિંગ ફંકશનમાં આવો નેકલેસ પહેર્યો હતો. જેની ખૂબ ચર્ચા થઈ હતી. નીતાએ નીલમણિ અને હીરાથી જડેલો ખૂબ જ સુંદર નેકલેસ પહેર્યો હતો, જેની કિંમત અંદાજિત ૪૦૦થી ૫૦૦ કરોડ રૂપિયાની વચ્ચે હતી. વરરાજાની માતાના ગળામાં સુશોભિત હારની મીડિયામાં લગ્નના ફંકશનમાં આવેલા મહેમાનો જેટલી જ ચર્ચા થઈ હતી. થયું એવું કે બજારમાં તેની માંગ થવા લાગી અને હવે તે આર્ટિફિશિયલ જવેલરીના ટોપ ટ્રેન્ડમાંનુ એક બની ગયું છે. ઓનલાઈન હોય કે ઓફલાઈન, આ નેકલેસ, ૨,૦૦૦થી ૨૫,૦૦૦ રૂપિયામાં વેચાઈ રહ્યા રહ્યા છે. નીતા અંબાણીના નીલમણિના હારની મીડિયામાં એટલી ચર્ચા થઈ કે આર્ટિફિશિયલ જવેલરી માર્કેટમાં તેની ડિમાન્ડ થવા લાગી. આજે સ્થિતિ એવી છે કે મોટા શો-રૂમમાં તેના કૃત્રિમ સેટ પચીસ પચીસ હજાર રૂપિયા સુધી વેચાઈ રહ્યા છે. જયારે બલ્કમાં તેની કિંમત પાંચ હજાર રૂપિયા સુધી છે. નેકલેસમાં વિશાળ નીલમણિને નજીકથી બતાવતા તે કહે છે, તેના બનાવવામાં તૂટવાની અસર દેખાય છે. આ સ્પેશિયલ ઈફેક્ટ વાસ્તવિક નીલમણિમાં હોય છે અને આ જ અસર કૃત્રિમ સમૂહમાં લાવવા માટે કારીગરોએ તેને વિવિધ ભાગોમાંથી વણાટ કરીને બનાવ્યું છે. નીતા અંબાણીના આ નેકલેસની નાનાથી લઈને મોટા શહેરોમાં ખૂબ જ માંગ છે.





## શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીનું ફેસબુક એકાઉન્ટ હેકઃ વિરોધીઓનું કારસ્તાન હોવાનો આક્ષેપ

### લાખો રૂપિયા કમાયા અને મોંઘી કાર ખરીદી લીધાની પોસ્ટ થઈઃ ચૂંટણી સમયે જ એકાઉન્ટ હેક કરી રાજકીય કારકિર્દિને નુકશાન પહોંચાડવાનું કાવતરૂઃ કાર્યકર મિત્રો અને શુભેચ્છકોએ સાવધ રહેવા અપીલ કરીઃ સાયબર ક્રાઇમમાં અરજી આપી

રાજકોટ. તા.૧૧

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીનું ફેસબુક એકાઉન્ટ હેક થતાં પોલીસ કમિશ્નર અને સાયબર ક્રાઇમમાં અરજી આપવામાં આવી હતી. જે મામલે અતુલ રાજાણી દ્વારા શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સિધી દોરવણી હેઠળ વિરોધીઓનું કૃત્ય હોવાની શંકા દર્શાવવામાં આવી હતી.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, તેઓનું ફેસબુક એકાઉન્ટ કોઈ વિરોધી તત્વો દ્વારા હેક કરી દેવામાં આવેલ છે અને એકાઉન્ટમાં તેમની પ્રતિષ્ઠા ખરડાઈ તેવા વાંધાજનક ફોટાઓ અને લખાણો વાયરલ કરવામાં આવે છે છેલ્લા ચાર પાંચ દિવસથી ફેસબુક એકાઉન્ટમાં આ પ્રકારના મેસેજ વાઇરલ કરી પ્રમુખની રાજકીય કારકિર્દીને નુકસાન થાય અને પ્રતિષ્ઠા ખરડાઈ તેવા ઈરાદાપૂર્વકના પ્રયાસો થઈ રહ્યા છે. ચૂંટણીના સમય દરમિયાન જ શાસક પક્ષના આદેશથી સત્તાધીશોની સિધી દોરવણી હેઠળ આ પ્રકારનું કૃત્ય આચરવામાં આવ્યું હોય તેવી પ્રબળ આશંકા છે. જે મામલે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ તેઓનું ફેસબુક હેક થતાં ગઈ તા.૦૬ ના શહેર પોલીસ કમિશનરને વાકેફ કરેલ છે અને શહેર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ પણ કરવામાં આવી છે.

વધુમાં અતુલ રાજાણીએ ઉમેર્યું હતું કે, તેઓને ચૂંટણી સમયગાળા દરમિયાન ગઈ તા.૩ ના ધ્યાને આવ્યું હતું કે, કોઈ હિતશત્રુ દ્વારા તેમનું ફેસબુક એકાઉન્ટ હેક કરી તેમાં લાખો રૂપિયાની કમાણી કરી છે અને મોંઘી દાટ કારની ખરીદી કરી હોવાની પોસ્ટ તેમાં મુકવામાં આવી છે. પોતે ગ્રાઉન્ડ લેવલના નેતા હોવાનું અને ખોટી રીતે બદનામ કરી રાજકીય કારકિર્દિને નુકશાન પહોંચાડવાનું કાવતરુ હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેઓએ દરેક મિત્રો, રાજકીય આગેવાનો, કાર્યકર મિત્રોએ તેમના નામે મુકાતા ખોટા મેસેજથી ભરમાવું નહીં જરૂર જણાયતો તેમનો ટેલિફોનિક સંપર્ક કરવાં જણાવ્યું હતું.

## ટેમ્પો પલ્ટી જતાં ૭ કરોડ રૂપિયા રસ્તા પર વેરાયાઃ આંધ્રપ્રદેશનો કિસ્સો

### વીડીયો વાયરલઃ ચૂંટણીમાં વાપરવાના હતા?

રાજકોટ,તા.૧૧

આંધ્રપ્રદેશમાં શનિવારે ફરી એક વખત ભારે માત્રામાં રોકડ જપ્ત કરાઈ હતી. અગાઉ શુક્રવારે પણ એનટીઆર જિલ્લામાં ૮ કરોડ રૂપિયા જપ્ત કરાયા હતા. આજનો મામલો રાજ્યના પૂર્વ ગોદાવરી જિલ્લાનો છે જ્યાં શનિવારે થેલામાં ભરીને સાત કરોડ રોકડા લઈ જવામાં આવી રહ્યા હતા. તે સમયે જ નલ્લાજર્લા મંડલના અનંતપલ્લી ખાતે એક ટ્રક સાથેની ટક્કરમાં ટેમ્પો પલટી ખાઈ ગયો અને પોલ ખુલી ગઈ.



આ દ્રશ્ય જોતાં જ સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા પરંતુ નોટોના બંડલો જોઈને જ તેમના હોંશ ઊડી ગયા હતા. લોકોએ કહ્યું કે ટેમ્પોમાં ૭ થેલા ભરીને રોકડ ભરેલી હતી. પોલીસને જાણ કરાઈ અને રકમને જપ્ત કરવામાં આવી. આ ટેમ્પો વિજયવાડાથી વિશાખાપટ્ટનમ જઇ રહ્યો હોવાની માહિતી છે. અકસ્માતનો ભોગ બનેલા ટેમ્પો ડ્રાઈવરને ઈજા થઇ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો. આ નાણાં ચૂંટણીમાં વાપરવા માટે રાજકીય પક્ષોના હતા કે કેમ તે સ્પષ્ટ થયું નથી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૭૦-૨૬૨૦ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૫૨૦-૨૫૭૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૧૭૧૦-૧૭૪૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૧૬૬૦-૧૬૯૦ |
| પામોલીયન તેલ | ૧૪૯૦-૧૪૯૫ |
| મસ્ટર્ડ તેલ | ૧૬૧૦-૧૬૪૦ |
| સનફલાવર તેલ | ૧૫૧૦-૧૫૩૦ |
| મકાઇ તેલ | ૧૫૨૦-૧૫૪૦ |
| વનસ્પતિ ઘી | ૧૬૯૦-૧૭૩૦ |
| કોપરેલ | ૨૪૦૦-૨૪૫૦ |
| દિવેલ | ૨૦૦૦-૨૦૨૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૭૫૨૦૦(-૧૦૦) |

| ચાંદી |
|---|
| ૮૬૭૦૦(-૩૦૦) |





# બાલાજી હનુમાનજીને કેરીનો દિવ્ય શણગાર

રાજકોટ,તા.૧૧

શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ ધામ સંચાલિત શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી બાલાજી દાદાના દર્શને ભાવિકો બહોળી સંખ્યામાં ઉમટ્યા હતા ,દાદાના દિવ્ય દર્શન કરી ભક્તો ભાવવિભોર થયા હતા દર શનિવારે અહીં દાદાને વિવિધ વિભિન્ન શણગારો કરવામાં આવે છે જે આકર્ષણનું કેન્દ્ર બને છે અહીં રાજોપચાર પધ્ધતિથી થતી સંધ્યા આરતીનું વિશેષ મહત્વ રહેલું છે બાલાજી હનુમાનજી મહારાજને કેરીનો શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. તે તસ્વીરમાં દ્રષ્ટિગોચર થાય છે.

# ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ પ્રશાંતભાઈનો આજે જન્મદિવસ

(દિલીપ તનવાણી દ્વારા)

જેતપુર,તા.૧૧



ગૂજરાત પ્રદેશ ભાજપ યૂવા મોરચા ના અદયક્ષ જેતપુર ના પ્રશાંત ભાઈ કોરાટ નો આજે જન્મ દીવસ છે પ્રશાંતભાઈ કોરાટ પોતાના ૩૭ વર્ષ પૂરાં કરી ૩૮ વર્ષ મા પ્રવેશ કરી રહ્યા છે ત્યારે તેમને જન્મ દીવસે રાજકીય લોકો આગેવાનો તેમજ વિશાળ મિત્રો દ્વારા જન્મ દીવસે શુભેચ્છા પાઠવી રહયા છે પ્રશાંતભાઈ કોરાટ જશૂમતીબેન કોરાટના પૂત્ર છે પ્રશાંતભાઈ એ નાની ઉમર મા સારી રાજકીય પ્રગતિ કરી છે અને તેઓ ડોક્ટરની પદવી પણ ધરાવે છે પ્રશાંતભાઈ કોરાટના પિતા સ્વ.સવજીભાઈ કોરાટે પણ રાજકીય લેવલે અને સામાજિક લેવલે ખૂબજ ટૂકા સમયમા સારી નામના મેળવી હતી જયારે હાલમા જશૂમતીબેન કોરાટ પણ રાજકીય લેવલે ખૂબજ સારી પ્રતિષ્ઠા ધરાવે છે પ્રશાંતભાઈ કોરાટ ખૂબજ સારી પ્રગતિ કરી રહ્યા છે આજે પ્રશાંતભાઈ કોરાટના જન્મ દીવસે તેમના મોબાઇલ નંબર ૯૪૨૭૫.૬૨૩૨૬.૫૨ શુભેચ્છા પાઠવી રહ્યા છે.

# પુત્રવધુ ભાગી જતાં સાસુએ આપઘાતનો પ્રયાસ કર્યો

રાજકોટ, તા.૧૧

પુત્રવધુ ભાગી જતાં સાસુએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બનાવની વિગત મુજબ ભીમનગર નાના મહુવા મેઈન રોડ પર રહેતાં ગીતાબેન નાથાભાઈ ચૌહાણ (ઉ.વ.૪૦) ગઈ કાલે સવારે પોતાના ઘરે હતાં ત્યારે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ગીતાબેનની પુત્રવધૂ ભાગી ગઈ છે. જેની ચિંતામાં આ પગલું ભર્યુ હોવાનું તેઓનાં પરિવારજનોએ જણાવ્યું હતુ. તેઓએ ગઈ કાલે ફિનાઈલ પી લીધી હતી. બાદ તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. તેઓ સિવિલ હોસ્પિટલમાં નોકરી કરે છે.બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે રાજકોટ તાલુકા પોલીસને જાણ કરી હતી.

## ઉજ્જવળ પરિણામની પરંપરા જાળવી રાખતી ઉત્કર્ષ સ્કૂલ ઓફ એક્સલન્સ

# ધો.૧૦ના પરિણામમાં 'ઉત્કર્ષ સ્કૂલ'ના વિદ્યાર્થીઓનો વિજયડંકો

## સ્ટાન્ડર્ડ મેથ્સમાં ૨૨ વિદ્યાર્થીઓનો દબદબોઃ એ-વન ગ્રેડ હાંસલ કર્યોઃ શાળા સંચાલક વિમલભાઈ છાંયાની મહેનત રંગ લાવી

રાજકોટ,તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર કરાયેલા પરિણામમાં ઉત્કર્ષ સ્કૂલ ઓફ એક્સલન્સે ઉજ્જવળ પરિણામની પરંપરા જાળવી રાખેલ છે.ધો.૧૦ના પરિણામમાં ઉત્કર્ષ સ્કૂલ ઓફ એક્સલન્સના વિદ્યાર્થીઓએ હરવખતની જેમ સફળતાની હારમાળા સર્જેલ છે. અને ઉત્કૃષ્ટ પરિણામની ઉત્કર્ષની સફળતાની પરંપરા જાળવી રાખેલ છે. જેની સાથે જ શાળા સંચાલક વિમલભાઈ છાયાની મહેનત રંગલાવી છે.શાળાની વિદ્યાર્થી કનેરીયા કથનએ ૯૯.૫૩ પીઆર સાથે ૯૫.૩૩ ટકા, અને મેથ્સમાં ૧૦૦ માંથી ૧૦૦ અને સાયન્સમાં ૧૦૦ માંથી ૯૮ માર્કસ મેળવી એ૧ ગ્રેડ મેળવેલ છે.આ ઉપરાંત શાળાની અન્ય વિદ્યાર્થીની રાજદેવ આશીએ ૯૯.૪૭ પીઆર સાથે ૯૫.૧૪ ટકા અને એ૧ ગ્રેડ મેળવેલ છે. ધડુક ધર્મએ મેથ્સમાં ૧૦૦ માંથી ૧૦૦ અને સાયન્સમાં ૧૦૦ માંથી ૯૮ માર્કસ, ૯૯.૨૮ પીઆર સાથે ૯૪.૬૭ ટકા અને એ૧ ગ્રેડ, જોષી ધ્યેયાએ મેથ્સમાં ૧૦૦ માંથી ૧૦૦ અને સાયન્સમાં ૧૦૦ માંથી ૯૯ માર્કસ, ૯૯.૨૮ પીઆર સાથે ૯૪.૬૭ ટકા અને એ૧ ગ્રેડ, કલકાણી હેતએ મેથ્સમાં ૧૦૦ માંથી ૧૦૦ અને સાયન્સમાં ૧૦૦ માંથી ૯૯ માર્કસ ૯૯.૨૮ પીઆર સાથે ૯૪.૬૭ ટકા અને એ૧ ગ્રેડ, દેસાઈ ઈશાનએ ૯૯.૨૧ પીઆર સાથે ૯૪.૫૦ ટકા અને એ૧ ગ્રેડ, જાટકીયા વિશ્રૃતએ ૯૯.૨૧ પીઆર સાથે ૯૪.૫૦ ટકા અને એ૧ ગ્રેડ, ધોળકિયા દેવર્શીએ ૯૯.૧૪ પીઆર સાથે ૯૪.૩૩ ટકા અને એ૧ ગ્રેડ મેળવી ઝળહળતો દેખાવ કરેલ છે.



આ ઉપરાંત શાળાના અન્ય વિદ્યાર્થી વસોયા ધાર્મિક ૯૮.૯૯ પીઆર સાથે ૯૪.૦૦ ટકા અને એ૧ ગ્રેડ, સોમૈયા રૂદ્રએ ૯૮.૮૨ પીઆર સાથે ૯૩.૬૭ ટકા અને એ૧ ગ્રેડ, જોષી મનસ્વીએ ૯૮.૭૪ પીઆર, સાથે ૯૩.૫૦ ટકા અને એ૧ ગ્રેડ, રાચ્છ તેજસ્વીએ ૯૮.૭૪ પીઆર સાથે ૯૩.૫૦ ટકા અને એ૧ ગ્રેડ, શાહ આયુષીએ ૯૮.૫૫ પીઆર સાથે ૯૩.૧૭ ટકા અને એ૧ ગ્રેડ, સાવલિયા યાનાએ ૯૮.૨૭ પીઆર સાથે ૯૨.૬૭ ટકા અને એ૧ ગ્રેડ ગોંટેચા દ્રષ્ટિ ૯૮.૧૭ પીઆર સાથે ૯૨.૫૦ ટકા અને એ૧ ગ્રેડ, દેત્રોજા દર્શીલે ૯૮.૦૫ પીઆર સાથે ૯૨.૩૩ ટકા અને એ૧ ગ્રેડ, કડચિણી સબ્બીરે ૯૮.૦૫ પીઆર સાથે ૯૨.૩૩ ટકા અને એ૧ ગ્રેડ, જાડેજા કૃષ્ણરાજસિંહ ૯૭.૫૧ પીઆર સાથે ૯૧.૫૦ ટકા અને એ૧ ગ્રેડ, બોરીચાગર દેવ ૯૭.૨૭ પીઆર સાથે ૯૧.૧૭ ટકા અને એ૧ ગ્રેડ, ડૈયા આયુષીએ ૯૬.૯૦ પીઆર સાથે ૯૦.૬૭ ટકા અને એ૧ ગ્રેડ મહેતા ધૈર્યએ ૯૬.૭૬ પીઆર સાથે ૯૦.૫૦ ટકા અને એ૧ ગ્રેડ મેળવી ઉત્કર્ષ સ્કૂલ તથા પોતાના પરિવારનું ગૌરવ વધારેલ છે.પણ ઉલ્લેખનીય છે કે સ્ટાન્ડર્ડ મેથ્સમાં ઉત્કર્ષ સ્કૂલના ૨૨ વિદ્યાર્થીઓએ એ-વન ગ્રેડ મેળવી દબદબો બનાવેલ છે.

# સંતાનોના અભ્યાસ માટે ફી ભરવાના પૈસા ઘટતા ચિંતામાં મુકાયેલા પિતાએ આપઘાતનો પ્રયાસ કર્યો

## રજપૂતપરામાં રહેતા તુષારભાઈ સૂચકે ફીનાઈલ પીધા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા

રાજકોટ, તા.૧૧

સંતાનોના અભ્યાસ માટે ફી ભરવાના પૈસા ઘટતા, ચિંતામાં મુકાયેલા પિતાએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. શહેરના રજપૂતપરામાં રહેતા તુષારભાઈ સૂચકે ફીનાઈલ પીધા બાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બનાવની વિગત મુજબ, રજપૂતપરા શેરી નં.૮ માં રહેતા તુષારભાઈ રમણીકભાઈ સૂચક (ઉ.વ.૪૫)એ આજે સવારે પોતાના ઘરે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેમને તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



પરિવારજનોના જણાવ્યા મુજબ, તુષારભાઈને લોધાવાડ ચોકમાં પાનની દુકાન છે. તેમજ સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે. દીકરી કોલેજમાં અભ્યાસ કરે, જ્યારે દીકરો ધો.૮માં અભ્યાસ કરે છે. હવે નવું સત્ર ચાલુ થવાનું છે. ત્યારે સંતાનોના અભ્યાસ માટે ફી ના પૈસા ઘટતા તેઓ ચિંતામાં મુકાયા હતા. હાલ તુષારભાઈ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# હનુમાન મઢી ચોકમાં બસે બાઈકને હડફેટે લેતા મહિલા ઈજાગ્રસ્ત



રાજકોટઃ શહેરના હનુમાનમઢી ચોક પાસે આજે સવારે ૧૦.૩૦ વાગ્યા આસપાસ ધ્રોલ-રાજકોટ રૂટની એસટી બસે બાઈક સવાર મહિલાને હડફેટે લીધી હતી. બનાવમાં બાઈક સવાર મહિલાને ઈજા પહોંચતા તેણીને તત્કાલ ૧૦૮ મારફત હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવેલ. મહિલાને સામાન્ય ઈજા થઈ હોવાનું જાણવા મળે છે. બનાવના પગલે સ્થળ પર લોકોના ટોળા એકત્ર થયા હતા. ગાંધીગ્રામ પોલીસને જાણ થતા સ્થળ પર પહોંચી બસ પોલીસ મથકે લઈ જવાઈ હતી. જેથી મુસાફરોને પરેશાની વેઠવી પડી હતી. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

## કેટેગરી પ્રમાણે પરિણામનું વિશ્લેષણ

| પરીક્ષાર્થીની કેટેગરી | નોંધાયેલ પરીક્ષાર્થીઓની સંખ્યા | ઉપસ્થિત પરીક્ષાર્થીઓની સંખ્યા | પ્રમાણપત્રને પાત્ર પરીક્ષાર્થીઓની સંખ્યા | પરિણામ |
|---|---|---|---|---|
| નિયમિત(રેગ્યુલર) | ૭૦૬૩૭૦ | ૬૯૯૫૯૮ | ૫૭૭૫૫૬ | ૮૨.૫૬ |
| પુનરાવર્તી (રિપીટર) | ૧૬૫૯૮૪ | ૧૬૦૪૫૧ | ૭૮૭૧૫ | ૪૯.૦૬ |
| GSOS (રેગ્યુલર) | ૧૨૮૦૬ | ૧૧૯૭૪ | ૩૩૫૫ | ૨૮.૦૨ |
| GSOS (રીપીટર) | ૪૫૭૨ | ૪૨૮૭ | ૧૬૨૬ | ૩૭.૯૩ |
| કુલ પ્રાઈવેટ | ૧૭૩૭૮ | ૧૬૨૬૧ | ૪૯૮૧ | ૩૦.૬૩ |
| એકંદર | ૮૮૯૭૩૨ | ૮૭૬૩૧૦ | – | – |
| પૃથક (આઈસોલેટેડ) | ૨૮૧૮૧ | ૨૬૬૭૪ | – | – |
| કુલ પરીક્ષાર્થીઓ | ૯૧૭૯૦૩ | ૯૦૨૯૮ | – | – |

## ધો.૧૦ના છેલ્લા ૨૦ વર્ષના પરિણામોની ઝલક

| પરીક્ષાનું વર્ષ | માસ | નોંધાયેલ | ઉપસ્થિત | પાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|
| ૧૯૯૩ | માર્ચ | ૪૭૬૨૬૫ | ૪૬૫૮૨૦ | ૨૬૨૪૦૪ | ૫૬.૩૩ |
| ૧૯૯૪ | માર્ચ | ૩૮૨૪૧૯ | ૩૭૧૫૩૫ | ૧૫૯૦૬૩ | ૪૨.૮૧ |
| ૧૯૯૫ | માર્ચ | ૪૮૫૦૭૬ | ૪૭૧૮૩૨ | ૨૩૭૫૮૪ | ૫૦.૩૪ |
| ૧૯૯૬ | માર્ચ | ૫૦૦૯૩૭ | ૪૮૮૮૯૨ | ૨૦૦૩૪૧ | ૪૦.૯૭ |
| ૧૯૯૭ | માર્ચ | ૫૨૦૭૧૪ | ૫૦૯૧૬૪ | ૨૦૪૫૭૬ | ૪૦.૧૭ |
| ૧૯૯૮ | માર્ચ | ૫૫૧૦૮૮ | ૫૩૯૩૨૬ | ૨૪૩૬૦૫ | ૪૫.૧૬ |
| ૧૯૯૯ | માર્ચ | ૫૬૦૬૧૫ | ૫૪૭૦૬૭ | ૩૦૫૨૬૬ | ૫૫.૮૦ |
| | જુલાઇ (પુરક) | ૩૯૩૬૫ | ૩૯૩૬૫ | ૧૬૭૬૯ | ૪૩.૮૨ |
| ૨૦૦૦ | માર્ચ | ૬૦૧૨૭૩ | ૫૮૬૫૫૯ | ૩૪૪૩૪૭ | ૫૮.૭ |
| | જુલાઇ (પુરક) | ૪૨૦૨૬ | ૪૨૦૨૬ | ૧૮૨૫૦ | ૪૫.૬૭ |
| ૨૦૦૧ | એપ્રિલ-મે | ૬૪૧૭૭૦ | ૬૩૦૪૧૬ | ૪૪૨૨૩૦ | ૬૮.૯૧ |
| | જુલાઇ (પુરક) | ૪૨૧૫૪ | ૪૨૧૫૪ | ૧૬૬૪૧ | ૪૧.૧૪ |
| ૨૦૦૨ | માર્ચ-એપ્રિલ | ૬૫૦૩૪૯ | ૬૩૩૨૫૩ | ૩૨૮૦૯૧ | ૫૧.૮૧ |
| | જુલાઇ (પુરક) | | ૨૭૭૪૩ | ૧૩૨૬૮ | ૫૦.૦૮ |
| ૨૦૦૩ | માર્ચ | ૬૫૩૭૭૮ | ૬૪૨૧૧૦ | ૨૭૫૯૨૭ | ૪૨.૯૭ |
| | જુલાઇ (પુરક) | ૧૦૦૮૦ | ૧૦૦૮૦ | ૩૪૮૪ | ૩૭.૩૦ |
| ૨૦૦૪ | માર્ચ | ૬૪૬૮૭૨ | ૬૩૪૧૨૦ | ૩૩૪૦૯૯ | ૫૨.૬૯ |
| | જુલાઇ (પુરક) | ૪૬૦૬ | | ૧૩૭૭ | ૩૧.૫૭ |
| ૨૦૦૫ | માર્ચ | ૬૭૧૯૪૯ | ૬૬૧૬૮૦ | ૩૭૧૭૪૭ | ૫૬.૧૮ |
| | જુલાઇ (પુરક) | | ૨૧૬૩૮ | ૭૫૧૦ | ૩૫.૯૪ |
| ૨૦૦૬ | માર્ચ | ૭૫૧૧૭૬ | ૭૪૨૫૨૧ | ૪૨૮૫૪૩ | ૫૭.૭૧ |
| | જુલાઇ (પુરક) | | ૪૮૮૯૭ | ૧૭૮૬૧ | ૩૭.૪૯ |
| ૨૦૦૬ | ઓકટોબર | - | ૧૬૮૧૨૧ | ૫૧૪૭૮ | ૩૧.૨૪ |
| ૨૦૦૭ | માર્ચ (ન્યુ) | ૫૩૨૯૬૮ | ૫૨૯૧૨૯ | ૩૭૩૮૩૯ | ૭૦.૬૫ |
| | (ઓલ્ડ) | ૧૨૬૬૭૧ | ૧૨૩૧૯૨ | ૪૧૮૮૭ | ૩૪.૦૦ |
| | જુલાઇ(પુરક) | | ૨૮૨૯૨ | ૧૦૯૫૫ | ૪૦.૮૨ |
| ૨૦૦૮ | માર્ચ | ૬૯૩૯૨૮ | ૬૮૭૯૧૭ | ૪૩૭૩૬૦ | ૬૩.૫૮ |
| ૨૦૦૯ | માર્ચ | ૭૭૩૯૮૬ | ૭૬૮૦૪૨ | ૪૩૩૩૮૭ | ૫૮.૪૩ |
| ૨૦૧૦ | માર્ચ | ૮૭૨૬૭૩ | ૮૬૫૫૬૪ | ૫૨૬૩૦૯ | ૬૦.૮૧ |
| ૨૦૧૧ | માર્ચ | ૮૯૪૦૫૮ | ૯૩૬૪૮૫ | ૮૬૫૪૯૨ | ૭૧.૦૬ |
| | જુલાઇ (પુરક) | ૧૩૪૩૪૨ | | ૫૧૪૦૧ | ૪૦.૦૯ |
| ૨૦૧૨ | માર્ચ | ૯૨૯૧૧૫ | ૯૧૦૩૬૨ | ૬૨૯૦૮૩ | ૬૯.૧૦ |
| | જુલાઇ (પુરક) | ૧૩૦૩૦૨ | | ૪૦૬૫૫ | ૩૨.૮૯ |
| ૨૦૧૩ | માર્ચ | ૯૮૦૪૦૪ | ૯૬૬૧૧૪ | ૬૨૯૧૪૦ | ૬૬.૧૨ |
| | જુલાઇ (પુરક) | ૧૭૬૪૯૦ | ૧૨૭૯૪૯ | ૫૯૯૯૨ | ૪૬.૮૯ |
| ૨૦૧૪ | માર્ચ | ૯૭૬૦૨૦ | ૯૬૭૯૫૮ | ૬૧૮૦૬૬ | ૬૩.૮૫ |
| | જુલાઇ (પુરક) | | | | |
| ૨૦૧૫ | માર્ચ | ૧૦૬૭૬૦૭ | ૧૦૫૫૨૬૭ | ૫૬૯૭૦૨ | ૫૪.૪૨ |
| | જુલાઇ (પુરક) | ૪૪૯૫૨ | ૪૦૬૨૨ | ૫૮૩૯ | ૧૪.૩૭ |
| ૨૦૧૬ | નિયમિત માર્ચ | ૭૯૧૬૭૨ | ૭૮૫૯૮૭ | ૫૨૭૧૧૩ | ૬૭.૦૬ |
| | જુલાઇ (પુરક) | ૩૫૬૨૦ | ૩૨૦૨૧ | ૨૬૯૯ | ૮.૪૩ |
| ૨૦૧૭ | નિયમિત માર્ચ | ૭૭૯૬૨૩ | ૭૭૫૦૧૩ | ૫૨૮૮૭૦ | ૬૮.૨૪ |
| | જુલાઇ (પુરક) | ૫૩૨૮૯ | ૪૯૧૭૧ | ૧૩૬૨૦ | ૨૭.૭૦ |
| ૨૦૧૮ | નિયમિત માર્ચ | ૭૯૫૫૨૮ | ૭૯૦૨૪૦ | ૫૩૩૪૧૪ | ૬૭.૫૦ |
| | જુલાઇ (પુરક) | ૮૫૯૫૭ | ૭૮૦૭૦ | ૧૧૭૩૬ | ૧૫.૦૦ |
| ૨૦૧૯ | નિયમિત માર્ચ | ૮૨૮૯૪૪ | ૮૨૨૮૨૩ | ૫૫૧૦૨૩ | ૬૬.૯૭ |
| | જુલાઇ (પુરક) | ૭૫૩૬૨ | ૬૪૮૧૪ | ૬૦૬૩ | ૯.૩૫ |
| ૨૦૨૦ | નિયમિત માર્ચ | ૮૦૪૨૬૮ | ૭૯૫૯૪૨ | ૪૮૦૮૪૫ | ૬૦.૬૪ |
| | ઓગષ્ટ (પુરક) | ૧૩૧૯૮૧ | ૧૦૮૮૬૯ | ૮૮૯૦ | ૮.૧૭ |
| ૨૦૨૧ | નિયમિત માર્ચ | ૮૫૭૮૩૫ | ૮૫૭૮૩૫ | માસ પ્રમોશનથી ઉતીર્ણ જાહેર કરેલ છે | |
| | જુલાઇ (રીપીટર, ખાનગી, પૃથક | ૩૨૬૫૦૫ | ૨૯૮૮૧૭ | ૩૦૦૧૨ | ૧૦.૦૪ |
| ૨૦૨૨ | નિયમિત માર્ચ/એપ્રિલ | ૭૮૧૭૦૨ | ૭૭૨૭૭૧ | ૫૦૩૭૨૬ | ૬૫.૧૮ |
| | જુલાઇ (પુરક) | ૧૫૮૬૮૬ | ૧૪૦૫૦૯ | ૩૪૭૩૮ | ૨૪.૭૨ |
| ૨૦૨૩ | નિયમિત ખર્ચ | ૭૪૧૪૧૧ | ૭૩૪૮૯૮ | ૪૭૪૮૯૩ | ૬૫.૬૨ |
| | જુલાઇ (પુરક) | ૧૮૦૧૫૮ | ૧૫૩૩૯૪ | ૪૦૮૮૦ | ૨૬.૬૫ |

# જેલના ૪ કેદી ધો.૧૦ની પરીક્ષામાં પાસ થયા

રાજકોટ, તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધો.૧૦ની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ. રાજયની જેલોમાં રહેલ બંદીવાનો આ પરીક્ષા આપી શકે તે માટે રાજયની જેલોના વડા ડો.કે.એલ.એન.રાવ(આઇપીએસ)એ બંદીવાનોના અભ્યાસ માટેના સકારાત્મક વલણ તેમજ પ્રયાસો હાથ ધરી રાજયની તમામ જેલોને જરૂરી માર્ગદર્શન તેમજ સુચનાઓ આપેલ હતી.

જે અનુસંધાને રાજકોટ જેલ અધિક્ષકની કચેરી દ્વારા રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરી સાથે પરામર્સમાં રહી જેલમાં બોર્ડની પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે રહેલ બંદીવાનો દ્વારા ધોરણ-૧૦ની પરીક્ષા આપવામાં આવેલ હતી. આ પરીક્ષામાં ૮ બંદીવાનોએ ભાગ લીધેલ હતો. જે પૈકી પાકા કામના બે કેદી ચુડાસમા, નરેશ મનસુખભાઇ વેસરા રવા હમીરભાઇ અને કાચા કામના બે આરોપી જુનેદ ઇકબાલ ચૌહાણ અને પાર્થ મહેશભાઇ જોગીયાણી ઉતિર્ણ થયેલ હતા. ઉતિર્ણ થયેલ તમામ બંદીવાનોને પોલીસ ઇન્સ્પેકટર એમ.આર.ઝાલા દ્વારા પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી. બોર્ડ દ્વારા લેવામા આવેલ પરીક્ષામાં અત્રેની જેલના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતાં જેલ સહાયક જસ્મિનભાઈ વી.ચંદ્રવાડિયાનાઓએ પ્રશંસનીય તથા શ્રેષ્ઠ કામગીરી કરેલ હતી તેઓની આ કામગીરી માટે જેલ અધિક્ષક એ.પી. જાડેજા દ્વારા પ્રશંસાપત્ર એનાયત કરી અભિનંદન પાઠવેલ હતા.

## પર્સેન્ટાઈલ રેન્કનું વિવરણ

| પર્સેન્ટાઈલ રેન્ક | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|
| ૯૯ ઉપર | ૬૬૮૬ |
| ૯૮ ઉપર | ૧૩૯૬૯ |
| ૯૭ ઉપર | ૨૧૩૮૭ |
| ૯૬ ઉપર | ૨૮૦૩૮ |
| ૯૫ ઉપર | ૩૫૩૮૦ |
| ૯૪ ઉપર | ૪૨૨૬૪ |
| ૯૨ ઉપર | ૫૭૨૯૦ |
| ૯૦ ઉપર | ૭૦૮૫૫ |
| ૮૫ ઉપર | ૧૦૭૩૨૩ |
| ૮૦ ઉપર | ૧૪૩૬૫૨ |
| ૭૫ ઉપર | ૧૭૭૮૨૨ |
| ૭૦ ઉપર | ૨૧૪૫૪૨ |
| ૬૫ ઉપર | ૨૫૧૦૭૬ |
| ૬૦ ઉપર | ૨૮૬૯૩૩ |
| ૫૫ ઉપર | ૩૨૩૬૦૧ |
| ૪૦ ઉપર | ૪૩૦૪૯૬ |
| ૩૦ ઉપર | ૪૯૮૯૪૨ |
| ૨૦ ઉપર | ૫૫૫૮૪૫ |
| ૦ ઉપર | ૭૧૯૮૪૧ |

## વિવિધ માધ્યમ પ્રમાણે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ

| માધ્યમ | ઉપસ્થિત | પાસ | ટકાવારી |
|---|---|---|---|
| ગુજરાતી | ૫૮૩૭૨૩ | ૪૭૩૮૦૮ | ૮૧.૧૭ |
| હિન્દી | ૧૭૦૭૬ | ૧૨૯૬૧ | ૭૫.૯૦ |
| મરાઠી | ૩૩૩૦ | ૨૫૯૭ | ૭૭.૯૯ |
| ઈંગ્લીશ | ૯૩૯૪૯ | ૮૬૯૨૧ | ૯૨.૫૨ |
| ઉર્દુ | ૧૧૭૯ | ૯૫૫ | ૮૧.૦૦ |
| સિંધી | ૨૫ | ૨૨ | ૮૮.૦૦ |

## સુધારણાને અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા

**એક થી છ વિષયમાં સુધારણાને અવકાશ**

| વિષય | એક | બે | ત્રણ | ચાર | પાંચ | છ |
|---|---|---|---|---|---|---|
| કુલ વિદ્યાર્થીની સંખ્યા | ૫૮૪૨૪ | ૬૩૧૯૭ | ૩૫૦૮૭ | ૨૧૪૪૧ | ૧૬૩૯૪ | ૨૦૫૧૪ |
| તે પૈકી નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા | ૨૧૮૬૯ | ૩૨૯૭૧ | ૨૧૮૫૪ | ૧૪૯૭૦ | ૧૨૫૧૫ | ૧૭૮૬૩ |

## ઉતીર્ણ થનાર પરીક્ષાર્થીઓના ગ્રેડનું વિવરણ

| એ૧ | એ૨ | બી૧ | બી૨ | સી૧ | સી૨ | ડી | ઈ૧ |
|---|---|---|---|---|---|---|---|
| ૨૩૨૪૭ | ૭૮૮૯૩ | ૧૧૮૭૧૦ | ૧૪૩૮૯૪ | ૧૩૪૪૩૨ | ૭૨૨૫૨ | ૬૧૧૦ | ૧૮ |

## મુખ્ય વિષયોનું પરિણામ

| વિષય | નોંધાયેલ | ઉપસ્થિત | E.Q.C. | ટકાવારી |
|---|---|---|---|---|
| ગુજરાતી(FL) | ૫૯૦૨૬૩ | ૫૮૩૭૧૮ | ૫૩૭૫૪૦ | ૯૨.૦૯ |
| હિન્દી (FL) | ૧૭૧૯૭ | ૧૭૧૦૨ | ૧૫૯૯૪ | ૯૩.૫૨ |
| ઈંગ્લીશ(FL) | ૯૪૦૨૦ | ૯૩૯૪૯ | ૯૧૫૨૭ | ૯૭.૪૨ |
| સામાજિક વિજ્ઞાન | ૭૦૬૩૭૦ | ૬૯૯૫૯૫ | ૬૪૨૪૯૩ | ૯૧.૮૪ |
| વિજ્ઞાર્ન | ૭૦૬૩૭૦ | ૬૯૯૫૯૬ | ૬૧૮૨૧૩ | ૮૮.૩૭ |
| સ્ટાન્ડર્ડ મેથ્સ | ૭૦૦૯૭ | ૭૦૦૬૬ | ૬૯૬૭૮ | ૯૯.૪૫ |
| ગુજરાતી(SL) | ૧૧૬૧૦૬ | ૧૧૫૮૭૫ | ૧૦૯૫૩૦ | ૯૪.૫૨ |
| હિન્દી (SL) | ૩૦૧૫૧૧ | ૨૯૭૦૮ | ૨૭૫૨૪૦ | ૯૨.૪૨ |
| ઈંગ્લીશ (SL) | ૬૧૨૧૯૯ | ૬૦૫૪૯૫ | ૫૬૦૭૯૨ | ૯૨.૬૨ |
| સંસ્કૃત (SL) | ૩૪૮૮૭૫ | ૩૪૬૩૯૪ | ૩૩૦૮૫૪ | ૯૫.૫૧ |
| બેઝીક મેથ્સ | ૬૩૫૮૫૬ | ૬૨૯૧૨૮ | ૫૨૪૬૭૧ | ૮૩.૪૦ |

## પ્રમાણપત્રને પાત્ર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ

**નિયમિત પરીક્ષાર્થીઓ**

| વિભાગ | નોંધાયેલ સંખ્યા | | ઉપસ્થિત સંખ્યા | | ઉતીર્ણ સંખ્યા | | પરિણામ (ટકા) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| કુલ | ૩૮૫૪૩૭ | ૩૨૦૯૩૩ | ૩૮૨૧૮૨ | ૩૧૭૪૧૬ | ૩૦૨૩૯૧ | ૨૧૫૪૬૫ | ૭૯.૧૨ | ૮૬.૬૯ |

**રીપીટર પરીક્ષાર્થીઓ**

| વિભાગ | નોંધાયેલ સંખ્યા | | ઉપસ્થિત સંખ્યા | | ઉતીર્ણ સંખ્યા | | પરિણામ (ટકા) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| કુલ | ૧૦૯૫૫૭ | ૫૬૪૨૭ | ૧૦૬૩૫૫ | ૫૪૦૯૬ | ૫૦૨૪૨ | ૨૮૪૭૩ | ૪૭.૨૪ | ૫૨.૬૩ |

**ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ (GSOS) પરીક્ષાર્થીઓ**

| વિભાગ | નોંધાયેલ સંખ્યા | | ઉપસ્થિત સંખ્યા | | ઉતીર્ણ સંખ્યા | | પરિણામ (ટકા) | |
|---|---|---|---|---|---|---|---|---|
| | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા | કુમાર | કન્યા |
| કુલ | ૯૭૫૮ | ૭૬૨૦ | ૯૨૦૭ | ૭૦૫૪ | ૨૪૨૮ | ૨૫૫૩ | ૨૬.૩૭ | ૩૬.૧૯ |

## ધો.૧૦ના ઝળહળતા પરિણામ પર નજર

| વિગતો | માર્ચ-૨૦૨૩ | માર્ચ-૨૦૨૪ |
|---|---|---|
| કુલ કેન્દ્રો(પેટા કેન્દ્રો સહિત) | ૯૫૮ | ૯૮૧ |
| ઉપસ્થિત નિયમિત પરીક્ષાર્થીની સંખ્યા | ૭૩૪૮૯૮ | ૬૯૯૫૯૮ |
| માધ્યમિક શાળાંત પ્રમાણપત્રને પાત્ર નિયમિત પરીક્ષાર્થીની સંખ્યા | ૪૭૪૭૯૩ | ૫૭૭૫૫૬ |
| **નિયમિત પરીક્ષાર્થીના પરિણામની ટકાવારી** | **૬૪.૬૨%** | **૮૨.૫૬%** |
| ઉપસ્થિત પુનરાવર્તિત પરીક્ષાર્થીઓની સંખ્યા | ૧૫૮૬૨૩ | ૧૬૦૪૫૧ |
| માધ્યમિક શાળાંત પ્રમાણપત્રને પુનરાવર્તિત પરીક્ષાર્થીની સંખ્યા | ૨૭૪૪૬ | ૭૮૭૧૫ |
| **પુનરાવર્તિત પરીક્ષાર્થીઓના પરિણામની ટકાવારી** | **૧૭.૩૦%** | **૪૯.૦૬%** |
| ઉપસ્થિત GSOS પરીક્ષાર્થીની સંખ્યા | ૧૪૬૩૫ | ૧૬૨૬૧ |
| માધ્યમિક શાળાંત પ્રમાણપત્રને પાત્ર GSOS પરીક્ષાથીની સંખ્યા | ૧૯૧૫ | ૪૯૮૧ |
| ગુજરાત સ્ટેટ ઓપન સ્કુલ પરીક્ષાર્થીઓના પરિણામની ટકાવારી | ૧૩.૦૯% | ૩૦.૬૩% |
| વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર | કુંભારીયા (જિ.બનાસકાંઠા) ૯૫.૯૨% | દાહોદ(જિ. અમદાવાદ ગ્રામ્ય) ૧૦૦%, તલગાજરડા (જિ. ભાવનગર) ૧૦૦% |
| ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર | ઉતાવળી (જિ.નર્મદા) ૧૧.૯૪% | તા.જિ. ભાવનગર ૪૧.૧૩% |
| વધુ પરિણામ ધરાવતો જિલ્લો | સુરત-૭૬.૪૫% | ગાંધીનગર-૮૭.૨૨% |
| ઓછું પરિણામ ધરાવતો જિલ્લો | દાહોદ-૪૦.૭૫% | પોરબંદર-૭૪.૫૭% |
| ૧૦૦% પરિણામ ધરાવતી શાળાઓ | ૨૭૨ | ૧૩૮૯ |
| ૩૦% કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓ | ૧૦૬૪ | ૨૬૪ |
| ૦% પરિણામ ધરાવતી શાળાઓ | ૧૫૭ | ૭૦ |
| એક વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | ૪૧૨૭૯ | ૨૧૮૬૯ |
| બે વિષયમાં સુધારણાને અવકાશ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | ૭૪૫૩૮ | ૩૨૯૭૧ |
| ત્રણ વિષયમાં સુધારણાને અવકાર ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા | – | ૨૧૮૫૪ |
| ગ્રેડવાઈઝ સિધ્ધિ પ્રાપ્ત કરનાર નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા | | |
| એ૧ | ૬૧૧૧ | ૨૩૨૪૭ |
| એ૨ | ૪૪૪૮૦ | ૭૮૮૮૩ |
| બી૧ | ૮૬૬૧૧ | ૧૧૮૭૧૦ |
| બી૨ | ૧૨૭૬૫૨ | ૧૪૩૮૯૪ |
| સી૧ | ૧૩૯૨૪૮ | ૧૩૪૪૩૨ |
| સી૨ | ૬૭૩૭૩ | ૭૨૨૫૨ |
| ડી | ૩૪૧૨ | ૬૧૧૦ |
| ઈ૧ | ૬ | ૧૮ |
| નિયમિત પૈકી કુમારોનું પરિણામ | ૫૯.૫૮% | ૭૯.૧૨% |
| પુનરાવર્તિત પૈકી કુમારોનું પરિણામ | ૧૫.૧૬% | ૪૭.૨૪% |
| GSOS પૈકી કુમારોનું પરિણામ | ૧૦.૦૩% | ૨૬.૩૭% |
| નિયમિત પૈકી કન્યાઓનું પરિણામ | ૭૦.૮૨% | ૮૬.૬૯% |
| પુનરાવર્તિત પૈકી કન્યાઓનું પરિણામ | ૨૧.૮૦% | ૫૨.૬૩% |
| GSOS પૈકી કન્યાઓનું પરિણામ | ૧૬.૯૭% | ૩૬.૧૯% |
| અંગ્રેજી માધ્યમના નિયમિત પરીક્ષાર્થીના પરિણામની ટકાવારી | ૮૧.૯૦% | ૯૨.૫૨% |
| ગુજરાતી માધ્યમના નિયમિત પરીક્ષાર્થીના પરિણામની ટકાવારી | ૮૨.૧૧% | ૮૧.૧૭% |
| હિન્દી માધ્યમના નિયમિત પરીક્ષાર્થીના પરિણામની ટકાવારી | ૬૪.૬૭% | ૭૫.૯૦% |
| ગેરરીતિના કેસ | ૩૦ | ૧૩૮ |
| સીસીટીવી કેમેરા ફુટેજના અનુસંધાને નોંધાયેલ ગેરરીતિ કેસ (પરિણામ અનામત) | ૬૮૧ | ૪૦૦ |
| દિવ્યાંગ પરીક્ષાર્થીઓની સંખ્યા | ૩૭૯૧ | ૪૧૧૪ |
| દિવ્યાંગ-સામાન્ય રીતે ઉતીર્ણ પરીક્ષાર્થીઓની સંખ્યા | ૯૨૨ | ૧૬૧૦ |
| ૨૦% પાસીંગ સ્ટાન્ડર્ડથી પાસ થનાર દિવ્યાંગ પરીક્ષાર્થીની સંખ્યા | ૬૦૮ | ૬૪૮ |

### ઈફકોના મતદાર વર્ગમાં સૌરાષ્ટ્રનું પ્રતિનિધિત્વ છતાં ગુજરાતના ઉમેદવારને ચુંટવાની ફરજ પડાતી હતી

# ઈફકો ચુંટણી; રાજકોટ સહિત સૌરાષ્ટ્રના સહકારી રાજકારણનો ટેસ્ટ કેસ હતો!

**રાજકોટ જીલ્લામાં જયેશ રાદડીયા– અમરેલીમાં દિલીપ સંઘાણીની સહકારી ‘તાકાત’ કાપવાનો ભાજપનો પ્લાન હાલ ઉંધો વળી ગયો**

**સ્વ.વિઠ્ઠલભાઈ રાદડીયાએ સહકારી ક્ષેત્ર અને ખેડુતોના પ્રશ્નો માટે પક્ષની શિસ્તની પરવા કરી ન હતીઃ અમીત શાહે જ જામકંડોરણામાં યાદ કર્યુ હતું**

**ભરતી મેળા અંગે સંઘાણીએ પાટીલની દુઃખતી નસ દબાવ્યાની ચર્ચાઃ કાર્યકર્તાઓને સાથે રાખવા આબાદ ચાલ ચાલી હવે સુર મજબૂત થવાની શકયતા**

રાજકોટ:

ગુજરાતમાં લોકસભા ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી સમયે જે ધુંધવાટ હતો તેનો પ્રથમ ભડકો ઈફકોની ચુંટણીમાં થયો છે અને જે રીતે અમરેલીના પુર્વ સાંસદ અને હવે ફરી ઈફકોના ચેરમેન બનેલા દિલીપ સંઘાણીએ સહકારી ક્ષેત્રમાં ઈલુ ઈલુનો પાટીલનો મુદ્દો હવે ભાજપના રાજકારણમાં તો કેવું ઈલુ ઈલુ ચાલે છે તેવો જવાબ આપ્યા પછી હવે મોવડીમંડળ આ બન્નેના વાકયુદ્ધને કઈ રીતે લે છે તેના પર છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઈફકોની ચુંટણી ગુજરાતના સહકારી ક્ષેત્રના રાજકારણનો ટેસ્ટ કેસ બની ગઈ છે.



પ્રથમ વખત આ પ્રકારની મોટા ગજાની સહકારી ચુંટણીમાં મેન્ડેટ અપાયા. અત્યાર સુધી નાની સહકારી સંસ્થાઓમાં મેન્ડેટ અપાતા હતા અને તે માન્ય રખાતા હતા. જોકે રાજકોટ લોધીકા સંઘમાં મેન્ડેટનો વિવાદ થયો હતો અને તેનો વિરોધ કરનાર તાલુકા ભાજપ અગ્રણીને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા હતા તે સમયે હવે જયેશ રાદડીયાની સહકારી કારકિર્દી પર દાવ પર લાગે તેવી શકયતા હતી. રાજકોટ જીલ્લાના સહકારી રાજકારણમાં મહત્વની રાજકોટ જીલ્લા સહકારી બેંક, દૂધની ડેરી તથા અન્ય સંસ્થાઓ પર તેમનું વર્ચસ્વ છે અને તેમના પિતા સ્વ.વિઠલભાઈ રાદડીયાના સમયથી આ વર્ચસ્વ રહ્યું છે. તેમાં સ્વ.વિઠલભાઈ રાદડીયાને અપસેટ કરવાની કોઈ હિંમત કરી ન હતી અને ખેડૂતો સાથે તેમનો સીધો નાતો હતો અને તેથી જ તેમનું રાજકારણ અત્યંત મજબૂત હતું.

હાલમાં જ જામકંડોરણામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે પણ વિઠલભાઈને યાદ કરતા કહ્યું હતું કે ખેડુતોના ભલા માટે તેઓએ પક્ષની શિસ્તની પણ પરવા કરી ન હતી. તેમનો ઉલ્લેખ સ્વ. રાદડીયા કે જે ભાજપ અને કોંગ્રેસ બન્નેને પોતાના રાજકારણ સ્વીકારવા ફરજ પાડતા હતા અને તેમનો સીકકો જ ચાલતો હોય તે નિશ્ચિત કરતા હતા તેમાં હવે જયેશ રાદડીયાએ તેમના પિતાની આ વિરાસત બચાવવા માટે તમામ પ્રયાસો કર્યા છે. જો કે તેમને અપસેટ કરવા અનેક તાપીને બેઠા છે અને બીજી તરફ અમરેલી જીલ્લામાં પણ સહકારી રાજકારણમાં દિલીપભાઈ સંઘાણીની બોલબાલા છે. જીલ્લા બેંક, અમર ડેરીમાં તેનું વર્ચસ્વ છે અને અમરેલી નાગરીક સહકારી બેંક ભલે મૂળ કોંગ્રેસીના હાથમાં રહી પરંતુ પાટીલના શબ્દોમાં કહીએ તો તેમાં ઈલુ ઈલુ ચાલે છે. આમ બંને જીલ્લામાં સહકારી રાજકારણ પર પ્રભાવ મેળવવા માટે આ મેન્ડેટનું ગતકડું કરવામાં આવ્યું હોય તેમ પણ મનાય છે અને હવે ભાજપ મોવડીમંડળ સમગ્ર પ્રકરણને કઈ રીતે લે છે તેના પર નજર છે. જો કે લોકસભા ચૂંટણી સુધી તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ જેવી સ્થિતિ થઈ શકે છે.



જુલાઈ માસમાં પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલની એકસટેન્ડેન્ટ મુદત પુરી થાય છે અને અત્યાર સુધી તેમના ચાર વર્ષના કાર્યકાળમાં કોઈએ પ્રશ્ન પૂછવાની હિંમત દર્શાવી ન હતી તે સમયે સંઘાણીએ ઈલુ ઈલુ અંગે કોંગ્રેસમાંથી જે રીતે ભરતી મેળા થઈ રહ્યા છે અને રાતોરાત ટિકીટ અપાઈ છે તે મુદ્દો ઉઠાવીને પાટીલની દુખતી નસ દબાવી હોવાની ચર્ચા ભાજપમાં છે.

લોકસભા ચૂંટણીમાં જે રીતે ભરતી મેળા થયા તેનો વિરોધ હોવા છતાં પણ તેને રોકવા માટે કોઈએ હિંમત કરી ન હતી પણ દિલીપ સંઘાણીએ હવે ઈફકોની લડાઈમાં ભરતી મેળાનો ઉલ્લેખ કરીને અને કોંગ્રેસના નેતાઓ સાથે જે રીતે ઈલુ ઈલુ થઈ રહ્યું છે તેનો ઉલ્લેખ કરીને તેમની આ લડાઈમાં પક્ષના કાર્યકર્તાઓને પણ ચાલાક વ્યુહથી સાંકડી લીધા છે અને જેથી હવે ભાજપમાં આ અંગે ઉકળાટ બહાર આવે તે પણ શકયતા છે.

### અમેરિકાથી બ્રિટનના આકાશમાં ચમકતો નજારો દેખાયો

## સૂરજમાંથી મહા શક્તિશાળી સૌર વાવાઝોડુ ધરતી સાથે ટકરાયુંઃ ૨૧ વર્ષ બાદ બીજી ઘટના

**સૌર વાવાઝોડાથી સેટેલાઈટ અને પૃથ્વી પર પાવરગ્રીડને થઈ શકે છે અસર, અંધારપટની ભીતિ**

વોશિંગ્ટન (અમેરિકા) તા.૧૧

છેલ્લા બે દાયકાનું સૌથી શક્તિશાળી સૌર તુફાન ગઈકાલે શુક્રવારે પૃથ્વી સાથે ટકરાયું હતું. જેને લઈને અમેરિકાથી બ્રિટન સુધી આકાશમાં એક ચમકીલો નજારો જોવા મળ્યો હતો. અમેરિકાના રાષ્ટ્રીય સમુદ્રીય અને વાયુ મંડલીય પ્રશાસન (એનઓએએ) એ આ મેગ્નેટિક (ચુંબકીય) વાવાઝોડાને જી-૫ શ્રેણીનું દર્શાવ્યું છે. ભૂ-ચુંબકીય વાવાઝોડાને જી-૧ થી જી-૫ ના પ્રમાણમાં માપવામાં આવે છે, જેમાં જી-૫ ને વાવાઝોડાનું સૌથી ચરમ સ્તર માનવામાં આવે છે. એનઓએએએ ચેતવણી આપી છે કે સૂરજમાંથી આવેલ આ ભૂ-ચુંબકીય વાવાઝોડાના કારણે સેટેલાઈટ અને પૃથ્વી પર પાવરગ્રીડને અસર થઈ શકે છે.



જેના કારણે કોમ્યુનીકેશનમાં વિઘ્ન પેદા થવાની સાથે સાથે અનેક વિસ્તારો અંધકારમાં ડૂબી શકે છે.

**નાસાએ આગ ફેંકતા સૂર્યની તસવીર ખેંચીઃ** અમેરિકી સ્પેસ એજન્સી નાસાની સોલેટ ડાયનેમિકસ ઓબ્ઝર્વેટરીએ સૂરજમાં થયેલા આ વિસ્ફોટની તસવીર ખેંચી છે. નાસાએ જણાવ્યું હતું કે ૧૦ મે ૨૦૨૪ના સૂર્યે એક તેજ આગ ઓકી છે, જે સ્થાનિક સમય અનુસાર સવારે ૨.૫૪ મીનીટે ચરમસીમાએ હતી. એનઓઓએના હવામાન પુર્વાનુમાન કેન્દ્ર અનુસાર સૂર્યની આગમાં વૃદ્ધિને લઈને કોરોનાથી પ્લાઝમા અને ચુંબકીય ક્ષેત્રના અનેક ઉત્સર્જન (કોરોનલ માસ ઈન્જેકશન) થયા છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા ૨૦૦૩માં એક મોટું સૌર વાવાઝોડુ આવ્યું હતું, ત્યારે સ્વીડનમાં અંધારપટ છવાઈ ગયો હતો અને દક્ષિણ આફ્રિકાના વીજળીના પાયાના માળખાને નુકસાન થયું હતું.

## ઉંચા ભાવનો ફટકોઃ માત્ર ૧૫૦ કિલો સોનુ વેચાયુ

**ગત અક્ષય તૃતીયાએ ૪૫૦ કિલો સોનાનુ વેચાણ થયુ હતુ**



અમદાવાદ તા.૧૧

સોનાના ભાવમાં ગઈકાલે અક્ષયતૃતિયાના દિને જ દસ ગ્રામે ૧૦૦૦ રૂપિયાનો અસામાન્ય ભાવવધારો થયો હતો. પરિણામે ડીમાંડને મોટો ફટકો પડયો હતો. ગત વર્ષે અક્ષયતૃતીયાની સરખામણીએ આ વખતે માંડ ત્રીજા ભાગની ખરીદી થઈ હતી.

ઈન્ડીયન બુલીયન એન્ડ જવેલર્સ એસોસીએશને એવો અંદાજ દર્શાવ્યો છે કે ગત વર્ષે અક્ષયતૃતીયા પર ૪૫૦ કિલો સોનુ વેચાયુ હતું. આ વખતે માંડ ૧૫૦ કિલોનું વેચાણ થયુ હતું. ગઈકાલના પવિત્ર દિવસે જ ભાવમાં અસામાન્ય ઉછાળો આવતા ડીમાંડને મોટો ફટકો પડયો હતો. વિશ્વબજારમાં સોનુ ૨૩૭૫ ડોલરે પહોંચવા સાથે ઘરઆંગણે ભાવ ઘટીને ૭૫૫૦૦ થયો હતો. અમેરિકા વ્યાજદર ઘટાડશે તેવા આશાવાદથી સોનુ ઉંચકાયુ હતું. ભૌગોલિક ટેન્શનની સ્થિતિમાં સોનુ સુરક્ષિત રોકાણ હોવાથી ખરીદી વધી હતી. ભારત સહિત વિશ્વભરની સેન્ટ્રલ બેંકો ખરીદી કરતી હોવાનું પણ એક કારણ હતું.

સંગઠનના ડાયરેકટર હરેશ આચાર્યએ જણાવ્યું હતું કે સોનાના કુલ વેચાણમાં ૬૦ ટકા વેચાણ બિસ્કીટ તથા સિક્કાનું હતું. ઉંચા ભાવને કારણે પવિત્ર દિવસે શુકનવંતી ખરીદી કરવા બજારમાં આવેલા ગ્રાહકોએ હળવા વજનની ખરીદી કરીને મુર્હુત સાચવ્યાની છાપ હતી. આમેય કેટલાક વખતથી લોકો હળવા વજનના દાગીના ખરીદવાનું વલણ ધરાવતા થઈ જ ગયા છે. ૨૨ કેરેટને બદલે ૧૬ કે ૧૮ કેરેટના દાગીનાનું ચલણ વધ્યુ છે. ઈન્વેસ્ટમેન્ટ હેતુસરની ખરીદી બિસ્કીટ તથા સિકકામાં થઈ હતી.

ઝવેરીઓના કહેવા પ્રમાણે સોનાના ભાવ વધ્યા ન હોત કે સ્થિર રહ્યા હોત તો ઘરાકી સારી રહેવાની શકયતા હતી. સોના કરતા ચાંદીમાં પ્રમાણમાં વધુ ડીમાંડ જોવા મળી હતી.

**છેલ્લા સાત વર્ષમાં સોનાના ભાવ ‘ડબલ’ કરતા પણ વધી ગયા**

| વર્ષ | ભાવ |
|---|---|
| ૨૦૧૮ | ૩૨૦૦૦ |
| ૨૦૧૯ | ૩૨૩૦૦ |
| ૨૦૨૦ | ૪૬૫૨૭ |
| ૨૦૨૧ | ૪૯૫૦૦ |
| ૨૦૨૨ | ૫૦૮૦૦ |
| ૨૦૨૩ | ૬૨૦૦૦ |
| ૨૦૨૪ | ૭૫૫૦૦ |

## GTની પ્લેઓફની આશા અકબંધઃ ચેન્નાઈને ૩૫ રનથી હરાવ્યું; સુદર્શન-શુભમનની સદી, ગિલે IPLની ૧૦૦મી સદી ફટકારી









અમદાવાદ :

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૪ની ૫૯મી મેચમાં ગુજરાત ટાઇટન્સે ચેન્નાઇ સુપર કિંગ્સને ૩૫ રનથી હરાવ્યું હતું. આ સાથે ટાઇટન્સે પોતાની પ્લેઓફની આશા જીવંત રાખી છે. આ જીત સાથે ટીમ ૧૦ પોઈન્ટ સાથે ૮માં નંબર પર છે જ્યારે ચેન્નાઈ ૧૨ પોઈન્ટ સાથે ચોથા નંબર પર છે.

નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ચેન્નાઈએ ટોસ જીતીને બોલિંગ કરવાનું પસંદ કર્યું હતું. ગુજરાતે ૨૦ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને ૨૩૧ રન બનાવ્યા હતા. જવાબમાં ચેન્નાઈની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૯૬ રન જ બનાવી શકી હતી. શુભમન ગિલ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો હતો. તેણે ૫૫ બોલમાં ૧૦૪ રન બનાવ્યા હતા.

**ખેલાડીઓનું પ્રદર્શનઃ ગિલ–સુદર્શનની સદીઓ; મોહિત શર્માએ ત્રણ વિકેટ લીધી :**

જીટીના કેપ્ટન શુભમન ગિલ (૧૦૪ રન)એ આઈપીએલના ઈતિહાસમાં ૧૦૦મી સદી ફટકારી હતી. ગિલ બાદ સાઈ સુદર્શન (૧૦૩ રન)એ પણ પોતાની કારકિર્દીની પ્રથમ સદી પૂરી કરી હતી. બંનેએ ૨૧૦ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. તુષાર દેશપાંડેએ ૨ વિકેટ લીધી હતી.

CSK તરફથી ડેરીલ મિશેલે ૬૩ રન, મોઈન અલીએ ૫૬ રન, એમએસ ધોનીએ ૨૬ રન અને શિવમ દુબેએ ૨૧ રન બનાવ્યા હતા. મોહિત શર્માએ ૩ અને રાશિદ ખાને ૨ વિકેટ લીધી હતી.

**આઈપીએલમાં ત્રીજી વખત બન્યું જ્યારે એક ઈનિંગમાં બે પ્લેયરએ સદી ફટકારી :**

IPLમાં આવું પહેલીવાર બન્યું જ્યારે ગુજરાતના બે ખેલાડીઓએ એક જ દાવમાં સદી ફટકારી. અગાઉ માત્ર SRH અને RCBના ખેલાડીઓ જ આ કરી શકતા હતા. હૈદરાબાદ તરફથી જોની બેરસ્ટો અને ડેવિડ વોર્નરે અને બેંગલુરુ તરફથી વિરાટ કોહલી અને એબી ડી વિલિયર્સે એક જ ઇનિંગમાં સદી ફટકારી હતી.

**ગુજરાત ટાઇટન્સે CSK સામે સૌથી મોટો સ્કોર બનાવ્યો :**

૨૦ ઓવરમાં ૩ વિકેટના નુકસાને ૨૩૧ રન બનાવ્યા. આ ચેન્નાઇ સામેના સર્વોચ્ચ સ્કોર સમાન હતો, આ પહેલા પંજાબ કિંગ્સે ૨૦૧૪માં કટકના મેદાન પર માત્ર ૨૩૧ રન બનાવ્યા હતા.

**શુભમને અમદાવાદમાં ચોથી સદી ફટકારી હતી :**

૨૦૨૩માં ઓરેન્જ કેપ જીતનાર ગુજરાતના શુભમન ગિલે આ સિઝનમાં પોતાની પ્રથમ સદી ફટકારી હતી. આ તેની આઈપીએલ કારકિર્દીની ચોથી સદી હતી, તેણે ચારેય રન અમદાવાદમાં જ કર્યા હતા. તેણે એક ગ્રાઉન્ડ પર સૌથી વધુ T20 સદી ફટકારનારા ભારતીયોમાં વિરાટ કોહલીની બરાબરી કરી છે. વિરાટે બેંગલુરુમાં ૪ સદી ફટકારી છે.

**શુભમન–સુદર્શને સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી કરી :**

આ IPLમાં સૌથી મોટી ઓપનિંગ ભાગીદારી સમાન હતી. અગાઉ લખનૌના ક્વિન્ટન ડી કોક અને કેએલ રાહુલે પણ કોલકાતા સામે ૨૧૦ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી.

**ધોનીના પ્રશંસકે મેદાનમાં પ્રવેશ કર્યો, પગે લાગી, ભેટી પડ્યો :**

મેચની છેલ્લી ઓવરમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં એક ફેન એમએસ ધોનીને મળવા મેદાનમાં ઉતર્યો હતો. ફેન જમીન પર પડ્યો અને ધોનીના પગને સ્પર્શ કર્યો અને તેને ગળે લગાડ્યો. ત્યારબાદ સિક્યુરિટી આવી અને ફેનને મેદાનની બહાર લઈ ગઈ. ધોની ૧૧ બોલમાં ૨૬ રન બનાવ્યા બાદ મેચમાં નોટઆઉટ રહ્યો હતો.

## ગિલ અને સાંઈની ધુંઆધાર બેટીંગ જોઈ CSKનો બાળ ફેન્સી રડી પડયોઃ વિડીયો વાયરલ

અમદાવાદ:તા ૧૧

સ્ટેડિયમમાં એક વિચિત્ર સ્થિતિ સર્જાઈ જ્યારે સ્ક્રીન પર એક બાળક રડતું બતાવવામાં આવ્યું. આ બાળક CSKનો ચાહક હતો અને શુભમન ગિલ અને સાઈ સુદર્શનની વિનાશક બેટિંગ જોઈને અથવા તો ધોનીના બોલરોને મારતા જોઈને તે પોતાની લાગણીઓને કાબૂમાં રાખી શક્યો નહીં.





ગુજરાતની ટીમે શુક્રવારે અમદાવાદમાં તેના હોમગ્રાઉન્ડ પર ખરેખર ટાઇટન્સ જેવું પ્રદર્શન કર્યું હતું. આ સિઝનમાં શાનદાર ફોર્મમાં રહેલા ચેન્નાઈના યુવા બેટ્સમેન સાઈ સુદર્શન (૧૦૩ રન, ૫૧ બોલ, ૫ ચોગ્ગા, ૭ છગ્ગા)એ ચેન્નાઈ સુપર કિંગ્સના બોલરોને ફાડીને પોતાની આઈપીએલ કારકિર્દીની પ્રથમ સદી ફટકારી હતી. ઈજાગ્રસ્ત રિદ્ધિમાન સાહાના સ્થાને, તેને કેપ્ટન શુભમન ગિલ (૧૦૪ રન, ૫૫ બોલ, ૯ ચોગ્ગા, ૬ છગ્ગા) સાથે ઓપનિંગની જવાબદારી મળી. સાઈ-મિલની જોડીએ આ સિઝનની સૌથી મોટી ભાગીદારીનો રેકોર્ડ બનાવ્યો

મામલો થોડો વિચિત્ર બન્યો જ્યારે સ્ક્રીન પર એક બાળક રડતું જોવા મળ્યું. એક તરફ ગુજરાત ટાઇટન્સ નાં ફેન્સ આનંદથી ઉછળી રહ્યા હતા અને બીજી બાજુ એક બાળક રડી રહ્યો હતો. આ ક્ષણનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

## ‘લગાન’, ‘સ્લમડોગ મિલિયોનર’, ‘આરઆરઆર’ના ગીતોની ઉજવણી કરતું એકેડેમી મ્યુઝિયમ

**ઓસ્કાર એવોર્ડ જાહેર કરતી સંસ્થા એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સનું આયોજન**



મુંબઇ, તા.૧૧

ધી એકેડેમી મ્યુઝિયમ ઓફ મોશન પિકચર્સ દ્વારા મ્યુઝિકલ ટેપેસ્ટ્રી અંતર્ગત ભારતીય ફિલ્મો આરઆરઆર, સ્લમડોગ મિલિયોનર અને લગાન ફિલ્મના સાઉન્ડ ટ્રેકનું સંગીત વગાડવામાં આવ્યું હતું.





ઉલ્લેખનીય છે કે સ્લમ ડોગ મિલિયનર વિદેશી કેટેગરીની ઓસ્કાર એવોર્ડ વિજેતા ફિલ્મ છે જેની થીમ ભારતીય છે. આ ફિલ્મના ગીત-સંગીત માટે ભારતીય ગીતકાર-સંગીતકાર ગુલઝાર અને એ.આર. રહેમાનને ઓસ્કાર એવોર્ડ મળ્યો હતો. જ્યારે આરઆરઆર ભારતીય કેટેગરીની ફિલ્મ છે. જેમાં મ્યુઝિક કેટેગરીમાં ‘નાટુ નાટુ’ ગીત માટે ઓસ્કાર એવોર્ડ ફિલ્મના સંગીતકારને મળેલા આમિર ખાનની ‘લગાન’ ફિલ્મ ઓસ્કાર એવોર્ડની નજીક પહોંચી હતી, મેળવી શકી નહોતી.

આ ઉપરાંત એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટસ એન્ડ સાયન્સ મ્યુઝિયમ દ્વારા લોસ એન્જલ્સમાં ડેવિડ ગોફેન થિયેટરમાં લેક્ચરનું પણ આયોજન થયું છે.

## વી.આર.એલ લોજીસ્ટીકને સેવામાં ખામી બદલ માલની કિંમત વ્યાજ સાથે ચૂકવવા ગ્રાહક કોર્ટનો હુકમ

**વળતર પેટે અલગથી રૂ.૫ હજાર તથા કાનૂની ખર્ચના રૂ.૩ હજાર ચૂકવવા પણ હુકમ**

રાજકોટ, તા.૧૧

રાજકોટમાં એન્જલ પોલીમર્સના નામે ધંધો કરતા વિમલભાઈ પરબતભાઈ કારેટીયાએ સામાવાળા વી.આર.એલ લોજીસ્ટીક (કર્ણાટક), વી.આર.એલ. લોજીસ્ટીક (શાપર) વિરૂધ્ધ ગ્રાહક સુરક્ષા ધારા અંતર્ગત ફરિયાદ દાખલ કરી હતી. જે મુજબ સામાવાળી કંપની મારફત એચ.ડી.પી.ઈ.નો માલ કર્ણાટક હુબલી ડિલિવરી કરવા આપેલ હતો. જેની યોગ્ય ડિલિવરી ન થતા માલ પરત આવેલ. ફરીયાદીને કોઈપણ પ્રકારની લેખીત કે ટેલીફોનીક જાણ ન કરતા કંપનીના ગોડાઉનમાં માલ પડી રહેલ. ફરીયાદીના માલને પરત મેળવવા રકમ રૂ.૧,૦૦,૨૭૨ વાળા અલગ અલગ ચાર્જો લગાવી ચુકવવા અને ન ચુકવીએ તો માલની હરાજી કરવાની નોટીસ સામાવાળા તરફથી ફરીયાદીને પાઠવવામાં આવી હતી. આ કેસ ચાલી જતા ફરીયાદીના વકીલે કરેલી દલીલો ધ્યાને લઇ રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશને ટ્રાન્સપોર્ટ કંપની વી.આર.એલ. લોજીસ્ટીકને સેવામાં ખામી રાખવા બદલ માલની મૂળ કિંમત ૯૭,૫૦૦ રૂપિયા, ૯ ટકા વ્યાજ સાથે પરત ચુકવવા તેમજ શારીરીક માનસીક ત્રાસના વળતર પેટે અલગથી રૂ.૫,૦૦૦, તથા કાનૂની ખર્ચના ૩,૦૦૦ રૂપિયા, ૩૦ દિવસમાં ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરીયાદી વતી એડવોકેટ સુરેશ ફળદુ એન્ડ એશોશીયેટસના રીપલ એમ. ગેવરીયા, વિવેક ભંડેરી, યુવરાજ વેકરીયા, કિશન માંડલીયા તથા મદદમાં નીરવ દોંગા, વીવેક લીંબાસીયા, ભાવિન ખુંટ, રોકાયેલ હતા.

## મેટ ગાલા ઈવેન્ટમાં ભાગ લેવા આલિયાએ ૬૩ લાખની ટીકીટ ખરીદી?

**મેટ ગાલામાં આલિયાના લુકની નેશનલ અને ઈન્ટરનેશનલ મીડિયાએ નોંધ લીધી**

મુંબઈ: તાજેતરમાં ન્યુયોર્કમાં દુનિયાની સૌથી મોટી ફેશન ઈવેન્ટ મેટ ગાલામાં પહોંચેલી આલિયા ભટ્ટના લુકને માત્ર ભારત જ નહીં બલકે ઈન્ટરનેશનલમાં પણ પસંદ કરવામાં આવ્યો હતો.



ઉલ્લેખનીય છે કે મેટ ગાલામાં જવું સરળ નથી. તેમાં ભાગ લેવા માટે મોટી રકમ ચૂકવવી પડે છે. આ ઈવેન્ટમાં ભાગ લેનારે લગભગ ૬૩ લાખ રૂપિયાની ટિકીટ ખરીદવી પડે છે. જયારે પુરા ટેબલની ફી લગભગ ૩ કરોડ રૂપિયા છે. ખરેખર તો આ ઈવેન્ટ ફંડ એકત્ર કરવા માટે જ આયોજીત કરવામાં આવે છે.

જાણકારોના કહેવા મુજબ જયારે ટેબલ કંપનીઓ અને ડિઝાઈન હાઉસ દ્વારા પોતાના મહેમાનો દ્વારા લુક કરવામાં આવે છે ત્યારે ટિકીટની કિંમત ખુદ સેલિબ્રિટી ચૂકવે છે. મેટ ગાલામાં ભાગ લેનારાઓને આયોજન સમીતીની મંજુરી લેવી પણ જરૂરી છે. આ સ્થિતિમાં સવાલ એ છે કે શું ફેશનની દુનિયાનો ઓસ્કાર કહેવાતી મેટ ગાલાનો ભાગ બનવા માટે આલિયાએ પણ લગભગ ૬૩ લાખ રૂપિયાની મોટી રકમની ટિકીટ ખરીદી હતી કે પછી તેની ટિકીટ કોઈ કંપની કે ફેશન હાઉસે સ્પોન્સર કરી હતી? જો કે આ બારામાં આલિયા તરફથી કોઈ જાણકારી નથી આપવામાં આવી. પણ એટલું ચોકકસ છે કે સતત બે વર્ષથી આ ઈવેન્ટનો ભાગ બનીને આલિયા દુનિયાભરમાં છવાઈ ગઈ છે. ખાસ કરીને આ વખતે ત્યાં બોલીવુડની એકમાત્ર સેલીબ્રીટી હોવાના કારણે તેને ખૂબ જ લાઈમ લાઈટ મળી હતી.

# સિસ્ટર નિવેદીતા ફાઉન્ડેશન દ્વારા આયોજીત સારસ્વત સન્માન સમારોહ સફળતાપૂર્વક સંપન્ન

## ૩૦ વકતાઓનુ શાલ, પુસ્તક અને ખાદી, રૂમાલ અર્પણ કરી સન્માન કરાયું




રાજકોટ તા.૧૧

સિસ્ટર નિવેદીતા ફાઉન્ડેશનના ઉપક્રમે પ્રિન્સીપાલ ડી.પી.જોશી પબ્લીક લાઈબ્રેરી દ્વારા ૩૦૦મી ગ્રંથગોષ્ઠિ 'સારસ્વત સન્માન' સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહા, ગુલાબભાઈ જાની તેમજ લેખકો અને વકતાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તારીખ ૨૬-૪-૨૦૨૪ના રોજ સિસ્ટર નિવેદીતા ફાઉન્ડેશનના ઉપક્રમે યોજાયેલ ૩૦૦મી ગ્રંથગોષ્ઠિ સારસ્વત સન્માન સમારંભમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે બહુમુખી પ્રતિભા ધરાવતા નિવૃત આઈએએસ અધિકારી વર્તમાન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશભાઈ જહાં સિસ્ટર નિવેદીતા સંકુલના સંસ્થાપક ગુલાબભાઈ જાની તેમજ ૭૦થી વધારે વકતાઓ શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓને હાજરીમાં કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી.

સંસ્થાની પ્રણાલી મુજબ સંસ્થાના ટ્રસ્ટી તથા આત્મીયજન બળવંતભાઈ દેસાઈ દ્વારા ભાગ્યેશભાઈને શાલ ઓઢાડી તથા પુસ્તક અને રૂમાલ અર્પણ કરીને સન્માનીત કરવામાં આવેલ. કાર્યક્રમના અંતે આભારવિધિ દુરદર્શન કેન્દ્ર, રાજકોટના પ્રોગ્રામ પ્રોડ્યુસર તથા વિદ્વાન વકતા સલીમભાઈ સોમાણી દ્વારા કરવામાં આવેલ.

આજના આ કાર્યક્રમમાં સંસ્થાના સંસ્થાપક ગુલાબભાઈ જાની સહિત વિદ્વાન વકતાઓ સન્માનીત નિમંત્રીતો અને શિક્ષકો સહિત ૨૦૦ જેટલાં ભાવકો ઉપસ્થિત રહ્યા હતા.

## ત્રિદિવસીય નિઃશુલ્ક શિબિરનું આયોજન

સહજ ધ્યાન યોગ દ્વારા બી.પી., ડાયાબીટીશ, સાંધાનો દુઃખાવો, અનિદ્રા, થાક, એસીડીટી, અલ્સર, શ્વાસના રોગો, પેટના રોગો,ડીપ્રેશન, કેન્સર, જેવા હઠીલા રોગોથી છુટકારો મેળવવા નિઃશુલ્ક શિબિરનું આગામી તા.૨૩ ને ગુરૂવારે સાંજે ૫ થી તા.૨૬ મે ને રવિવાર સાંજે ૬ વાગ્યા સુધી ''વામકુક્ષી'' કુવાડવા ચોકડીથી ૨ કિમી., કુવાડવા-વાંકાનેર રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

## રાહતદરે સ્ત્રીરોગ નિષ્ણાંતની સેવા

રાજકોટ,તા.૧૧

રાજકોટ લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ સંચાલિત શ્રી કૃષ્ણ ચિકિત્સાલય ખાતે સ્ત્રીરોગ નિષ્ણાંત ડો.હિનાબેન પોપટ દર સોમવારથી શનિવાર સવારે ૯ થી ૧૦ રાહત દરે પોતાની સેવા આપશે.

# જામનગર રોડ ડોકટર્સ એસોસિએશનની ઈન્સ્ટોલેશન સેરેમની યોજાઈઃ ચેરમેન તરીકે ડો.કિશોર દેવળીયાની વરણી




### કો-ચેરમેન ડો.શૈલેષ વસાણી, ફાઉન્ડર વા.પ્રેસિડેન્ટ તરીકે ડો.રમેશ શાપરા, ડો.સંજય વખારીયાની નિમણૂક કરાઈ

રાજકોટ:તા ૧૧

જામનગર રોડ ડોકટર્સ એસોસિએશનની ઈન્સ્ટોલેશન સેરેમનીનું આયોજન થયું હતું, જેમાં વર્ષ ૨૦૨૪-૨૫ માટે ચેરમેન તરીકે ડો.કિશોર દેવળીયા, કો-ચેરમેન ડો.શૈલેષ વસાણી, ફાઉન્ડર વા.પ્રેસિડેન્ટ ડો.રમેશ શાપરા, ડો.સંજય વખારીયા, પ્રેસિડેન્ટ ડો.રૂકમુદિન કડિવાર અને સેક્રેટરી ડો.આનંદ ચૌહાણની સર્વાનુમત્તે વરણી કરવામાં આવી હતી.

જામનગર રોડ ડોકટર્સ એસોસિએશનનાં ડોકટરો વર્ષ દરમ્યાન સેવાકિય કાર્યમાં પણ સતત જોડાયેલા રહે છે, જેમાં પોતાના કલિનીક ઉપર ફ્રિ નિદાન કેમ્પ ઉપરાંત રાજકોટની વોર્ડ વાઈઝ સરકારી સ્કુલોની બાળાઓને હિમોગ્લોબીન ચેકઅપ-દવા આપી અને નિવારણનાં ડોકટર સેલનાં અભિયાનમાં સતત સેવા આપી બાળાઓને આ ઉમરમાં કેમ તંદુરસ્ત રહેવાય તેના લેકચર પણ આપેલા હતા. આ ઉપરાંત ડોકટર સેલનાં મેગા મેડિકલ કેમ્પમાં પણ અનેક વોર્ડમાં એસોસિએશનનાં ડોકટરોએ સેવાઓ આપી હતી.


બીજા હોદેદારોની વરણીમાં વા.પ્રેસિડેન્ટ ડો.વિવેક પટેલ અને ડો. સતિષ ગોસ્વામી, જોઈન્ટ સેક્રેટરી ડો.સંદિપ સોલંકી, ટ્રેઝરર ડો.જતન પટેલ, ટ્રેઝરર ડો.હાર્દિક ધાબલીયા, એડવાઈઝરી કમીટીમાં ડો.પ્રદિય કરકરે, ડો.વિનુભાઈ પટેલ, ડો.એમ. કે. કાદરી, ડો.ગોપાલ ખેરા, ડો.નિલાબેન ભટ્ટ તથા એકિઝકયુટીવ કમિટીમાં ડો.સંજીવ જાની, ડો.જીજ્ઞેશ ખંધેડીયા, ડો.દર્શ ન ઉનડકટ, ડો.જયોતી મિરાણી, ડો.સોનીયા દેવમુરારી, ડો.ખ્યાતી ત્રિવેદી, ડો.મોનીકા વસાણી, ડો.શહેનાઝ કડીવાર, ડો.કાજલ ઠાકવાણી અને ડો.પાયલ ખખ્ખરની નિમણુંક કરવામાં આવી હતી.





# રાજકોટ જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રાની તૈયારી શરૂ : પવિત્ર રથનું પૂજન કરાયું

રાજકોટ જગન્નાથ મંદિર દ્વારા ભગવાન જગન્નાથની રથયાત્રાની તૈયારી શરૂ કરવામાં આવી છે. શુક્રવારે અખાત્રીજના દિવસે પવિત્ર રથની પૂજા કરવામાં આવી. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલભદ્રના ત્રણેય રથને વિશેષ શણગાર કરવામાં આવ્યો. અખાત્રીજના દિવસે ભગવાન જગન્નાથના રથ સહિત ત્રણેય રથની વિશેષ પૂજા અને મંત્રોચ્ચાર સાથે વિધિ કરવામાં આવી હતી તેમજ રથની આરતી પણ કરવામાં આવી હતી. જગન્નાથ મંદિરના મહંત અને અન્ય મહાનુભાવો દ્વારા પૂજન કર્યુ હતું. રથયાત્રા નીકળે તે પહેલાં રથનું સમારકામ કરવામાં આવતું હોય છે તે સમારકામની શરૂઆત અખાત્રીજના દિવસથી કરવામાં આવે છે. ભગવાનની જ્યારે રથયાત્રા નીકળે છે ત્યારે રથ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર હોય છે. રથયાત્રા નીકળે તે પહેલાંની વિધિઓ હવે શરૂ થઈ જશે.



## રાજકોટ લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય ડ્રોન દિવસ અંતર્ગત સેમીનાર યોજાયો

ઓ.વે. શેઠ પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર ખાતે ડ્રોન ટેકનોલોજી અને ભવિષ્યમાં કારકિર્દી અંતર્ગત સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ તકે ઈનોવેટીવ અનમેન સિસ્ટમના સ્થાપક ગર્વિત પંડયાએ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ડ્રોન નિર્દેશન કરાવી સમજૂતી આપી હતી.







# રાજકોટ બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામ જયંતીની આસ્થાભેર ઉજવણી

વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાનશ્રી પરશુરામ જયંતીની રાજકોટમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.રાજકોટમાં ભગવાન પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રા યોજાઈ હતી.જે પંચનામ મંદિરેથી શરૂ થઈને રૈયાગામ પાસે આવેલા પરશુરામ ધામખાતે સંપન્ન થઈ હતી. ત્યાં મહાઆરતી બાદ મહાપ્રસાદ યોજવામાં આવેલ જેનો લાભ હજારો ભુદેવોએ લીધો હતો.તેમજ બ્રહ્મસેના દ્વારા ગઈકાલે સવારે ધર્મયાત્રાનું આયોજન પાણીના ઘોડા-પેડક રોડથી કરવામાં આવેલ વિવિધ માર્ગો પરથી પસાર થઈને પંચનાથ મંદિરે વિરામ પામી હતી.ઉપરોકત તસ્વીરો પરશુરામ શોભાયાત્રાની છે.

**(તસ્વીર: દેવેન અમરેલીયા)**

# અમરેલીના કુકાવાવ તાલુકાના ભાયાવદરમાં સમસ્ત રાવરાણી-ચાવડા પરીવાર દ્વારા સંતવાણી અને ચંડીયજ્ઞનું આયોજન

### મકનબાપા સેવાધામમા ૨૩માં પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાશે

રાજકોટ , તા ૧૧

મકનબાપા સેવાધામ ભાયાવદર(અમરેલી-કુંકાવાવ) ખાતે આગામી તારિખ ૧૬ મે ૨૦૨૪ને ગુરુવાર અને તા.૧૭ મે ૨૦૨૪ને શુક્રવારના રોજ પૂ.મકનબાપાના ૨૩માં પાટોત્સવની બે દિવસીય ભવ્ય ઉજવણી કરવામાં આવશે. મકનબાપાના ૨૩માં પાટોત્સવની ઉજવણી નિમિત્તે ભવ્ય લોકડાયરો અને ચંડીયજ્ઞ યોજાશે.



તા.૧૬ને ગુરુવારે સાંજે ૭ કલાકે મકનબાપાની મહાઆરતી ત્યાર બાદ પરિવારના સમૂહ નૈવેધ તેમજ રાત્રે ૯:૩૦ કલાકે ભવ્ય સંતવાણી-લોકડાયરો યોજાશે.

લોકડાયરામાં ભજનિક ધવલ ઝાલ, લોક સાહિત્યકાર ભદ્રેશ રાઠોડ તેમજ ભજનિક ડિમ્પલ વાઝા ઉપસ્થિત ભાવિકો-શ્રાવકોને ભજન-સાહિત્ય અને સાંસ્કૃતિક સાહિત્યનુ રસપાન કરાવશે. આ તકે બીજા દિવસે એટલે કે તા.૧૭ને શુક્રવારે સવારે ૭ વાગ્યે પૂ.મકનબાપાની પૂજન-અર્ચન વિધી સાથે ચંડીયજ્ઞનો પ્રારંભ થશે. સવારે ૮:૧૫ વાગ્યે મકનબાપાની ભવ્ય શોભાયાત્રા નિકળશે. જેમાં ભૂવાશ્રીઓ, આમંત્રીતો-ભાવિકો તેમજ સમસ્ત રાવરાણી પરિવાર અને ચાવડા પરિવારના લોકો જોડાશે. સવારે ૧૦:૦૦ વાગ્યે મકનબાપા ધામ ખાતે મહાધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે.

ત્યાર બાદ બપોરે ૧૨:૩૦ કલાકે બીડુ હોમવાની વિધી બાદ ચંડીયજ્ઞની પૂર્ણાહુતિ થશે. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ બપોરે ૧૨:૪૫ કલાકે મહાપ્રસાદનું આયોજન કરાયું છે.

આ તકે ગરાળ મહંત શ્રી પ.પુ.૧૦૦૮ અમરગીરી બાપુ, સુરતના પ.પુ.અષ્ટાંગ યોગસિદ્ધ સદગુરૂ પ્રદીતજી તેમજ ગોંડલના સડકપીપળીયા મકનબાપા સેવાધામના ગાદીપતિ નરેન્દ્રભગત તેમજ અમદાવાદના રામનગર સેવાકેન્દ્રના બ્રહ્માકુમારી મંજુબેન ઉપરંત મઢના ભુવા ઓ સહિતના સંતો-મહંતો શુભ અવશરે આશિર્વચન પાઠવશે.

આ તકે મુખ્ય યજમાન પદે અરવિદ્દભાઇ ચાવડા તેમજ સંજયભાઇ રાવરાણી(રાવ સાહેબ) તેમજ આજીવન છાસનાં સહયોગી રાજકોટના ચંદુભાઇ જયંતીભાઇ રાવરાણી, રસીકભાઇ લખુભાઇ ચાવડા તેમજ ભરતભાઇ કાંતિભાઇ રાવરાણી ઉપસ્થિત રહેશે.

## સૌરાષ્ટ હાઈસ્કૂલનું ગૌરવ

રાજકોટ,તા.૧૦

ગુજરાત બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪માં લેવાયેલ ધો.૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષામાં સૌરાષ્ટ્ર હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા પ્રિન્સ સંજયભાઈ ચાવડાએ ૯૯.૯૫ પીઆર સાથે બોર્ડમાં પાંચમું સ્થાન અને નિકુંજ બિજલભાઈ ગમારાએ ૯૯.૯૩ પીઆર સાથે બોર્ડમાં સાતમું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આ તકે શાળાના પ્રમુખ ડો.ભદ્રાયુભાઈ વચ્છરામની ટ્રસ્ટી ડો.નિદત્તભાઈ બારોટ, મુકેશભાઈ દોશી, હરદેવસિંહ જાડેજા તથા સમગ્ર શાળા પરિવારએ અભિનંદન પાઠવેલ છે.

## પ્રોજેકટ લાઈફ દ્વારા બાળકો માટે સમર કેમ્પનું આયોજન

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર અંતર્ગત પ્રોજેકટ 'લાઈફ' દ્વારા બાળકો માટે અમર કેમ્પનું આયોજન તારીખ ૧૩થી૨૫ મે દરમિયાન કરવામાં આવેલ છે. બાળકોનો શારીરિક તેમજ માનસિક વિકાસ કરવાના હેતુથી આ અમર કેમ્પ યોજાશે. આ સમર કેમ્પમાં જોડાવવા તેમજ વધુ માહિતી માટે પ્રોજેકટ 'લાઈફ' બિલ્ડીંગ, રેસકોર્ષ રીંગરોડ ખાતે સંપર્ક કરવો.




## ઈન્ડિયા રેડક્રોસ સોસાયટી દ્વારા ''ડેન્ટલ કિલનિક''નો પ્રારંભ

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી રાજકોટ જિલ્લા શાખા સંચાલીત ડેન્ટલ કિલનિકનો શુભારંભ રેડક્રોસ ભવન ખાતે કરવામાં આવ્યો છે. આ કલિનિકમાં રાહત દરે દાંતના દરેક પ્રકારના નિદાન તથા સારવાર કરવામાં આવશે જેમનો સમય સવારે ૯ થી ૧ અને સાંજે ૩ થી ૬નો રહેશે. આ કલિનિકમાં ડો.દિપા કણસાગરા, ડો.માનસી નથવાણી અને ડો.માનસી ટીલાળા સેવા આપશે.

# પાલીતાણામાં ૧૦૪૦ વર્ષીતપના તપસ્વીઓએ શેરડી રસથી પારણા કર્યાઃ ૧૫૦૦૦ યાત્રિકો આવ્યા





**(મેહુલ સોની)** પાલીતાણા, તા.૧૧

જૈનોના પવિત્ર યાત્રાધામ પાલીતાણા ખાતે શેત્રુંજય તીર્થમાં આજે અખાત્રીજે પારણા ઘર ખાતે ૧૦૪૦ વર્ષીતપના તપસ્વીઓના પારણા કરવામાં આવ્યા હતા. કાળઝાળ ગરમીના કારણે યાત્રિકોની સંખ્યા ઓછી હતી. અંદાજે ૧૫૦૦૦ જેટલા યાત્રિકો આવ્યા હતા. મોટાભાગની ધર્મશાળાઓ ખાલીખમ રહી હતી.

વર્ષીતપના તપસ્વીઓએ આજે વહેલી સવારે આદેશ્વર દાદાની જય હો અને જૈનમ જયતિ શાસનમના નાદ સાથે પવિત્ર ગીરીરાજની યાત્રાનો પ્રારંભ કરેલ હતો. તપસ્વીઓએ ગિરિરાજ ઉપર શ્રી આદિનાથ ભગવાનને શેરડીના રસથી પ્રક્ષાલ કરેલ ત્યારબાદ તપસ્વીઓ ગિરિરાજની યાત્રા પૂર્ણ કરી સવારે ૧૦ કલાકથી વાજતે ગાજતે પારણા ઘરમાં આવી પહોંચ્યા હતા. તપસ્વીઓને તેમના સગા સંબંધીઓ દ્વારા શેરડીના રસથી પારણા ઘરમાં પારણા કરાવવામાં આવેલ હતા.

વર્ષીતપના તપસ્વીઓ માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા પારણા ઘરમાં સુંદર બેઠક વ્યવસ્થા તેમજ શેરડીનો રસ, ઉકાળેલા પાણી અને સાદા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ. વર્ષીતપના મહેમાનો માટે જમવાની વ્યવસ્થા પારણા ઘરમાં કરવામાં આવેલ હતી.

વર્ષીતપના પારણા પ્રસંગે ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બેંગ્લોર, મુંબઈથી યાત્રિકો આવ્યા હતા. આ પ્રસંગે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવેલ હતો. કોઈપણ જાતના અનિચ્છનીય બનાવ વગર વર્ષીતપના પારણાનો પ્રસંગ સુપેરે સંપન્ન થયો હતો.

**વર્ષીતપના પારણા**

વર્ષો પહેલા ફક્ત પાલીતાણા અને હસ્તિનાપુર એમ બે જ જગ્યાએ તપસ્વીઓના પારણા થતા હતા. પરંતુ હવે તો ગામેગામ વર્ષીતપના પારણા થતા હોવાથી પારણા કરવા પાલીતાણા આવતા તપસ્વીઓની સંખ્યા ઓછી થઈ ગયેલ છે. પાલીતાણામાં શેત્રુંજય ગિરિરાજ જ્યાં આદિનાથ દાદા બિરાજમાન છે અને આ તીર્થનું અનેરૂ મહત્વ છે. તેથી પાલીતાણા ખાતે અખાત્રીજના દિવસે વર્ષીતપના પારણા નું મહત્વ રહેલું છે.

**શેરડીના રસથી પારણું**

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને દીક્ષા લીધા બાદ વર્ષ પૂરું થયા પછી શેરડીના રસ વડે પારણું કરેલ તેના પ્રતિક રૂપે વર્ષીતપની કઠિન તપસ્યા બાદ જેનો વર્ષીતપનું પારણું અખાત્રીજના દિવસે કરે છે. આ ઉપરાંત ભગવાન ઋષભદેવને વર્ષમાં ફક્ત એક જ વાર શેરડીના રસથી પ્રક્ષાલ કરવામાં આવે છે.

# થેલેસેમીયાગ્રસ્ત બાળકોના લાભાર્થે આવતીકાલે રકતદાન કેમ્પનું આયોજન

રાજકોટ, તા.૧૧

જરૂરીયાત મંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડિત બાળકોના લાભાર્થે આવતીકાલે રવિવારે ગુણાતીતનગર સોસાયટી ખાતે રક્તદાન કેમ્પ યોજાશે.

બાલાજી મિત્ર મંડળના હિતેશભાઇ ખખ્ખરના સહયોગથી ગુણાતીતનગર-૯નો ખુણો, એચ.ડી.એફ.સી. બેંક પાછળની શેરી, કૃષ્ણનગર મેઇન રોડ ખાતે રવિવારે સાંજે ૮ થી રાત્રે ૧૨ વાગ્યા સુધી રક્તદાન કેમ્પ યોજાશે. રક્તદાનકેમ્પ સાથે શાકાહારના પ્રચાર-પ્રસારનું આયોજન કરવામાં આવેલ છે. સમગ્ર આયોજન અંગે મીત ખખ્ખર, હિતેશ ખખ્ખર, બાલાજી મિત્ર મંડળની ટીમ સેવા આપશે.

# પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટનાં બે બાળકોનો બોર્ડમાં ડંકો : ધો.૧૨ કોમર્સ બોર્ડ પરિણામમાં માલકિયા જયદીપ ૯૯.૯૩ PR, ભીમજીયાણી ખુશીએ ૯૯.૯૧ PR મેળવ્યા

## ઝળહળતી સફળતા બદલ ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણીએ તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી અભિનંદન પાઠવ્યા

રાજકોટઃતા ૧૦

તાજેતરમાં ધો.૧૨ કોમર્સ-સાયન્સનું પરિણામ બહાર પડતાં પુજીત રૂપાણી મેમો. ટ્રસ્ટ અંતર્ગત ચાલતા જ્ઞાનપ્રબોધિની શૈક્ષણિક પ્રોજેક્ટના ધો.૧૨ કોમર્સના બે બાળકો બોર્ડમાં ચમક્યા છે. જેમાં માલકિયા જયદીપ ૯૯.૯૩ ક્ર્સાથે બોર્ડમાં સાતમું સ્થાન અને ભીમજીયાણી ખુશી ૯૯.૯૧ ક્ર્ બોર્ડમાં નવમું સ્થાન પ્રાપ્ત કરતા ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણી એ અભિનંદન પાઠવી ઉચ્ચ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવેલ છે. સતત ૨૪માં વર્ષે આ પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાસ કરતા બાળકોનું ૧૦૦% પરિણામ આવેલ છે.

ધો.૧૨ના પરિણામમાં ટ્રસ્ટનાં ૨૧ વિદ્યાર્થીઓમાંથી ૧૧ વિદ્યાર્થીઓએ કોમર્સ અને ૧૦ વિદ્યાર્થીઓએ સાયન્સમાં પરીક્ષા આપી હતી. આ બધા જ વિદ્યાર્થીઓ ખૂબ સારા માર્કસ મેળવી ઉત્તીર્ણ થયા છે. તેમના સારા પરિણામ માટે ટ્રસ્ટી મંડળના ડો.મેહુલભાઈ રૂપાણી, મહેશભાઈ ભટ્ટ તથા કમીટી મેમ્બર્સ જયેશભાઈ ભટ્ટ, હિંમતભાઈ માલવિયા, હસુભાઈ ગણાત્રા, સી.કે.બારોટ, ભારતીબેન બારોટ, મીરાંબેન મહેતા, ગીતાબેન તન્ના, તથા વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટે અભિનંદનની વર્ષા કરી હતી.




આ પ્રોજેક્ટ અંતર્ગત અભ્યાસ કરી ચૂકેલા કેટલાય વિદ્યાર્થીઓ આજે પ્રોજેકટની શરૂઆતની બેચના વિદ્યાર્થીઓ હાલમાં ડોકટર્સ, એન્જિનિયર્સ, ચાર્ટડ એકાઉન્ટન્ટ, પ્રોફેસર્સ, ફાર્માસિસ્ટ બની ઈન્ટરનેશનલ કંપનીમાં નોકરી મેળવી પોતાના પરિવારના તારણહાર બન્યા છે જેમાં સામાન્ય લારી અને રિક્ષા ચલાવતા પરિવારના બાળકોનો પણ સમાવેશ થાય છે. આજે આ બધા વિદ્યાર્થીઓ ભાવી પેઢી માટે પ્રેરણા સ્રોત બન્યા છે.


# આવતીકાલે કુંકાવાવનાં સનાળી ગામે ગુરૂ મંદિર સંત કુટિરનું ઉદ્દ્ઘાટન

### નવનિર્મિત મંદિરનાં ઉદ્દ્ઘાટન સાથે રકતદાન શિબિરનું પણ આયોજન

રાજકોટ,તા.૧૧

અમરેલી જિલ્લાના મોટી કુંકાવાવ તાલુકાનાં સનાળી ગામે સ્વામી નિર્દોષાનંદ સરસ્વતી સંન્યાસ આશ્રમમાં નવ નિર્મિત સત્સંગ મંદિર, ગુરુ મંદિર એવં સંત કૃટિરનો ઉદ્દ્ઘાટન સમારોહ તા.૧૨ને રવિવારે યોજાનાર છે સાથે રકતદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવેલ છે.સમસ્ત ગ્રામજનો આયોગ આ કાર્યક્રમની પૂર્વ સંધ્યાએ તા.૧૧ શનિવારે સાંજે પાંચ કલાકે શોભાયાત્રા નીકળશે

તા.૧૨ને રવિવારે સવારે ૯.૦૦ કલાકે સંતકૃટિર, સત્સંગ મંદિર, સંતકૃટિનનું ઉદ્દ્ઘાટન ૯.૧૫ કલાકે નૂતન મંદિરમાં પ્રતિમાનું ષોડશોપચાર મહાપૂજન મહાઆરતી, ૧૦.૦૫ કલાકે પૂ.સ્વામી સદાનંદ સરસ્વજી મહારાજની અમૃતવાણી, ૧૦.૪૫ કલાકે સ્વામી ભોલાનંદની અમૃતવાણી, ૧૨.૦૦ દાતા મહાનુભાવોનું સન્માન બપોર ૧ કલાકે સમુહ ભોજન પ્રસાદ સાથે રકતદાન શિબિરનું આયોજન કરેલ છે. સર્વે ભકતજનોએ પધારવા એક યાદીમાં જણાવ્યું છે.



## મોચી જ્ઞાતિ કાર્યવાહી પ્રગતિ મંડળની સામાન્ય સભા મોકુફ

મોચી જ્ઞાતિ કર્મચારી પ્રગતિ મંડળની આવતીકાલની સામાન્ય સભા મોકુફ રાખવામાં આવેલ છે. આગામી સામાન્ય સભાની નવી તારીખ જણાવવામાં આવશે.

# સાંજ સમાચાર ટચુકડી જાહેર-ખબર


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

**સાંજ સમાચાર**

**ટૂંકી જાહેરાત સાંજ સમાચારમાં ગુરૂવાર-શનિવારના અંકમાં પ્રસિધ્ધ**

★ઓછામાં ઓછી ૪ લાઈન

★ફકત રોકડા રૂપિયાથી સ્વીકારાશે

★સવારના ૧૦ થી સાંજના ૮ સુધી

★અમારે દરેક ગામ/શહેર એજન્ટ અને ખબરપત્રી દ્વારા પણ આપી શકાશે.

- વ્યવસ્થાપક



**Raymond શુટ** રૂા. ૩૦૦૦

કાપડ + સિલાઇ સાથે સફારી શુટ રૂા. ૧૫૫૦

રેમન્ડ જોડી સિલાઇ સાથે રૂા. ૧૨૦૦

વિમલ, મયુર, સિયારામ કાપડ + સિલાઇ સાથે ફકત રૂા. ૩૦૦૦ શુટ કોટ પેન્ટ

વિમલ, મયુર, સિયારામ કાપડ સિલાઇ સાથે બ્રાન્ડેડ જોડી રૂા. ૧૧૦૦

**ભાડે મળશે શુટ-સેરવાની**



ચણીયા ચોળી

ઇન્ડો-વેસ્ટર્ન જોધપુરી-બ્લેઝર સાફા-મોજડી

**રાજપૂતાના પોષાક**



રજવાડી બીજીસ હન્ટર શર્ટ, અચકણ બેલ્ટ, બ્લોચ કલગીસાફો-પાઘડી, મોજડી, હન્ટર જોધપુરી તેમજ બાળકોના હન્ટર શર્ટ - બીજીસ મળશે

ન્યુ બન્ના કલેકશન

**ચામુંડા શુટ ઝોન**

| | |
|---|---|
| શુટ ફેન્સી | →૩૫૦૦થી |
| ઇન્ડોવેસ્ટર્ન | →૩૫૦૦થી |
| ફેન્સી બ્લેઝર | →૨૫૦૦થી |
| સેમી ઇન્ડોવેસ્ટર્ન | →૨૨૦૦થી |
| કોટન કુર્તા સેટ | → ૫૫૦થી |
| ફેન્સી કોટ | →૧૦૦૦થી |
| સિલ્ક કુરતા જેકેટવાળા | →૧૮૫૦થી |
| કાઉલ કુરતા શેટ | →૨૫૦૦થી |
| કોટી | → ૫૫૦થી |

ચામુંડા ટેઇલર્સ એન્ડ સિલેકશન

વિશ્વેશ્વર મંદિર સામે, મવડી મેઇન રોડ રાજકોટ. મો. ૯૮૨૫૫ ૪૮૬૫૫


## વેચવાનું છે

**તાત્કાલીક ફલેટ વે. નો છે**
એપલ એલીગન્સ, ૨ બેડ, હોલ, કીચન, સેમી ફર્નિ., જીમ, સ્વીમીંગ, ફુલ પાર્કિંગ, ઈશ્વરીયા પહેલા, કાલાવડ રોડ, રાજકોટ. મો. ૯૭૨૭૬ ૫૫૩૨૫ (૬૬૦૬)

**મકાન વેચવાનું છે**
૩ બેડ, હોલ, કિચન, ૮૭.૫ વાર, વેસ્ટ ઓપન, ફુલ પાણી, પેક સોસાયટી, શાંતિ નિકેતન એવન્યુ બ્લોક નં. ડી-૯, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, મો. ૯૭૨૬૧ ૯૮૧૮૯ (૬૫૯૭)

**બંગલા વે.**
(૧) સુર્યનગર, ૧૧૨ વાર, નાના મવા રોડ, કિ. ૧૦.૫, (૨) સહકાર મેઈન રોડ, દામજી મેપા પ્લોટ, ૮૦ વાર, ૧૮નું ફ્રન્ટ, બીમ કોલમ, ફોર બીએચકે, પુજા રૂમ, એસી, સોલાર, ફિકસ, ફર્નિચર બદલો પણ ચાલશે. (બ્રો.) ૯૩૨૭૭ ૦૫૬૪૫ (૬૬૬૩/૧)

**દુકાન વેચવાની છે**
બંગડી બજાર, હોલસેલ માર્કેટમાં નવા કોમ્પ્લેક્ષમાં પહેલા માળે, ૧૦૫ સ્કે. ફીટ, સંપર્ક : ૯૯૭૯૮ ૮૨૬૦૪ (૬૬૪૬)

**વેચવાનું છે**
ડુપ્લેક્ષ ચાર રૂમ, બે રસોડા, સંડાસ, બાથ, લાઈટ, નળ, ગેસ લાઈન, બોર, ૮૩ વાર જગ્યા, મોચીનગર-૬, જ્ઞાતિ બાધ નથી. ૯૯૭૮૪ ૩૫૪૨૧ (૬૬૩૪)

**ફલેટો વેચવાના**
સર્કિટ હાઉસ, શ્રોફ રોડ, તક્ષશીલામાં ૩ બીએચકેના ફુલ્લી ફર્નિશ ફલેટો, ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૬૫૫/૨)

**ફલેટો વેચવાના**
ચૌધરી હાઈસ્કુલ સામે, ૩ બીએચકે, ૯૦૦ થી ૧૫૦૦, કારપેટના સે.મી. ફર્નિચર સાથે કસમાં, ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૬૫૫/૩)

રોયલપાર્કમાં ૩ બીએચકેના ૧૨૫૦ કાર્પેટના ૨ ફલેટ વેચવાના ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૬૫૫/૪)


**જોઈએ છે**

**કોમ્પ્યુટર ઓપરેટર**

મિરેકલનાં જાણકાર રૂબરૂ મળો.

દિપક સેલ્સ એજન્સી
3-વિજયપ્લોટ, ગોંડલ રોડ, સુર્યકાંત હોટલ પાસે, રાજકોટ.


**કસમાં દુકાન વેચવાની છે**
સુપર લોકેશન કોઠારીયા મેઈન રોડ, કિ. ૪૫, ફાઈનલ, ૯૪૦૮૯૨૪૫૧૮ (૬૬૪૮)

**વેચવાની છે**
ઓફીસ ૧૩૫ ફુટ, નવું બિલ્ડીંગ મકકમ ચોક, ગોંડલ રોડ, ૯૫૧૦૦ ૮૭૫૫૭ (૬૬૫૩)

**વેચવાનું છે**
મેહુલનગર કોઠારીયા રોડ, ૧૬×૪૦, જુનુ મકાન, ૭૦ વાર, બે માળ, મો. ૭૪૦૫૨ ૭૭૪૮૧ (૬૬૬૦)

**દુકાન વેચવાની છે**
સ્વામીનારાયણ ચોક પાસે, કસમાં ૧૨૬ ફુટ, બહારનો ભાગ ફ્રીમાં સાથે મળે ખાણીપીણીવાળા માટે બેસ્ટ લોકેશન, મો. ૯૪૨૯૪ ૭૨૩૭૨ (૬૬૬૧)

**મકાન વેચવાનું છે**
૫૦ વાર, કિ. ૨૭, લોનેબલ, મેહુલનગર-૧, કોઠારીયા રોડ ઉપર નીચે ૨ બીએચકે બંધ શેરી, મો. ૮૮૪૯૯ ૫૩૯૦૨ (૬૬૬૪)

**પ્લોટ વેચવાના છે**
(૧) જુના જાગનાથ પાડવા લાયક જુનુ મકાન, ૩૦×૪૫ બેસ્ટ લોકેશન (૨) સુચિત પ્લોટ, ન્યુ ગણેશ ૩૦૦ વાર, ૪૫×૬૦ વંડો વાળેલ, ટીપી ફાઈનલ, બેસ્ટ લોકેશન, ૪૦નો રોડ, ભાવ ૨૪૦૦૦/- બાંધકામ તથા રોકાણલાયક, બ્રો. ૯૩૨૭૭ ૦૫૬૪૫ (૬૬૬૩/૩)

**લોનેબલ નવા મકાનો**
૬૦ વાર, બેસ્ટ એલીવેશન, બંધ શેરીમાં, બે ફેમીલીલાયક, કિં. ૪૨ લાખ, બદલામાં જુનુ મકાન ચાલે, બેસ્ટ લોકેશન, સહકાર મેઈન રોડ, કલ્યાણનગર, (બ્રો.) ૯૩૨૭૭ ૦૫૬૪૫ (૬૬૬૩/૧)

## વાહન લે-વેચ

સ્કુટી પેપ, મો. ૨૦૧૯, જુજ વપરાયેલ છે. મો. ૯૯૨૪૮ ૭૦૧૨૬ (૬૬૪૦)


**જોઈએ છે. બંગલો**

પંચશીલ સોસાયટીમાં માલવીયા કોલેજ પાછળ

સ્વાશ્રય સોસાયટીમાં બંગલા/મકાન જોઈએ છે.

મવડી રોડ ઉપર

ચાલુ હોટલ વેચવાની છે. નંગ ૫

ચાલુ આવક વાડી બસ સ્ટેન્ડ પાછળ રાજકોટ.

જલારામ એસ્ટેટ 9979433354


## ભાડે આપવાનું છે

**ઓફીસ ભાડે આપવાની છે**
એસી., ફર્નિચર, પીઓપી સાથેની પ્રમુખસ્વામી આર્કેડ, માલવિયા ચોક, રાજકોટ. મો. ૯૯૨૫૮ ૭૫૯૧૯ (૬૬૫૪)

**ફલેટો ભાડે દેવાના**
જાગનાથ, ધરમ સિનેમા, યુનિ. રોડ, ગોપાલ ચોક પાસે ૨ બીએચકે, સેમી ફર્નિસ, ૯૪૨૬૧ ૭૪૬૮૦ (૬૬૫૫)


**સાંજ સમાચાર**

૧૨ અક્ષરની ૧ લાઈન

૧ લાઈનના માત્ર રૂા.૧૦

ટચૂકડી સ્વીકારવાનો સમય

૧૦ થી ૮- સોમથી શનિ



**શિવ સાગર એસ્ટેટ**

**ચંદ્રકાંત શેઠ : ૯૯૭૯૧ ૯૫૮૯૬**


**(સુંદર / ફલેટ)**
યાજ્ઞિક રોડ, રામકૃષ્ણનગર ૪/બેડ, ૨૨૦૦ ફુટ, લકઝરી ફર્નિચર દરેક રૂમમાં, એ.સી. દરેક રૂમમાં, અરજન્ટ વેચવાનો. કિંમત ૧/કરોડ/૨૧/લાખ, છેલ્લો ભાવ અરજન્ટ

**(મકાન / અરજન્ટ)**
ભકિતનગર સોસાયટી, ૪૨૫ વાર, કોર્નર બંગલો, ભાવ વારનાં (૫૫૦૦૦) તાત્કાલીક વેચવાનું

**(સુંદર / બંગલો)**
૪/બેડ, લકઝરી ફર્નિચર નવો બંગલો કોઠારીયા રોડ, સ્વાતિ પાર્ક, ૮૦/રોડ ચોવીસ કલાસ પાણી, કિંમત (૭૫/લાખ) ૧૦૦/વારમાં આધુનિક બાંધકામ

**(સુંદર / બંગલો)**
૧૫૦ / વાર, કોર્નર, ભકિતનગર સોસાયટી બાજુમાં, સાધના સોસાયટી, ૪ / બેડ રૂમ દરેક રૂમમાં ફર્નિચર એ.સી. સાથે વેચવાનું છે. (કિંમત / ૧ / કરોડ / ૧૧ / લાખ) અરજન્ટ

**(સુંદર / બંગલો)**
૪/બેડ રૂમ, નવો બંગલો, ગાડી પાર્કિંગ, ગાર્ડન બગીચા, કિંમત ૮૫ લાખ, તાત્કાલીક વેચવાનો, ભકિતનગર સોસાયટી, બાજુમાં ગીતાંજલી

**(મકાન / કસમાં)**
૧૦૦/વાર / ૪ / બેડરૂમ, ગુંદાવાડી / ચોવીસ કલાક પાણી, કિંમત (૬૫ / લાખ) અરજન્ટ વેચવાનું

**(મકાન / તાત્કાલીક)**
કાલાવડ રોડ, કોટેચા ચોક, ૨૦૦ / વાર, ૪ બેડરૂમ માપ ૩૦/૬૦ કિંમત ૧/કરોડ/૪૦ લાખ તાત્કાલીક વેચવાનું

**(મકાન / વેચવાનું)**
૨૦૦ / વાર, રેસકોર્સ રીંગ રોડ, પાટા પછી, સૌરભ સોસાયટી, ૩૦/૬૦ માપ ભાવ ઉઘડા / કિંમત (૧ / લાખ, ૨૫ હજાર) તાત્કાલીક

**(રેસીડેન્ટ / પ્લોટ)**
૫૬૫/વાર, ૭૦/૭૩, ૫૦/નો રોડ કોર્નર ભાવ વારનાં (૨૦૦૦૦) છેલ્લો ભાવ કોઠારીયા ગામ, કોઠારીયા રોડ, અરજન્ટ વેચવાનો

**(ખેતર / વાડી / ફાર્મ)**
૨૫/એકરમાં સુંદર વાડી, આંબાનાં બગીચા ભાવ એકરનાં (૧૫/લાખ) અરજન્ટ વેચવાની, અમદાવાદ રોડ, બામણબોર ચોકડી, કંડલા રોડ, વિનયગઢ, તાત્કાલીક વેચવાની

**(સુંદર / ફાર્મ / બગીચો)**
૫૦/વિઘામાં લાઈટ, પાણી કનેકશન ફરતો બેલાનો વંડો, ભાવ વિઘાના (૫/લાખ) તાત્કાલીક વેચવાની અમદાવાદ રોડ, ચોટીલાની આગળ

**(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)**
ગોંડલ રોડ, વાવડી ૩૫, પુનમ ડમ્પર, ૧૨૦૦/ વાર ભાવ વારનાં (૨૫૦૦૦) અરજન્ટ વેચવાનો

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
(૧૦,૦૦૦/વાર) ૬૦/નાં ૨/ રોડ ભાવ વારનાં (૨૫૦૦) અમદાવાદ રોડ, બામણબોર / નેશનલ રોડ, એરપોર્ટ દીવાલ નજીક અરજન્ટ વેચવાનું.

**(ઈન્ડસ્ટ્રીઝ / પ્લોટ)**
૧૪,૫૦૦ / વાર, ગોંડલ રોડ, ટોલનાકા બાજુમાં, ભાવ વારનાં ૬૫૦૦/ અરજન્ટ વેચવાનો રોડ ટચ

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
૧૦૦૦/વાર, આજી વસાહત, ૮૦/ નો રોડ, ફિલ્ડ માર્શલ બાજુમાં, સોરઠીયા વાડી ચોક ભાવ વારનાં (૨૮૦૦૦) છેલ્લો ભાવ અરજન્ટ વેચવાનો.

**(ઈન્ડસ્ટ્રીઝ / શેડ)**
શાપર / વેરાવળ, ૨૮૦૦ / વાર / ૧૮૦૦૦ ફુટ બાંધકામ તાત્કાલીક વેચવાનો, ભાવ વારનાં (૨૦૦૦૦) શાપર રાણીમીલ નજીક તાત્કાલીક વેચવાનો.


**એડમિરેકલ ૯૪૨૭૫ ૦૫૫૧૨**


**3-BHK, ફલેટ ભાડે આપવાનો છે**
સમન્વય શુભ, વિંગ-એ, બીજો માળ, શીવપાર્ક શેરી નં. ૩, મીરાનગર, સ્ટર્લીંગ હોસ્પિટલ પાછળ, નાણાવટી ચોક. મો. ૭૦૧૬૧ ૩૧૮૭૨ ૮૨૦૦૨ ૮૧૭૧૭


**કેયુર એડ એજન્સી**
મેટોડા GIDC
Mo. 98248 03727


**ઈશ્વરીયાના કોઈપણ સર્વે નં. માં પ્લોટ લેવા-વેચવા માટે**
ગોપી પાર્ક/ ઈશ્વર પાર્ક જતીન પાર્ક/ જગદિશ પાર્ક મિલન પાર્ક/ત્રિશા પાર્ક પ્રિન્સ પાર્ક/પાર્શ્વવિહાર પાર્ક/પ્રશાંત પાર્ક/ગ્લોરીયશ પાર્ક/K-9 પાર્ક/K-11 પાર્ક ગિરિરાજ પાર્ક/ઋષભ પાર્ક સિલ્વર વિલા/સિલ્વર ગોલ્ડ અંબાજી પાર્ક/હિલ વ્યુ/ વ્રજ ભૂમિ/ ડાયમંડ પાર્ક મો. ૯૬૨૫૫ ૮૮૮૮૮


**અપેક્ષ એડવર્ટાઈઝીંગ**
કોમર્સ હાઉસ, ઢેબર રોડ, વન-વે, રાજકોટ.
મો. ૯૪૨૬૯ ૯૧૮૦૦


**મકાન વેચવાનું છે**
૩-બેડ, હોલ, કીચન, ફુલ ફર્નિચર, ૧, બેકબોન પાર્ક, 'કિશન', બાલાજી હોલ પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, મો. ૯૮૨૪૨૦૬૪૨૧

**સેલ્સમેન જોઈએ છે**
હોઝયરી-નાઈટવેરના રીટેઈલ શો-રૂમ માટે જેન્ટસ સેલ્સમેન રૂબરૂ મળો 'મનહર', ધર્મેન્દ્રરોડ, જોગેશ્વરીની બાજુમાં, રાજકોટ. મો.૯૪૮૪૮ ૮૦૭૦૦


**રાજેશ શેઠ**
૯૯૨૫૧ ૦૦૭૩૩


**(ઈન્ડ. જમીન વેચવાની)**
કાલાવડ રોડથી નજીક અમરેલી, સર્વે નંબર (૪) એકર મેઈન રોડ ટચ, તાત્કાલીક બઝાર કિંમતે વેચવાની.

**(ઈન્ડ. જગ્યા વેચવાની)**
ગોંડલ નેશનલ હાઈવે ટચ, બીલીયાળા સર્વે નંબર, ૨૨,૦૦૦ વાર જગ્યા અતિ મોકાની બઝાર કિંમતે વેચાણથી આપવાની.

**(ઈન્વેસ્ટ લાયક જમીન)**
ગોંડલ નેશનલ હાઈવેથી ૧૦૦/ મીટર, ટોલનાકા પછી ૧૨ એકર, જુની શરત, ફ્રી ઝોન, ઓરસ+ચોરસ, બઝાર કિંમતે વેચવાની છે.

**(મોકાનો પ્લોટ વેચવાનો)**
જામનગર રોડ, પરાપીપળીયા, સર્વે નંબર, ૧૦૦/ફુટ રોડ, ૩૦૦૦ વાર, માર્કેટ ભાવથી આપવાનો છે.

**(શોરૂમ લાયક પ્લોટ વેચવાનો)**
ગોંડલ હાઈવે ટચ, કોઠારીયા સર્વે નંબર, ૧૩૫૦ વાર જગ્યા, ઓરસ + ચોરસ, શોરૂમ + પેટ્રોલ પમ્પ + લાયક, તાત્કાલીક બઝાર કિંમતે વેચવાનો.

**(આલીશાન બંગલો વેચવાનો)**
અમીન માર્ગ નજીક એસ્ટ્રોન સોસા., ૪ બીએચકે, ફુલ્લી ફર્નિચર સાથે, ૩૦૦ વાર જગ્યા, પ્રાઈમ લોકેશન વેચવાનો.


**એડેક્સ મીડીયા લીંક્સ**
જાહેરાત 99 242 34 642 વોટસએપ કરો અને ઓનલાઈન પેમેન્ટ કરો
309 - માધવ કોમ્પલેક્ષ, હોટલ ઈમ્પીરીયલ સામે, યાજ્ઞિક રોડ, રાજકોટ. મો. 99 242 34 642


## ભાડે વિભાગ

**કાલાવડ રોડ સ્વામિનારાયણ મંદિર પાછળ પોશ એરીયા,** પાંચ મોટા રૂમ ફકત ઓફિસ, ગોડાઉન, પ્લે હાઉસ માટે ભાડે. મો.૬૩૫૨૧ ૫૮૯૧૨

## ધંધાદારી

**૧૨ પાસ હોય તેવા ૧૦૦** યુવનોની તાત્કાલીક જરૂર છે મો.૯૪૨૮૯ ૫૩૬૮૩

## ધંધાદારી

**આધારકાર્ડ અને પાનકાર્ડ** લિંક કરી આપીશું. મો. ૯૪૦૮૫ ૧૪૧૪૧

**આધારકાર્ડ તથા પાનકાર્ડ માં** નામ, નંબર અને એડ્રેસ ફેરવી આપીશું અને નવા પણ બનાવી આપીશું. મો. ૯૪૦૮૫ ૧૪૧૪૧

6662


**ધ્રુવ એડસ**
હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323


**જોઈએ છે**
ઓફિસ અને ફિલ્ડવર્ક કરવા માટે બહેનો જોઈએ છે. વિનોદભાઈ, ૯૧૭૩૮ ૨૭૧૨૫

**વેંચવાનું છે**
મકાન વેંચવાનું છે
૨ રૂમ, રસોડું નીચે, ૨ રૂમ રસોડુ ઉપર, ૫૨ વાર, એરપોર્ટ પાસે, ગીતગુર્જરી સોસાયટી, બ્રોકર આવકાર્ય છે, મો. ૬૩૫૯૯ ૮૦૯૦૫


**વિઝન ગ્રાફિકસ**
૪/૧૨-ભકિતનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ. મો. ૯૨૬૫૭ ૨૪૫૫૩


**વેચવાનું છે**

**દુકાન વેચવાની છે**
૩/૧૧ ભકિતનગર સ્ટેશન પ્લોટ, મો. ૯૪૨૭૯ ૧૩૨૪૦.

**ટેબલ-ખુરશી વેચવાના છે**
ટેબલ-ખુરશી તથા એલ્યુ. સેકશનનું પાર્ટીશન વેચવાનું છે મો. ૯૪૨૬૯ ૯૧૫૦૭.

**જોઈએ છે**
જોઈએ છે
સાઈટ સુપરવાઈઝર, મીકેનીક કામના અનુભવી, રીલાયન્સ સેલ્સ કોર્પો., ૧૬/૨૮ વિજય પ્લોટ, રાજકોટ.

**ભાડેથી**
**શેડ ભાડે આપવાનો છે**
૪૦૦ વારનો ઈન્ડ.શેડ ભાડે આપવાનો છે. ૫-દિનદયાળ ઈન્ડ. એરીયા, આજીડેમ પાસે મો. ૯૪૨૬૯ ૯૧૫૦૭.

## યાત્રા પ્રવાસ

**ખોડીયાર ટ્રાવેલ્સ સ્લીપર**
ચોકકસ ઉપડે છે ૩૦/૫ દિ. ૧૬, ઉતર ભારત સાથે ચાર ધામ ટી. ફકત ૨૧૫૦૦, ઉપર રહેવા જમવા સાથે, ૪ સોફા ખાલી છે. તા. ૨૦/૫, આબુ, નર્મદા ડેમ, એ.સી., ૨×૩ બસ દિ.૫. બુકીંગ ૯૮૨૫૩ ૫૯૦૯૦ (૬૬૪૫)

**બાપા સીતારામ યાત્રા સંઘ**
(૧) ચાલો કબરાઉ (મોગલધામ) (૬-સ્થળ) પ્ર.દિ.ક. ટી.રૂા. ૭૦૦, તા. ૨૫/૫/૨૪ શનિવાર રાત્રે (૨) ચાલો દ્વારકા, શીવરાજપુર બીચ (૭-સ્થળ) પ્ર.દિ.૧ ટી. રૂા. ૬૫૧ તા. ૨૫/૫/૨૪ શનિવાર રાત્રે (૩) ચાલો હાથલા (શનિદેવનું જન્મ સ્થળ અમાસને ગુરૂવાર) પ્ર.દિ. ૧ ટી. રૂા. ૬૫૧, તા. ૫/૬/૨૪, બુધવાર રાત્રે (૭ સ્થળ) બપોરે એક ટાઈમ જમવાનું, વધુ વિગત માટે સંપર્ક: ૯૭૨૩૬ ૩૮૬૨૨, ૯૦૮૧૧ ૯૬૯૬૦


**જોઈએ છે**

**ઓટોમોબાઈલ્સ પાર્ટસની દુકાનમાં કામ કરી શકે તેવા માણસો**

અનુભવીને પ્રથમ પસંદગી. રૂબરૂ મળો.

દિપક સેલ્સ એજન્સી
૩-વિજયપ્લોટ, ગોંડલ રોડ, સુર્યકાંત હોટલ પાસે, રાજકોટ


## જોઈએ છે

**ફલેટ જોઈએ છે**
બ્રાહ્મણ પરિવારને કોટેચા ચોક, જાગનાથ, કાલાવડ રોડની આજુબાજુ વિસ્તારમાં, ૨/૩ બીએચકે, ફુલ ફર્નિચર સાથે, સંપર્ક : ૭૦૯૬૯ ૮૪૭૬૧ (નાનુભાઈ)રાજકોટ(૬૬૩૯)


**આપના ધંધાકીય વિકાસ માટે ટચુકડી જાહેરાત આપી આપના ધંધાનો વિકાસ**



**કામદાર પબ્લીસીટી**
કોઈપણ દૈનિક ન્યુઝ પેપરની નાની-મોટી કે ટચુકડી જાહેરાત આપવા સંપર્ક કરો
ચંદ્રકાન્તભાઈ કામદાર-૯૮૭૯૨ ૬૬૫૧૫
નિતેશ કામદાર-૯૮૯૮૯ ૭૨૮૩૮
પ્રમુખસ્વામી આર્કેડ, ૩જા માળે, માલવીયા ચોક, રાજકોટ


## ધંધાદારી

**સાંઝાચુલા (ગુજરાતી થાળી)**
ફકત રૂા. ૭૫માં ફુલ થાળી, રોટલી, દાળ, ભાત, શાક, સંભારો (૨ શાક) ઈન્દીરા સર્કલ પાસે, કાલાવડ રોડ, રામ ઔર શ્યામ ગોલાવાળાની બાજુમાં, ફોન : ૯૯૭૯૯ ૧૬૩૫૬/૯૯૨૪૫ ૭૮૧૪૪

## જોઈએ છે

**(તાત્કાલીક જરૂરીયાત છે)**
અમને તાત્કાલીક સિવિલ એન્જીનીયર્સ CAD ઓપરેટર, કલેરીકલ સ્ટાફની જરૂર છે, પેટ્રોલીયમ કંપનીને લાગતો અનુભવ જરૂરી, ઈ-મેલ : bhadrashilp@gmail.com મો. (૧) ૭૦૪૬૧ ૨૫૪૨૪, (૨) ૯૪૨૬૮ ૧૬૦૨૪

**લેડીઝ જોઈએ છે**
લેડીઝ સ્ટાફ કોમ્પ્યુટર જાણકાર / ફ્રેશર ઓફીસ વર્ક માટે મળો : ૯૩૭૫૭ ૧૩૨૧૨

## ભાડે આપવાનું છે

**ભાડે આપવાનું છે**
૧ બીએચકે, હોલ, કીચન, કોઠાર મીની ફર્નિશ્ડ, આગળ પાછળ ફળીયુ, ફુલ હવા ઉજાસ, મીરાનગર, રૈયા રોડ, ભાડુ ૧૦,૦૦૦ (દશ હજાર) કોન્ટેક : ૯૧૫૭૦ ૫૫૫૫૯

**ફલેટ ભાડે આપવાનો છે**
૧ બેડ, હોલ, કીચન, રૈયા ચોકડી પાસે મળો : ૯૩૭૫૭ ૧૩૨૧૨

**ભાડે આપવાના છે**
પંચાયતનગર પાસે, હોસ્ટેલ માટે અનુકુળ ૪ માળનું ૨ બેડ, હોલ, કીચનના ૮ ફલેટ તથા ૧૫૦૦ સ્કે. હોલ, રેસ્ટોરન્ટ માટે અનુકુળ મળો : કિશોરભાઈ કલ્યાણી, માતંગી એસ્ટેટ : ૯૪૨૮૨ ૫૦૫૩૩

**જોઈએ છે**
ડીલીવરી બોય (૧) ઓટો મોબાઈલના અનુભવી (૨) ઓટો પાર્ટસનું મેઈન્ટેનસ કામ કરી શકે એના માટે મો. ૮૦૦૦૩ ૨૨૦૨૦, રાજકોટ.


**શશી પબ્લીસીટી**
૧/૩ લક્ષ્મીવાડી કોર્નર, રાજકોટ.
દરેક પેપરની ટચૂકડી જા.ખ. માટે મળો: પ્રકાશ ગાંગડીયા
મો: ૯૮૨૫૫ ૫૫૮૪૫, ૮૮૪૯૩ ૮૦૭૪૮


## યાત્રા પ્રવાસ

**રામા ટ્રાવેલ્સ-જેતપુર ધમાકા-ધમાકા-ધમાકા**
ઉજજૈન, ઓમકારેશ્વર, ચિત્રકુટ, અલ્હાબાદ, કાશી, અયોધ્યા, હરિદ્વાર, મથુરા, રામદેવડા, અંબાજી દિવસ-૨૦ ભાડુ રૂા. ૯૦૦૦/- રહેવા- જમવા સાથે ઉપડશે. તા. ૧/૬/૨૪ (૨) દિવસ-૨૦ રૂટ ઉપર મુજબ ભાડુ રૂા. ૭૦૦૦/- (ફકત ભાડુ) મો. ૯૯૭૮૮ ૧૨૫૩૮

**જય બાલાજી ટુર્સ**
ઉપડશે તા. ૧૬/૫ રાત્રે, ચાલો વેકેશનમાં હરીદ્વાર, દિલ્હી, ગોકુળ-મથુરા, આગ્રા, જયપુર, પુષ્કર, નાથદ્વારા, અંબાજી, ઉંઝા, કેસરીયાજી, શામળાજી, ડાકોર વિગેરે ઘણા સ્થળો રહેવા જમવા ચા-નાસ્તો સહિત સ્લીપર કોચ બસ, આનંદદાયક ગેરંટીથી યાત્રા કરાવનાર એક માત્ર નામ ચંદુભાઈ મૈયડ : ૯૮૭૯૯ ૫૬૯૯૦, મુકેશભાઈ મૈયડ : ૮૨૩૮૪ ૮૨૯૨૩, નવલનગર-૧૯, રાજકોટ (બહાદુરગઢવાળા) બીજી બસમાં ફકત પાંચ સોફા બાકી છે. જલ્દી ડીપોઝીટ ભરી નામ નોંધાવો.

**વૃજ અમૃત ધારા**
ચાલો ટ્રેનમાં હરિદ્વાર, શ્રીમદ ભાગવત સપ્તાહ, તા. ૬/૯/૨૪ થી ૧૪/૯/૨૪, મો. ૯૯૭૪૩ ૨૨૩૦૦

## વેચવાનું છે

નવલનગર, કૃષ્ણનગરમાં નાના બજેટના મકાન વેચવાના છે. તેમજ લેવાના છે. મળો ચંદુભાઈ મૈયડ : મો. ૯૮૭૯૯ ૫૬૯૯૦

**કસમાં ફલેટ વેચવાનો છે**
કરણપરામાં ૨ બીએચકે ૪થા માળે, લીફટ સાથે ૫૯૦, કારપેટ કિંમત ૨૧.૫૦, મો. ૯૯૯૮૮ ૭૧૪૪૦

**ફલેટ વેચવાનો છે**
મનહર પ્લોટ ૯-એમાં, ૧ બીએચકે, ફુલ્લી ફર્નિશ્ડ, ૩૭૦ કારપેટ, ફર્સ્ટ ફલોર, લીફટ સાથે કિંમત ૧૮.૫૦, મો. ૯૯૯૮૮ ૭૧૪૪૦

**સોનીભાઈઓ માટે ખાસ ફલેટ વેચવાનો છે**
૩ બીએચકે, પેલેસ રોડ ટચ ૮૦૦ કાર્પેટ, ૧ માળે ૧ ફલેટ ફુલ હવા ઉજાસ પાણી ગેસ લાઈન, ફુલ ફર્નિચર સાથે, ૯૪૨૬૨ ૨૯૩૬૮

**ન્યુ મકાન ૩ બીએચકે વેચવાના છે**
૬૬ વાર, કાદમ્બરી પાર્ક, એમટીવી નજીક કાલાવડ રોડ, રાજકોટ. ૮૧૪૧૪ ૧૪૦૪૧

**વેચવાની છે**
ઓફિસ, શોરૂમ લાયક, ઈન્ટીરીયર + ફર્નિચર સાથે જગ્યા ૧૫૦ ફુટ રીંગ રોડ, સ્ટર્લિંગ હોસ્પિટલ નજીક, કિંમત ૨૭.૫૦ લાખ, મો. ૯૮૨૪૩ ૨૯૦૨૨

**મકાન વેચવાનું છે**
૨ ફેમીલી રહી શકે તેવું, ઉપર-નીચે ટા.કી. ૨૬ લાખ સહકાર મે. રોડ, મો. ૯૭૭૩૧ ૦૮૯૭૬

## જોઈએ છે

**જોઈએ છે માણસો**
દુકાનમાં કામ કરી શકે તેવા ઉંમર- ૧૮ થી ૪૦, અનંત ઓટોમોબાઈલ્સ, ૩૪, સ્વામિનારાયણ ગુરૂકુળ, ગોંડલ રોડ, રાજકોટ.

**જોઈએ છે માણસ**
કટલેરી-કોસ્મેટીકની દુકાનમાં મળો : અવની સિલેકશન, બંગડી બજાર, રાજકોટ, પગાર ૧૦ હજારથી શરૂ અનુભવી મુજબ મો. ૯૮૨૪૮ ૬૧૭૨૨

## ભાડે આપવાનું છે

**સ્વતંત્ર મકાન ભાડે આપવાનું છે**
સ્વતંત્ર ૨ બીએચકે, ડેલી બંધ ફળીયા સાથે, નોકરીયાતને જ ભાડુ-૧૧,૫૦૦, પી.ડી.એમ. કોલેજ પાસે, સ્વામીનારાયણ ચોક, રાજકોટ. ૯૪૨૬૨ ૨૯૩૬૮

## ધંધાદારી

**ખાણ ખનીજ**
ખાણ ખનીજની કોરી લીઝ માઈનીંગ લીઝ અપીલ અરજી રીવીઝન અરજી તથા ખાણ ખનીજને લગતા કોઈપણ પ્રશ્નોનું નિરાકરણ સફળતાપૂર્વક કરી આપશું તેમજ ખાણની જમીન માલીકીના ધોરણે મેળવવા માટે તેમજ ખેતીની જમીન ૧૨ વર્ષના કબજા પછી માલીકીના ધોરણે મેળવવા માટે સંપર્ક : હસમુખભાઈ જોષી - ૮૮૪૯૫ ૪૫૫૪૩

**આસ્થા કલાસીસ**
ધોરણ ૧૨ કોમર્સ (ગુજ./અંગ્રેજી) સ્પે. વિષય એકાઉન્ટ માટે પર્સનલ હોમ ટયુશન ગેરેન્ટેડ પરિણામની ખાત્રી અનુભવ ૨૦ વર્ષ સંપૂર્ણ અભ્યાસક્રમ માત્ર ૨ માસમાં મો. ૯૪૨૭૩ ૦૮૯૬૯


**વિકાસ પબ્લીસીટી**
RK સુપ્રીમ, 1120-1121, 11માં માળે, ટવીન સ્ટાર સામે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
Mo. 98795 18143 • 99795 18143


## જોઈએ છે

**જોઈએ છે**
સીલાઇ કામના જેન્ટ્સ કારીગર અમારા ગારમેન્ટ પર આવીને જથ્થાબંધ બ્લાઉઝ સીવી શકે તેવા જેન્ટ્સ કારીગરની જરૂર છે. અનામીકા મેચીંગ સેન્ટર, કેવડાવાડી કેનાલ રોડના ખુણા ઉપર, બોમ્બે આર્યન સામે, રાજકોટ.

**રસોઇ માટે બહેન જોઇએ છે**
સવારે ૯ (નવ) થી રાત્રે ૮ (આઠ) સુધી રોકાઇ રસોઇ ને લગતું કામ કરી શકે તેવા. મો. ૯૪૨૬૬ ૯૮૯૯૦

**જોઇએ છે**
દુકાનમાં કામ કરી શકે તેવા જેન્ટ્સ અથવા લેડીઝ સ્ટાફની જરૂર છે. મળો : અનામીકા મેચીંગ સેન્ટર, કેવડાવાડી કેનાલ રોડના ખુણા ઉપર, બોમ્બે આર્યન સામે, રાજકોટ.

**જોઇએ છે**
ડાયશોપ સુપરવાઇઝર - ૧ (અનુભવી), ડેલ કેમ વીએમસી પ્રોગ્રામર - ૨, ઓનલાઇન ફલેટ ફોર્મના સેલિંગ ફિલ્ડના અનુભવી સ્ટાફ - ૪ (મેલ/ફિમેલ), વીએમસી ઓપરેટર - ૩, પ્લાસ્ટિક મોલ્ડ ડાયમેકર - ૩ (અનુભવી), સીટ મેટલ ડાયમેકર - ૨ (અનુભવી) ટર્નર - ૨, ફીટર - ૩, ડ્રીલીંગ ઓપરેટર - ૩, કન્વેસનલ મીલીંગ ઓપરેટર - ૨. સેલેરી : કામના પરફોર્મન્સ પર. વાહન અને રહેવાની સગવડ છે. મો. ૯૮૨૪૮ ૩૫૨૫૧

**અર્જન્ટ માણસોની જરૂર છે**
ટેલીકોમ લાઇન માટે એરિયા વાઇસ છત્રી રાખીને સીમકાર્ડ વેચી શકે તેવા ઉત્સુક વ્યક્તિની જરૂર છે. પગાર + કમીશન મો. ૮૩૦૬૩ ૧૪૦૩૨, ૯૮૨૪૪ ૫૯૫૩૬

**વેઇટર જોઇએ છે**
મો. ૯૮૭૯૪ ૭૧૧૦૮

## વેચવાનું છે

**બંગલો વેચવાનો છે**
૧૧૭ વાર, ૩ બીએચકે કોર્નરનો ફર્નિચર સાથે, નોર્થ-વેસ્ટ ઓપન. મીરાનગર ૫/૩, રૈયા રોડ. મો. ૯૩૨૭૧ ૧૨૩૪૧

**બંગલો વેચવાનો છે**
એરપોર્ટ વિસ્તાર, રૂચી બંગલો, ૧૩૦ વાર, ૩ બીએચકે, ફુલ ફર્નિચર સાથે. કિ. ૧.૩૦. મો. ૯૮૨૫૧ ૫૦૫૦૭

**ફલેટ વેચવાનો છે**
૨ બેડ, સીટી કોર્ટયાર્ડ, રૈયાધાર, શાંતીનગર. મો. ૯૯૨૫૬ ૧૧૬૫૩

## ભાડે વિભાગ

**ભાડે આપવાનું છે**
આશરે ૧૦૦૦ ફુટ જગ્યા પહેલા માળે, સદર બજાર. મો. ૯૮૭૯૪ ૭૧૧૦૮

# સાંજ સમાચાર

## ટચુકડી જાહેર-ખબર


શ્રી ® MODI ESTATE

# મોદી એસ્ટેટ

શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪


**માધાપર-૧૧**
દ્વારિકાની સામે, ૧૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫૦૦૦

### ઈન્ડસ્ટ્રીયલ

**રાજ ઈન્ડસ્ટ્રીઝ**
ગોંડલ રોડ, ૩૩૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**ઉમિયા ઝોન**
રીબડા-૨૮૧/પી૪, ૭૩૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ - ૧૩,૦૦૦

**સુરભી ઈન્ડસ્ટ્રીઝ**
તરવડા, ૧૧૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૩૫૦૦

**રામેશ્વર પાર્ક**
વેરાવળ સર્વે નં. ૮૬૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨૦૦૦

**સિલ્વર ઈન્ડસ્ટ્રીઝ**
વિરવા સર્વે નં. ૪૧/૧, ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯૫૦૦

**જય હરિ**
ભરૂડી ટોલનાકા પાસે, ૨૦૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૨,૦૦૦

**મામાદેવ ઈન્ડસ્ટ્રીઝ**
પીપળીયા-પાળ, ૮૧૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૯૦૦૦

**બાલાજી ઈન્ડસ્ટ્રીઝ**
નારણકા ચોકડી, ૫૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૨,૦૦૦

**સુવિધા-૩ ઈન્ડ.**
રિબડા, ૩૮૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૯,૫૦૦

### જમીન

**વેરાવળ**
૨.૫૦ એકર, જમીન વેચવાની છે. ભાવ-૬.૫૧ કરોડ

**પડધરી**
૫ એકર, જમીન વેચવાની છે. ભાવ-૨૦ લાખ (એકર)

**જાળીયા**
૬ એકર જમીન વેચવાની છે. ભાવ-૭૫ લાખ (એકર)

**હડાળા**
૨.૨૪ એકર, જમીન વેચાણની છે. ભાવ-૯૦ લાખ (એકર)

**તિથવા**
તા. વાંકાનેર, ૬ એકર, જમીન વેચવાની છે. ભાવ-૨૫ લાખ (એકર)

**મિતાણા**
૧.૫૦ એકર જમીન વેચવાની છે. કિંમત ૧.૫૦ કરોડ

### જામનગર રોડ

**ક્રિસ્ટલ સીટી**
ઘંટેશ્વર-૧૪૦, ૧૯૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫,૦૦૦

**અમિપાર્ક**
તરઘડી સર્વે-૭૦/પી/૧, ૪૬૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૫૦૦

**વર્ધમાનનગર**
ઘંટેશ્વર-૧૪૦, ૨૬૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦,૦૦૦

**માધાપર-૩૭**
જામનગર રોડ, ૪૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫,૦૦૦

**માધાપર-૫૫**
૧૩૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦૦

**આફ્રિકા કોલોની**
૧૫૦ ફુટ રીંગ રોડની નજીક, ૧૮×૭૦=૧૪૦ વાર, ૩૦નો રોડ, ભાવ-૧.૦૫ લાખ

**સાધુ વાસવાણી કુંજ રોડ**
રેલનગર, ૧૧૭૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮૦૦૦

**પડધરી-૧૪૧ પૈકી ૧**
૧૦૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૦૦૦

**દર્શિતા સોસાયટી**
એસ.આર.પી. કેમ્પની પાછળ, ૧૨૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૮૦૦૦

**આસ્થા સાંગ્રીલા**
રોણકી, ૫૦૬૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦૦

### મોરબી રોડ

**ગિરિરાજનગર**
રતનપર ૧૭૪ પૈકી, ૨૨૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૦૦૦

**વાલકેશ્વર પાર્ક**
હડાળા-૧૪૭, ૪૨૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦

**ભગવતીનગર**
મોરબી રોડ બાયપાસ, ૧૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૨,૦૦૦

**પ્રભુ પાર્ક**
રતનપર-૧૪૯, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૫૫૦૦

**નવું ગાંધીવન**
હડાળા-૨૪૧, ૨૩૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦૦૦

**કિંગ ફાર્મ હાઉસ**
સણોસરા, ૯૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦

### સીટી વિસ્તાર

**શારદાનગર**
એસ્ટ્રોન ચોક નજીક, ૫૬૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૫૧ લાખ

**વૈશાલીનગર**
રૈયા રોડ, ૯૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫ લાખ

**એવરેસ્ટ પાર્ક**
નાના મવા સર્વે નં., ૫૩૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૦ લાખ

**શિવસંગમ સોસાયટી**
જલારામ-૨, ૧૧૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૦૫ લાખ

**યોગીનગર**
રૈયા ચોકડી પાસે, ૨૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**રાજનગર ચોક પાસે**
૧૭૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**નિલકંઠનગર**
યુનિવર્સિટી રોડ, ૧૪૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૧૦ લાખ

**પરમેશ્વર પાર્ક**
બેકબોન પાછળ, ૧૧૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૦,૦૦૦

**સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર**
૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧.૧૧ લાખ

**ગૌતમનગર કો.ઓ.હા.**
રૈયા સર્વે-૨૦૦, ૪૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫,૦૦૦

**સહજાનંદ વાટિકા**
વિરડાવાજડી ૮૬/૧, ૨૭૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૫૦૦૦

**ક્રિષ્ના પાર્ક**
ક્રિસ્ટલ મોલ પાછળ, ૧૧૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦૦

**સુભાષનગર**
રૈયા રોડ, ૧૮૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫,૦૦૦

**વિમલનગર**
પુષ્કરધામ પાછળ, ૧૮૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦૦

**અમીધારા સોસાયટી**
આલાપ ગ્રીન સીટી પહેલા, ૧૫૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

**પંચવટીનગર**
અમીન માર્ગ, ૧૫૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૨૫ લાખ

### કાલાવડ રોડ

**ગ્લોરીયસ પાર્ક**
છાપરા-૧૦૨ પૈકી, ૨૩૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦૦૦

**રાધે રિવર વ્યુ**
નાના વડા-૨/૧ પૈકી, ૩૯૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૦૦૦

**સેતુ પાર્ક**
હરિપર-૪૯, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૨,૩૦૦

**તીર્થ પાર્ક**
વિરડા વાજડી ૨૬/૨૮/૩૦, ૧૭૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૮૦૦૦

**ગ્લોરીયસ માઈલસ્ટોન**
વાગુદળ-૬૧પી, ૧૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૧૦,૦૦૦

**જીનિયસ પાર્ક**
મોટા મવા-૮૮/૧, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૦,૦૦૦

**શ્યામ વાટિકા-૨**
ઢોકળીયા-૧૨૫/૩, ૯૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૭૫૦૦

**વસુધા**
હરિપર-૫૬/૧/૮, ૨૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૨૨૦૦૦

**અમરનાથ પાર્ક**
મોટામવા-૧૭૫, ૧૦૩ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ - ૬૨,૦૦૦

**વર્ધમાન વિહાર**
કણકોટ-૯૧ પૈકી, ૧૫૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦૦

**શારદાનગર**
કાલાવડ રોડ, ૨૧૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૦,૦૦૦

**સિલ્વર સ્ટોન**
દેવગામ, ૧૯ પૈકી, ૫૪૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૬૫૦૦

**જલારામ પાર્ક**
હરિપર-૧૩, ૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૨,૦૦૦

**રૂડા-૩**
ઈસ્કોન મંદિર, ૭૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૬,૦૦૦

શનેશ્વર પાર્ક, બાલસર-૨૭/૨, ૧૭૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૫૦૦

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

# પરિણામોમાં એકનું જ રાજ
# ધોળકિયા સરકાર



## Std. 10th Result Analysis - 2024

| Board First 99.99 PR | Board Top Ten | Sub. First (100 / 100) | A-1 Grade | 99 PR + | 90 PR + |
|---|---|---|---|---|---|
| 4 | 24 | 147 | 312 | 141 | 567 |

**સાયન્સ હોય કે કોમર્સ, JEE હોય કે NEET, ધો. 10 હોય કે 12, અંગ્રેજી માધ્યમ હોય કે ગુજરાતી નહીં રાજકોટમાં કે... નહીં ગુજરાતમાં કે ... નહીં આસપાસમાં અત્ર - તત્ર - સર્વત્ર ધોળકિયા સ્કૂલ**

## 2024 માં ધોળકિયા સ્કૂલે સર્જેલા ઐતિહાસીક રેકોર્ડસ

**Sci.**



100 PR (Physics) JEE - A Group
India First
HERIT (Eng. Med.)



120 / 120 Gujcet B Group
Gujarat First
SUJAL (Guj. Med.)



118.75 / 200 Gujcet A Group
Center First
RUDRA (Guj. Med.)



297 / 300 Sci.TH.
Center First
UTSAV (Eng. Med.)

**Com.**



686 / 700 Board
Gujarat First
HENSHI (Guj. Med.)



682 / 700 Board
Gujarat First
KESHMA (Eng. Med.)

**10th**



592 / 600 Board
Gujarat First
DHRUV (Guj. Med.)



592 / 600 Board
Gujarat First
PARTH (Guj. Med.)

A1 ગ્રેડમાં 15 જિલ્લાઓને મહાત આપતી ગુજરાતની એકમાત્ર સ્કૂલ

### Std. 12th Result Analysis - 2024

Board First 99.99 PR: **10**

Board Top Ten: **45**

| | Sci. | Comm. |
|---|---|---|
| Subject First | 38 | 129 |
| A-1 Grade 90 % above | 77 | 179 |
| 99 PR+ | 49 | 149 |
| 90 PR+ | 351 | 542 |

*All categories

સ્કૂલ કેમ્પસમાં જ ગર્લ્સ અને બોયઝની અલગ અલગ હોસ્ટેલ સુવિધા...

**Std. 11th ADMISSION OPEN**

**SCIENCE**
JEE (Main) | NEET
JEE (Adv.) | FOUNDATION

**COMMERCE - ARTS**
CA - CS માટે FOUNDATION | M.B.A. માટે IPMAT
LAW માટે CLAT | UPSC - GPSC

માં પ્રવેશ માટે લેવાતી જુદી જુદી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી ગુજરાતની ગૌરવવંતી સ્કૂલ

# DHOLAKIYA SCHOOLS

CBSE / Gujarat Board | RAJKOT - GONDAL | 72 1 11 83 83 9
99 7 96 82 22 2

IPL અને પછી વર્લ્ડકપ... ખેલાડીઓના ખિસ્સા ભરાશે

# IPL સ્ટાર્સની મેદાનની બહાર મોટી કમાણીઃ અનેકના નવા કરાર



### એમ.એસ.ધોની, વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, શિખર ધવન જેવા ક્રિકેટરોએ સ્ટાર્ટઅપથી માંડીને જાણીતી બ્રાન્ડો સાથે કરાર કર્યાઃ અન્ય અર્ધો ડઝન ખેલાડીઓની ડીલ ફાઈનલ તબકકે

મુંબઈ તા.૧૧

આઈપીએલની વર્તમાન સીઝનમાં અનેક મેચો દિલધડક બની રહ્યા છે. રેકોર્ડબ્રેક-હાઈસ્કોરીંગ મેચોમાં ક્રિકેટરોની સ્ફોટક બેટીંગથી વ્યુઅરશીપમાં મોટો વધારો છે ત્યારે અનેક ખેલાડીઓની બ્રાન્ડ વેલ્યુ વધી ગઈ છે. આઈપીએલની વધતી વ્યુઅરશીપનો એકાદ ડઝન ક્રિકેટરોને લાભ મળ્યો છે અને નવા એન્ડોર્સમેન્ટ મેળવ્યા છે.

ચેન્નઈ સુપરકિંગના સ્ટાર ખેલાડી અને મોટો પ્રશંસક વર્ગ ધરાવતા એમ.એસ.ધોનીએ ન્યુટ્રીશન સ્ટાર્ટઅપ 'એકસપ્લોઝીવ વેય'માં રોકાણ સાથે કરાર પણ કર્યા છે. ઉપરાંત ફ્રાંસની કાર ઉત્પાદક કંપની સીટોરીન તથા એમકયોર ફાર્મા સાથે ડીલ કરી છે.

આ સિવાય એપ્લાયન્સીઝ ઉત્પાદક ફીલીપ્સે વિરાટ કોહલી સાથે ડીલ કરી છે. વાયરેબલ બ્રાન્ડ બોટ દ્વારા યશસ્વી જયસ્વાલ સાથે કરાર કર્યા છે. શિખર ધવને ઈન્વેસ્ટર તથા બ્રાન્ડ એમ્બેસેડર તરીકે આઈવિયર સ્ટાર્ટઅપ કયુયુઈ સાથે કરાર કર્યા છે.

ધોનીએ કહ્યું કે ન્યુટ્રીશન સ્ટાર્ટઅપ સાથેની ભાગીદારી પોતાની સાથે બરાબર ફીટ બેસે છે. ફ્રેન્ચ કાર ઉત્પાદક સીટોરેન સાથે ધોનીને બે વર્ષનો કરાર સાત વર્ષનો હોવાની ચર્ચા છે. નવો પ્રવેશ હોવાને કારણે માર્કેટ શેર તથા બ્રાન્ડ અવેશનેશ વધારવાનો કંપનીનો ઉદ્દેશ જણાય છે.

## ટોચના ખેલાડીઓની એન્ડોર્સમેન્ટ ફી ૩થીપ કરોડ જયારે નવોદિતોની ૭૫ લાખથી ૧ કરોડ

ટવિટર (એકસ) પર ૬.૩ કરોડ ફોલોઅર્સ ધરાવતા કોહલીએ ટવિટર પર કહ્યું કે ફીલીપ્સના લીમીટેડ એડીશન 'ટ્રીમર'ની ડીલ કરી છે.

વિજ્ઞાપન એજન્સીઓના કથન મુજબ વિરાટ કોહલી જેવા મોટા નામ સાથેની કંપનીઓની ડીલ આવતા માસથી શરૂ થતા ટી૨૦ વર્લ્ડકપમાં પણ ઉપયોગી બનશે. અન્ય ખેલાડીઓની ડીલ ટુંકાગાળાની હોઈ શકે છે.

ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીના સૂત્રોએ કહ્યું કે ધોની-કોહલી જેવા મોટા નામ ધરાવતા ખેલાડીઓની વાર્ષિક એનડોર્સમેન્ટ ડીલ ૩થીપ કરોડની હોય છે જયારે નવોદિતોની સરેરાશ ૭૫ લાખથી એક કરોડની રહે છે.

આઈપીએલ ટેલીવીઝન બ્રોડકાસ્ટર રાઈટસ ધરાવતા ડીઝની સ્ટાર દ્વારા એમ કહેવાયુ છે કે વર્તમાન ટુર્નામેન્ટના પ્રથમ ૫૧ મેચોની વ્યુઅરશીપ ૫૧ કરોડે પહોંચી ગઈ છે જે ૨૦૧૯ કરતા પાંચ ટકા વધુ છે અને ૨૦૨૩ની સરખામણીએ ૧૮ ટકા વધુ છે. પંજાબ કીંગ્ઝનો કપ્તાન શિખર ધવન ઈજાને કારણે ઘણા મેચો રમી શકયો નથી છતાં 'સનગ્લાસ' બનાવતી ક્યુયુઈ સાથે કરાર કર્યા છે. સનગ્લાસ ઉદ્યોગ ૨૦૨૮ સુધીમાં ૮.૬ અબજ ડોલરને આંબી શકે છે. નવી ડીલ ઉપરાંત અમુક કંપનીઓ નવા કેમ્પેઈન શરૂ કર્યા છે. આઈવીયર ઉત્પાદક ઓકલીએ રોહિત શર્માની તથા બ્લુસ્ટારે કોહલી સાથેની નવી એડ રિલીઝ કરી છે.

# દ્રવિડ યુગનો અંત આવશે!ટી-૨૦ વર્લ્ડકપ માટે ભારતીય ક્રિકેટ ટીમ માટે નવા કોચ

## દ્રવિડનો કાર્યકાળ નહીં લંબાવાય છતાં તે નવેસરથી અરજી કરી શકે છેઃજય શાહ

## 'ઈમ્પેકટ પ્લેયર'નો નિયમ એક પ્રયોગ છે, સંબંધીત પક્ષકારો સાથે ચર્ચા બાદ આખરી નિર્ણય થશે

મુંબઈ તા ૧૧

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ના સચિવ જય શાહે જણાવ્યું છે કે ભારતીય ક્રિકેટ ટીમ માટે નવા હેડ કોચ માટેની જાહેરખબર ટૂંક સમયમાં જ પ્રકાશિત કરવામાં આવશે. રાહુલ દ્રવિડ નવેમ્બર ૨૦૨૧થી ભારતીય ટીમનો કોચ છે અને ૨૦૨૩માં રમાયેલા વન-ડે વર્લ્ડ કપ બાદ તેનો કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવ્યો હતો. પરંતુ હવે એવું નથી લાગી રહ્યું કે ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજનો કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવે કેમ કે ભારતીય ક્રિકેટ બોર્ડ ટૂંક સમયમાં જ નવા કોચ માટેની જાહેરખબર પ્રકાશિત કરવા જઈ રહ્યું છે.

બીસીસીઆઈ સાથે દ્રવિડનો ભારતીય ટીમના મુખ્ય કોચ તરીકેનો કોન્ટ્રાક્ટ જૂનમાં પૂરો થઈ રહ્યો છે જ્યારે ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપમાં રમી રહી હશે. દ્રવિડ અને તેના સપોર્ટ સ્ટાફનો કોન્ટ્રાકટ નવેમ્બર ૨૦૨૩માં વધારવામાં આવ્યો હતો પરંતુ હવે તેમનો કોન્ટ્રાક્ટ જૂન ૨૦૨૪માં પૂરો થઈ જશે.

બીસીસીઆઈ સચિવ જય શાહે જણાવ્યું હતું કે જો રાહુલ દ્રવિડ ઈચ્છે તો તે પણ મુખ્ય કોચ માટે અરજી કરી શકે છે પરંતુ તેમને અગાઉની જેમ તેમનો કોન્ટ્રાક્ટ લંબાવવામાં આવશે નહીં. આ ઉપરાંત જય શાહે તે પણ કહ્યું હતું કે, ચોક્કસ રીતે તે ન કહી શકીએ કે આગામી કોચ ભારતીય હશે કે વિદેશી. તે ક્રિકેટ



એડવાઈઝરી કમિટી પર આધાર રાખે છે. આ ઉપરાંત જય શાહે અલગ-અલગ ફોર્મેટ માટે અલગ-અલગ કોચની શક્યતા નકારી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, તે નિર્ણય પણ CAC પર આધાર રાખે છે. વિરાટ કોહલી, રોહિત શર્મા અને રિશભ પંત જેવા ઘણા ખેલાડીઓ છે જે તમામ ફોર્મેટમાં રમે છે.આઈપીએલની વર્તમાન સિઝનમાં ઈમ્પેક્ટ પ્લેયરના નિયમની ઘણી ટીકાઓ થઈ છે અને ઘણા ખેલાડીઓએ આ અંગે વાંધો ઉઠાવ્યો છે. ભારતીય કેપ્ટન રોહિત શર્મા સહિત ઘણા ઈન્ટરનેશનલ ક્રિકેટર્સે આ નિયમની ટીકા કરી છે. આ અંગે શાહે કહ્યું હતું કે, તેઓ આ સાથે જોડાયેલા લોકો સાથે તેની ચર્ચા કરશે અને ત્યારબાદ નિર્ણય લેવાશે કે આ નિયમ યથાવત રાખવો કે નહીં. જય શાહને કહેવામાં આવ્યું કે ઈમ્પેક્ટ પ્લેયરના નિયમથી ઓલ-રાઉન્ડર્સનું મહત્વ ઘટી જશે તે અંગે તેમણે કહ્યું હતું કે, ઈમ્પેક્ટ પ્લેયર એક પ્રયોગ છે. જેના કારણે બે નવા ભારતીય ખેલાડીઓને આઈપીએલમાં તક મળે છે. અમે ઈમ્પેક્ટ પ્લેયરને ચાલુ રાખવા અંગે નિર્ણય લેતા પહેલા સ્ટેકહોલ્ડર્સ, ફ્રેન્ચાઈઝીસ અને બ્રોડકાસ્ટર્સ સાથે ચર્ચા કરીશું. આ નિયમ કાયમી નથી. જોકે, કોઈએ હજી આ નિયમ વિરુદ્ધ પ્રતિક્રિયા આપી નથી.

# દોહા ડાયમંડ લીગમાં નીરજ ચોપડાને મળ્યો સિલ્વર મેડલ : ચેકના યાકુબના બેસ્ટ થ્રો સામે ૦.૦૨ મીટરથી ગોલ્ડ ગુમાવ્યો

દોહા :

નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગમાં સિલ્વર મેડલ જીત્યો છે. તે પોતાના ટાઈટલનો બચાવ કરી શક્યો ન હતો. તેણે ૬ રાઉન્ડ પછી ૮૮.૩૬ મીટરનો શ્રેષ્ઠ થ્રો ફેંક્યો, જે તેના છેલ્લા પ્રયાસમાં આવ્યો. ચેક રિપબ્લિકનો જેકબ વાડલેચ પ્રથમ ક્રમે રહ્યો હતો, તેણે ત્રીજા પ્રયાસમાં ૮૮.૩૮ મીટરનો શ્રેષ્ઠ થ્રો ફેંક્યો હતો.



દોહા ડાયમંડ લીગ કતારની સ્પોર્ટ્સ ક્લબમાં થઈ, નીરજે દોહાથી જ તેની સીઝનની શરૂઆત કરી. તેણે ગત સિઝનમાં દોહામાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારતના અન્ય બરછી ફેંકનાર કિશોર જેના ૧૦ એથ્લેટ્સમાં ૯મા સ્થાને છે. તેણે ત્રીજા પ્રયાસમાં ૭૬.૩૧ મીટરનો શ્રેષ્ઠ થ્રો ફેંક્યો હતો.

નીરજનો પહેલો થ્રો ફાઉલ હતો

નીરજ ચોપરાનો પહેલો થ્રો ફાઉલ હતો. તેણે બીજા પ્રયાસમાં ૮૪.૯૩ મીટર, ત્રીજા પ્રયાસમાં ૮૬.૨૪ મીટર, ચોથા પ્રયાસમાં ૮૬.૧૮ મીટર, પાંચમા પ્રયાસમાં ૮૨.૨૮ મીટર અને છેલ્લા પ્રયાસમાં ૮૮.૩૬ મીટર લાંબો થ્રો ફેંક્યો હતો.

ગોલ્ડ મેડલ વિજેતા યાકુબના પાંચમા અને છઠ્ઠા પ્રયાસમાં ફાઉલ થયા હતા. તેણે પ્રથમ પ્રયાસમાં ૮૫.૮૭ મીટર, બીજા પ્રયાસમાં ૮૬.૯૩ મીટર, ત્રીજા પ્રયાસમાં ૮૮.૩૮ મીટર અને ચોથા પ્રયાસમાં ૮૪.૦૪ મીટરનો લાંબો થ્રો ફેંક્યો હતો. તેણે ત્રીજા પ્રયાસમાં સર્વશ્રેષ્ઠ થ્રો ફેંક્યો જે નીરજના સર્વશ્રેષ્ઠ થ્રો કરતાં વધુ સારો સાબિત થયો.

નીરજે દોહા ડાયમંડ લીગ ૨૦૨૩માં ગોલ્ડ જીત્યો હતો.

તેણે તેની ૨૦૨૩ની સિઝન પણ દોહામાં શરૂ કરી હતી. ગયા વર્ષે આ જ ઈવેન્ટમાં ચોપરાએ ૮૮.૬૭ મીટરની અંતર સાથે ગોલ્ડ જીત્યો હતો. તે જ સમયે, ચેક રિપબ્લિકના જેકબ વાડલેચ બીજા સ્થાને હતા. તેણે ટોચનું સ્થાન માત્ર ૦.૦૪ મીટરથી ગુમાવ્યું હતું

સૌથી વધુ લકઝરી ઘરો મુંબઈમાં વેંચાયા

# ભલે મોંઘા પણ લકઝરી ઘરોમાં લોકોનો રસ વધ્યો! પાંચ વર્ષમાં માંગ ત્રણ ગણી વધી

## લકઝરી ઘરોનું વેચાણ ૭ ટકાથી વધીને ૨૧ ટકાએ પહોંચ્યુ જયારે એફોર્ડેબલ હોમનું વેચાણ ૩૭ ટકાથી ઘટીને ૨૦ ટકા થઈ ગયુ!



મુંબઈ તા.૧૧

દેશમાં જયાં લકઝરી ઘરોની ડિમાન્ડ અને વેચાણ બન્નેમાં મોટો વધારો દેખાઈ રહ્યો છે ત્યાં એફોર્ડેબલ હોમની ડિમાન્ડ કે વેંચાણ બન્નેમાં ઘટાડો થયો છે.

શુક્રવારે જાહેર પ્રોપર્ટી કન્સલ્ટન્ટ એનારોકનાં રિપોર્ટ અનુસાર સૌથી લકઝરી ઘર મુંબઈમાં વેચાઈ રહ્યા છે.

આ રિપોર્ટ અનુસાર ૨૦૨૪ ની પ્રથમ ત્રિમાસીકમાં દેશના મોટા ૭ શહેરોમાં લકઝરી ઘરની ડીમાન્ડમાં જબરજસ્ત ઉછાળો આવ્યો છે. આ દરમ્યાન કુલ વેચાણમાં લકઝરી સેગ્મેન્ટની ભાગીદારી ૨૧ ટકા રહી હતી. જયારે પાંચ વર્ષ પહેલા લકઝરી ભાગીદારી ૭ ટકા હતી એટલે કે આ સેગ્મેન્ટમાં ડીમાન્ડ ત્રણ ગણી વધી છે. જયારે ૨૦૨૪ ની પ્રથમ ત્રિમાસીકમાં ૨૬૫૪૫ એફોર્ડેબલ હોમ વેચાયા હતા. જે કુલ ઘરોનાં વેચાણના ૨૦ ટકા હતી. પાંચ વર્ષ પહેલા આ સંખ્યા ૩૭ ટકા હતી. કુલ મળીને પ્રથમ કવાર્ટરમાં ૧.૩૦ લાખ ઘર વેચાયા જેમાંથી ૨૭૦૭૦ યુનિટ લકઝરી ઘર હતા. જયારે એફોર્ડેબલ સેગમેન્ટમાં ૨૬૫૪૫ યુનિટ અને મીડ અને હાઈ એન્ડ સેગમેન્ટમાં ૭૬૫૫૫ યુનિટ વેચાયા હતા.

સૌથી વધુ લકઝરી ઘર મુંબઈમાં વેચાયાઃ

લકઝરી કેટેગરીમાં સૌથી વધુ ઘર મુંબઈ (૯૩૬૦), ત્યારબાદ એનસીઆર (૬૦૬૦)માં વેચાયા. આ ઉપરાંત દરેક સેગમેન્ટમાં સૌથી વધુ ઘર પણ મુંબઈ મેટ્રોપોલીટીન રીજન (એમએમઆર)માં વેચાયા.

કુલ ૪૨૯૩૦ યુનિટસનું વેચાણ થયુ. અહી લકઝરી ઘરોનો મતલબ એવા ઘરો છે. જેની કિંમત ૧.૫ કરોડથી વધુ છે. રીજન્સી ગ્રુપના પ્રમુખ મહેશ અગ્રવાલનું કહેવુ છે કે કોરોના બાદ હવે એફોર્ડેબલ હોમની વ્યાખ્યા બદલી ગઈ છે. લોકોને તમામ સુવિધાઓ વાળા થોડા મોટા ઘર જોઈએ છે.

એનારોડ-ગ્રુપના ચેરમેન અનુજપુરી જણાવે છે કે લકઝરી ઘરોની ડીમાન્ડ સપ્લાયમાં એફોર્ડેબલ હોમની તુલનામાં વધુ ગ્રોથ દેખાઈ રહ્યો છે. ડેવલપર્સનો ઝુકાવ પણ પ્રોફીટ-માર્જીન વધુ હોવાથી પ્રિમીયમ સેગમેન્ટમાં વધુ છે. હવે ૨૦૧૭ માં ડિફાઈન (વ્યાખ્યાઈત) થયેલ એફોર્ડેબલ હોમની ડેફિનેશન (વ્યાખ્યા) હવે બદલવી પડશે.

સીતાપુરમાં હત્યારાનું તાંડવઃ

# યુવકે ત્રણ સંતાનો, માતા- પત્નીની હત્યા કર્યા બાદ પોતે આપઘાત કર્યો

## સંતાનોને છત પરથી ફેકી, પત્નીને હથોડો ઝીંકી અને માતાને ગોળી ધરબી મારી નાખ્યા



ઉત્તર પ્રદેશ,તા ૧૧


ઉત્તર પ્રદેશના સીતાપુરમાં ૬ લોકોની હત્યાનો એક સનસનાટીભર્યો મામલો સામે આવ્યો છે. અહીં એક વ્યક્તિએ પોતાના જ પરિવારના ૫ સભ્યોની હત્યા કરીને આત્મહત્યા કરી લીધી. ૪૫ વર્ષીય આરોપીએ તેની માતા, પત્ની અને ત્રણ બાળકોની ઘરમાં જ હત્યા કર્યા બાદ પોતાને ગોળી મારીને જીવનનો અંત આણ્યો હતો. પોલીસે જણાવ્યું કે આરોપી માનસિક રીતે અસ્વસ્થ છે. તેણે માતાને ગોળી મારી, પત્નીને હથોડી વડે માર માર્યો અને બાળકોને ટેરેસ પરથી ફેંકી દીધા.

ઘટના અંગે માહિતી આપતા સીતાપુરના SSP ચક્રેશ મિશ્રાએ જણાવ્યું કે આ ઘટના રામપુર મથુરા પોલીસ સ્ટેશનના પલ્હાપુર ગામમાં બની હતી. પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આરોપી ૪૫ વર્ષીય અનુરાગ સિંહ માનસિક રીતે અસ્વસ્થ હોવાનું કહેવાય છે. તેણે તેની માતા, પત્ની, પુત્ર અને ૨ પુત્રીઓની બંદૂક અને હથોડીથી હત્યા કરી હતી. આ પછી તેણે પોતાને પણ ગોળી મારી દીધી.

ઘટના સ્થળ સીલ કરી દેવામાં આવ્યું છે. પોલીસ અને ફોરેન્સિક ટીમ સ્થળ પર તપાસ કરી રહી છે. અનુરાગ દારૂના નશામાં હતો. તેણે પહેલા માતા સાવિત્રી દેવી (૬૨) વીરેન્દ્ર સિંહ ના માથે ગોળી મારી ત્યાર બાદ બાદ તેણે તેની પત્ની પ્રિયંકા સિંહ (૪૦)ના માથામાં હથોડી વડે માર માર્યો હતો. દીકરી આશ્વી (૧૨), અર્ના (૦૮) છત પરથી ફેંકાઈ ગયા હતા. તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. પુત્ર અદ્રિક (૦૪)ને લખનૌ ટ્રોમા સેન્ટરમાં મૃત જાહેર કરવામાં આવ્યો હતો. ઘટનાને અંજામ આપ્યા બાદ અનુરાગ સિંહ (૪૫)એ પોતાને ગોળી મારી દીધી હતી. આ ઘટના શનિવારે વહેલી સવારે બની હોવાનું જાણવા મળી રહ્યું છે. સવારે ઘટનાની જાણ થતાં ગામમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સીઓ દિનેશ શુક્લા પોલીસ ફોર્સ સાથે ઘટનાસ્થળે હાજર છે.

# સૌરાષ્ટ્ર-એંસીના દશકની વાતો

## અતુલ પંડયાની એ યાદગાર ઈનીંગ



રણજી ટ્રોફી ક્રિકેટનો ઈતિહાસ ઘણો જાજરમાન છે, ૧૯૩૪-૩૫થી રમાઇ રહેલી આ પ્રિમીયમ ડોમેસ્ટીક ટુર્નામેન્ટ રમવું એ ગૌરવની વાત પહેલા પણ હતી અને આજે પણ છે. જે ટુર્નામેન્ટ સૌપ્રથમ ૧૩ ટીમો વચ્ચે રમાઇ હતી તે હવે આજની તારીખે ૩૭ ટીમો વચ્ચે રમાય છે. ૮૯ વર્ષના રણજી ટ્રોફી ઈતિહાસમાં મુંબઇ ૪૨ વખત આ ટુર્નામેન્ટમાં વિજેતા રહ્યું છે. એ પછી બીજા નંબરે આવનાર ટીમ કર્ણાટક ટીમ કુલ ૮ વખત વિજયી રહી છે. સૌરાષ્ટ્રની ટીમે પણ છેલ્લા ૧૦ વર્ષમાં બે વખત વિજેતા પદ અને ત્રણ વખત ઉપવિજેતા પદ મેળવેલું છે. સૌથી વધુ વખત રનર્સઅપ બનવાનો રેકોર્ડ બેંગાલ ટીમના નામે રહ્યો છે અને આ ટીમ કુલ ૧૩ વખત ફાઇનલ મેચ હારીને ઉપવિજેતા બનેલી છે.

બેક દાયકાઓમાં રણજી ટ્રોફીનું માળખુ બદલાતુ રહ્યું અને તેની સ્પર્ધાત્મકતામાં ઉતરોઉતર સુધારો થતો ગયો. લગભગ એંસીના દશક સુધી રણજી ટ્રોફીની મેચ ત્રણ દિવસીય જ હતી. વળી આખા વર્ષમાં દરેક ટીમને લીગના તો ફકત ચાર કે પાંચ જ મેચ રમવા મળતા હતા. દેશની બધી ટીમોને પાંચ ઝોનમાં વહેંચીને રણજી ટ્રોફીના મેચ દરેક ટીમ પોતપોતાના ઝોનમાં જ લીગ મેચ રમતી. મુંબઇ-મહારાષ્ટ્ર અને બરોડા હંમેશા મજબુત ટીમો રહી છે. પણ હવે સૌરાષ્ટ્રની ટીમના પ્રદર્શન સામે આ ટીમો એટલી બળુકી સાબીત થતી નથી.

નેવુંના દશક સુધી તો મુંબઇ સામે રમવું એ જાણે એક પ્રકારની 'મેન્ટલ ચેલેન્જ' જ ગણાતી. ગાવાસ્કર, પાટીલ, વેંગસરકર, અશોક માંકડ, રવિ શાસ્ત્રી, બલવીંદર સંધુ, સુરૂ નાયક જેવા ભારતીય ખેલાડીઓથી ભરેલ મુંબઇ ટીમ સામે સારૂ પ્રદર્શન કરવું એ એક સિધ્ધિ પણ હતી અને એક સારા ખેલાડી તરીકે ટીમમાં પ્રસ્થાપિત થવાની તક પણ ૮૦ના દશકમાં સૌરાષ્ટ્રની ટીમ ખાસ્સી મજબુત હતી. કરશન ઘાવરી, યજુવેન્દ્રસિંહ અને દીલીપ દોશી પણ આ જ અરસામાં સૌરાષ્ટ્રની ટીમ માટે અમુક વર્ષ રમ્યા હતા. આ ગાળા દરમ્યાન ધીરજ પરસાણા અને ઉદય જોષી જેવા ખમતીધર ક્રિકેટર્સ તેમના અંતિમ વર્ષોનું ક્રિકેટ રમી રહ્યા હતા. ભારતય ટીમ માટે વન-ડે ઇન્ટરનેશનલ રમેલા અશોક પટેલ અને આક્રમક ઓલરાઉન્ડર સુરેશ કેશવાલાનો સુર્ય આ સમયે મધ્યાહને હતો. આ બંને ખેલાડીઓ નિયમિતરૂપે સ્ટાર સ્ટડેડ વેસ્ટ ઝોનની ટીમમાં પસંદગી પામતા હતા અને આ દશકમાં જ સૌરાષ્ટ્રની ટીમ બે વખત નોકઆઉટ સ્ટેજમાં પણ પ્રવેશી હતી જે એ સમયને અનુલક્ષીને બહુ મોટી વાત હતી.

આજ સમયમાં સૌરાષ્ટ્રની ટીમમાં એક મીડલ ઓર્ડર બેટસમેન હતા જેનું નામ હતું અતુલ પંડયા, પોઝીટીવ બેટીંગ અને સોલીડ ડીફેન્સની શૈલી ધરાવતા અતુલ પંડયા મુળ જામનગરના છે. પરંતુ રણજી ટ્રોફીમાં પસંદગી પામ્યા પહેલા જ તેઓને બરોડામાં જીએસએફસીમાં એક ક્રિકેટર તરીકે નોકરી મળી ગઇ એટલે તેઓ ત્યાં જ સ્થાયી થઇ ગયા. સૌરાષ્ટ્ર માટે લગભગ દસ વર્ષ રણજી ટ્રોફી રમનાર અતુલ પંડયા કુલ ૪૪ રણજી ટ્રોફી મેચ રમેલા છે. અમારી પેઢીના ખેલાડીઓ માટે અતુલભાઇ એક સીનીયર ક્રિકેટર ગણાય અને મને યાદ છે કે જયારે જયારે તેમને કોઇ મેચ માટે મળવાનું થાય કે તેમની સાથે રમવાનું બને તો મેચ પછી સાથે બેસીને ખુબ શાંતિથી વાતો કરે, યથાયોગ્ય સલાહ સૂચન કરે અને યુવા ક્રિકેટરને મદદ કરવા હંમેશા તત્પર રહે. વળી એ સમયની રણજી ટીમનો માહોલ પણ એવો કે હાસ્યની છોળો ઉડતી હોય, મજાક-મસ્તી થતી હોય પણ રમવા ઉતરે એટલે પુરેપુરા ફોકસ અને મહેનત સાથે ૧૯૮૮માં સૌરાષ્ટ્ર અને મુંબઇ વચ્ચે એક ત્રિદિવસીય રણજી મેચ મુંબઇના વાનખેડે સ્ટેડીયમ પર રમાયેલી. પ્રથમ ઇનીંગમાં ફકત સવાસો રનમાં ઓલઆઉટ થઇ ગયેલી સૌરાષ્ટ્રની ટીમ પર ઇનીંગથી પરાજીત થવાનો ખતરો હતો. કારણ કે મુંબઇ એ ત્રણસો રન ઉપરાંતની લીડ લઇ લીધી હતી. મેચના બીજા અને ત્રીજા દિવસે છેલ્લા ૪ સેશન રમીને મેચને ડ્રોમાં ખેંચી નાખવી એ ઘણુ મુશ્કેલ હતું. આ સમયે અતુલ પંડયા બીજા દિવસે ટી ટાઇમ પછી બેટીંગમાં ઉતર્યા અને છેક ત્રીજા દિવસે મેચ પુરી થયા સુધી અણનમ રહી મેચ ડ્રોમાં ખેંચી ગયા. આ ઇનીંગમાં તેઓ ૧૯૮ રન બનાવી નોટઆઉટ રહ્યા.

સૌરાષ્ટ્રની ટીમ સામે આઉટ રાઇટ વિજય ન મેળવી શકવાના સંજોગના કારણો અધીરી બનેલી મુંબઇ ટીમે અતુલ પંડયાને પરેશાન કરવામાં કઇ બાકી ન રાખ્યું. અધુરામાં પુરૂ અતુલ પંડયાને છેલ્લી ઓવર્સમાં સ્ટ્રાઇક જ ન મળે એવા પેતરા કરી તેમને ડબલ સેન્ચુરી પણ ન કરવા દીધી. આમ છતાં સૌરાષ્ટ્રની ટીમ આઠ વિકેટ જ ગુમાવીને મેચ ડ્રો કરવામાં સફળ રહી અને એ પરિણામનું મુખ્ય શ્રેય અતુલ પંડયાની ઇનીંગને મળ્યું. અત્યારની પેઢીના ક્રિકેટર્સનો અતુલ પંડયા અને આ લેખમાં વર્ણવ્યા છે એ ખેલાડીને તો બહુ ન ઓળખે પણ સૌરાષ્ટ્રની આજની સફળતા અને ઉપલબ્ધિની પાછળ આ ધરોહરનું પણ યોગદાન છે. અલગ-અલગ વર્ષોમાં જુદા જુદા ટીમ મેમ્બરે કરેલા પ્રદર્શન રેકોર્ડ બુકમાં સચવાઇને પડયા છે અને આપણી સ્મૃતિમાં પણ.



ક્રિકેટ ક્લાસિકસ

પ્રકાશ ભટ્ટ

# ટૂંક સમયમાં નવા લુકમાં જોવા મળશે વોટ્સએપઃ શાનદાર ફિચર્સ રજુ કરશે



દિલ્હી, તા ૧૧

દુનિયાભરમાં વોટ્સએપના લાખો યુઝર્સ છે અને આ યુઝર્સ ટૂંક સમયમાં એપને નવા લુકમાં જોવા મળશે. વિશ્વની સૌથી લોકપ્રિય ઇન્સ્ટન્ટ મેસેજિંગ એપ ટૂંક સમયમાં સંપૂર્ણપણે બદલાઈ જશે. અમે આ એટલા માટે કહીએ છીએ કારણ કે WhatsAppએ પોતે જ તેની મોબાઇલ એપ્લિકેશન માટે એક નોંધપાત્ર ડિઝાઇન ફેરફારની જાહેરાત કરી છે, જેમાં વધુ ઘેરો ડાર્ક મોડ અને વધુ સુવ્યવસ્થિત દેખાવ તેમજ એન્ડ્રોઇડ અને iPhone બંને વપરાશકર્તાઓ માટે સંખ્યાબંધ પ્લેટફોર્મ-વિશિષ્ટ સુવિધાઓનો સમાવેશ થાય છે.

સૌથી મોટા ફેરફારોમાંનો એક છે ઘેરો ડાર્ક મોડ. વાસ્તવમાં, વોટ્સએપે ઓછા પ્રકાશવાળા વાતાવરણમાં આંખનો તાણ ઘટાડતા સંયોજન પર સ્થાયી થતા પહેલા ૩૫ થી વધુ વિવિધ કલર પેલેટ્સ સાથે પ્રયોગ કર્યો હતો. આ હાલના ડાર્ક મોડ વિકલ્પ પર આધારિત છે, જે ઘણા વપરાશકર્તાઓમાં લોકપ્રિય સુવિધા છે.

એન્ડ્રોઇડ યુઝર્સને નવા નેટિવ બોટમ નેવિગેશન બારથી ફાયદો થશે, કારણ કે iOS યુઝર્સ કેટલાક સમયથી મેળવી રહ્યા છે. આ બાર ચેટ, કોલ્સ, કોમ્યુનિટી અને સ્ટેટસ અપડેટ્સ સહિત એપના મુખ્ય વિભાગોની સમજદારીપૂર્વક એક્સેસ પ્રદાન કરે છે.

iPhone યુઝર્સ માટે WhatsApp મીડિયા એટેચમેન્ટ લેઆઉટને સુધારી રહ્યું છે. અગાઉના પૂર્ણ-સ્ક્રીન મેનૂને નાની વિસ્તૃત ટ્રે દ્વારા બદલવામાં આવ્યું છે. આ ફોટા, વિડિયો, દસ્તાવેજો, મતદાન અને અન્ય માધ્યમો મોકલવા માટે વિકલ્પો પસંદ કરવાનું સરળ બનાવશે.

અપડેટમાં એપના આઇકોન્સને રિફ્રેશ કરવા, વધુ સમકાલીન દેખાવ માટે ગોળાકાર અને રૂપરેખાવાળી શૈલી અપનાવવાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, ડિફોલ્ટ ચેટ બેકગ્રાઉન્ડમાં પણ ફેરફાર કરવામાં આવી રહ્યો છે, જોકે નવી ડિઝાઇન વિશે હજુ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.

આગામી અઠવાડિયામાં અપડેટ ધીમે ધીમે રોલ આઉટ થવાની અપેક્ષા છે. જોકે આ સમયે કોઈ ચોક્કસ તારીખ જાહેર કરવામાં આવી નથી, પરંતુ વપરાશકર્તાઓ WhatsAppના નવીનતમ સંસ્કરણ માટે તેમના એપ સ્ટોરને ચકાસી શકે છે.

### ગત વર્ષ કરતા ૧૮%ના વધારા સાથે ઈતિહાસનું સૌથી ઉંચુ રીઝલ્ટ : સૌથી વધુ પરિણામ તલગાજરડા કેન્દ્ર (૧૦૦%) અને ગાંધીનગર જિલ્લાનું (૮૭.૨૨%)

# ધો.૧૦નું પણ રેકોર્ડબ્રેક ૮૨.૫૬% પરિણામ : A-1 ગ્રેડમાં ૨૩૨૪૭ વિદ્યાર્થીઓ

### ટોપ ગ્રેડમાં સુરતના ૪૮૭૦ બાદ રાજકોટ જિલ્લાના સૌથી વધુ ૨૭૯૧ તારલા : સૌરાષ્ટ્રનો દબદબો

### એસએસસીના રીઝલ્ટમાં ગત વર્ષ કરતા ૧૮%નો વધારો : એ-૧ ગ્રેડમાં છાત્રો ચાર ગણા થઈ ગયા

### વિદ્યાર્થીનીઓ આગળ : પ્રથમ ક્રમે અંગ્રેજી માધ્યમ, બીજા ક્રમે ગુજરાતી અને ત્રીજા ક્રમે હિન્દી માધ્યમ

### ૧૦૦% પરિણામવાળી શાળા ૨૭૨માંથી ૧૩૮૯ થઈ ગઈ : ૩૦% કરતા નીચુ પરિણામ ૨૬૪ સ્કુલનું

રાજકોટ, તા. ૧૧

શિક્ષણ બોર્ડ દ્વારા ચાલુ વર્ષે ધો.૧૨ સાયન્સ-કોમર્સના વિક્રમી પરિણામ જાહેર કરવામાં આવ્યા બાદ આજે ધો.૧૦ (એસએસસી)નું પણ ઈતિહાસનું સૌથી ઉંચુ અને વિક્રમ ૮૨.૫૬ ટકા પરિણામ જાહેર કરાયું છે. વિદ્યાર્થીઓને ખુશખુશાલ કરી દેતા આ પરિણામમાં ગત વર્ષ કરતા ચાર ગણા વધુ એટલે કે ૨૩૨૪૭ વિદ્યાર્થીઓએ ટોચના એ-૧ ગ્રેડમાં સ્થાન હાંસલ કર્યુ છે. ૨૦૨૩ની સરખામણીએ આ પરિણામ ૧૭.૯૪ ટકા ઉંચુ છે.





(તસ્વીર : પંકજ શીશાંગીયા)

સમગ્ર રાજયમાં અગાઉના પરિણામોની જેમ એ-૧ ગ્રેડમાં સૌથી વધુ સુરતના ૪૮૭૦ વિદ્યાર્થી છે. તે બાદ રાજકોટ જિલ્લાના ૨૭૯૧ વિદ્યાર્થીઓનો ટોપ ગ્રેડમાં સમાવેશ થયો છે. ધો.૧૦ના પરિણામમાં પણ સૌરાષ્ટ્રના જિલ્લાઓનું પરિણામ ઘણું સુધર્યુ છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઉંચુ બોટાદ જિલ્લાનું ૮૫.૮૮ ટકા પરિણામ છે. આ સિવાય રાજકોટ, ભાવનગર, કચ્છ, જામનગર, સુરેન્દ્રનગર, મોરબી જિલ્લાના પરિણામ પણ ૮૦ ટકા ઉપર આવ્યા છે. સૌરાષ્ટ્રમાં સૌથી વધુ રાજકોટ જિલ્લાના ૨૭૯૧ બાદ ભાવનગર જિલ્લાના ૧૫૭૫ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં સામેલ છે.

આજે બોર્ડે જાહેર કરેલા પરિણામ અનુસાર ૬૯૯૫૯૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી ૫૭૭૫૬૬ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે. પુરા રાજયમાં સૌથી વધુ પરિણામ ગાંધીનગર જિલ્લાનું ૮૭.૨૨ ટકા અને સૌથી ઓછું પોરબંદર જિલ્લાનું ૭૪.૫૭ ટકા આવ્યું છે. કેન્દ્રોમાં સૌથી વધુ પરિણામ ભાવનગર જિલ્લાના તલગાજરડા કેન્દ્રનું ૧૦૦ ટકા અને અમદાવાદ જિલ્લાના દાલોદ કેન્દ્રનું ૧૦૦ ટકા આવ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતું એક કેન્દ્ર ભાવનગર જિલ્લાનું ૪૧.૪૩ ટકા છે. સમગ્ર રાજયમાં ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પાંચ ગણી વધી ગઇ છે. ૨૦૨૩માં ૨૭૨ શાળાનું પરિણામ ૧૦૦ ટકા હતું. આ વર્ષે ૧૩૮૯ શાળાના તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. ૩૦ ટકા કરતા ઓછું પરિણામ ધરાવતી શાળાઓ ગત વર્ષે ૧૦૮૪ હતું. જે આ વર્ષે ૨૬૪ થઇ છે. ઝીરો ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ ૧૫૭માંથી ઘટીને ૭૦ થઇ છે.

રાજયમાં ગત વર્ષે ૬૧૧૧ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં સ્થાન પામ્યા હતા જે સંખ્યા આ વખતે ૨૩૨૪૭ પર પહોંચી છે. એ-૨ ગ્રેડમાં પણ ૩૪ હજારન વધારા સાથે ૭૮૮૯૩, બી-૧માં ૧૧૮૭૧૦ વિદ્યાર્થીઓ ઝળકયા છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૭૯.૧૨ ટકા, વિદ્યાર્થીનીઓનું પરિણામ ૮૬.૬૯ ટકા આવ્યું છે. અંગ્રેજી માધ્યમના નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૯૨.૫૨ ટકા, ગુજરાતી માધ્યમનું ૮૧.૧૭ ટકા અને હિન્દી માધ્યમનું ૮૫.૯૦ ટકા આવ્યું છે.

ગેરરીતિના ૧૩૮ કેસ ઉપરાંત સીસીટીવીના આધારે નોંધાયેલા કેસમાં ૪૦૦ વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવેલ છે.

આ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા રાજયના ૮૪ ઝોનના ૯૮૧ કેન્દ્રો પર લેવામાં આવેલ હતી. જેમાં ૩૧૮૪ પરીક્ષા સ્થળો (બિલ્ડીંગો) ને ૩૧૮૨૯ બ્લોક ઉપયોગમાં લેવામાં આવ્યા હતા. આ પરીક્ષામાં કુલ ૭૦૬૩૭૦ નિયમિત પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૬૯૯૫૯૮ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ૫૭૭૫૫૬ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્રને પાત્ર બનતા નિયમિત પરીક્ષાર્થીઓનું પરિણામ ૮૨.૫૬ ટકા જાહેર કરવામાં આવેલ છે. જયારે રીપીટર પરીક્ષાર્થી તરીકે ૧૬૫૩૮૪ પરીક્ષાર્થીઓ નોંધાયા હતા. તે પૈકી ૧૬૦૪૫૧ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૭૮૭૧૫ પરીક્ષાર્થીઓ સફળ થતા તેઓનું પરિણામ ૪૯.૦૬ ટકા આવ્યું છે. આ ઉપરાંત જીએસઓએસ પરીક્ષાર્થી તરીકે નોંધાયેલ કુલ ૧૭૩૭૮ પરીક્ષાર્થીઓ પૈકી ૧૬૨૬૧ પરીક્ષાર્થીઓ ઉપસ્થિત થતા ૪૯૮૧ પરીક્ષાર્થીઓ પ્રમાણપત્ર પાત્ર બનેલ છે. તેઓનું પરિણામ ૩૦.૬૩ ટકા આવેલ છે.

### સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓનું પરિણામ

| જિલ્લો | પાસ | એ-૧ | ટકાવારી |
|---|---|---|---|
| અમરેલી | ૧૦૮૯૨ | ૩૯૬ | ૭૭.૩૧ |
| કચ્છ | ૧૫૯૮૮ | ૪૨૩ | ૮૫.૩૧ |
| જામનગર | ૧૦૯૮૮ | ૬૪૦ | ૮૨.૩૧ |
| જુનાગઢ | ૧૨૮૨૨ | ૭૩૭ | ૭૮.૨૬ |
| ભાવનગર | ૨૨૭૪૪ | ૧૫૭૫ | ૮૪.૬૧ |
| રાજકોટ | ૩૧૨૫૯ | ૨૭૯૧ | ૮૫.૨૩ |
| સુરેન્દ્રનગર | ૧૧૮૬૨ | ૪૮૯ | ૮૩.૮૩ |
| પોરબંદર | ૩૭૩૯ | ૯૭ | ૭૪.૫૭ |
| બોટાદ | ૬૩૫૦ | ૨૫૨ | ૮૫.૮૮ |
| દેવભૂમિ દ્વારકા | ૫૩૩૨ | ૧૩૭ | ૭૯.૯૦ |
| ગીર સોમનાથ | ૯૮૯૫ | ૩૧૪ | ૭૯.૨૦ |
| મોરબી | ૯૦૯૯ | ૬૮૧ | ૮૫.૬૦ |

## નવી પેપર સ્ટાઈલ, નવું પરિણામ, નવો રેકોર્ડ

### ધો.૧૦માં ૩ વિષયમાં નાપાસ છાત્રો પૂરક પરીક્ષા આપી શકશે : ૪૦૦ વિદ્યાર્થીના પરિણામ અનામત

રાજકોટ, તા. ૧૧

ધો. ૧૦માં બોર્ડ કક્ષાના વિષયોમાં નિયમિત પરીક્ષાર્થીઓની પરીક્ષા પધ્ધતિ મુજબ ૮૦ ગુણનું પ્રશ્નપત્ર અને શાળાકીય આંતરીક મૂલ્યાંકનના ૨૦ ગુણ મુજબ પરીક્ષા યોજવામાં આવેલ હતી. માર્ચ-૨૦૨૪ પરીક્ષામાં પ્રશ્નપત્રના પરિરૂપમાં બદલાવ કરવામાં આવેલ હતો. સીબીએસસી પધ્ધતિ મુજબની આ પ્રથમ પરીક્ષા હતી. જે પરીક્ષાર્થીઓના પરિણામ નીડસ ઇમ્પ્રુવમેન્ટ હશે તેઓ માટે પૂરક પરીક્ષામાં બેસી હજુ સુધારણાને અવકાશ છે.

આ વર્ષથી એસ.એસ.સી.માં માર્ચ-૨૦૨૪માં ત્રણ વિષયમાં અનુતીર્ણ ઉમેદવારો માટે પૂરક પરીક્ષાની જોગવાઇ કરેલ છે.

આ વર્ષે પરીક્ષા દરમ્યાન ગેરરીતિના ૧૩૮ કેસ નોંધાયેલ હતા. જયારે સીસીટીવી કેમેરા અને વિડીયો ફૂટેજના ધારે પ્રાથમિક રીતે ગેરરીતિમાં સામેલ જણાતા ૪૦૦ પરીક્ષાર્થીઓનું પરિણામ અનામત રાખવામાં આવેલ છે જેની રૂબરૂ સુનાણવી જિલ્લા કક્ષાએ આવેલ છે.

**કેદીઓ**

ચાલુ વર્ષે રાજયની અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરતની જેલોમાં ગોઠવાયેલ પરીક્ષા કેન્દ્રોમાં ૭૩ બંદીવાન પરીક્ષાર્થીઓની પરીક્ષા માટે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હતી. જેમાંથી ૫૩ બંદીવાન પરીક્ષાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વોકેશનલ ૧૩ વિષયની ૩૦ ગુણની પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલ હતી. જયારે ૫૦ ગુણનું પ્રેકટીકલ અને ૨૦ ગુણનું આંતરીક મૂલ્યાંકન જે તે સંસ્થા કે શાળા દ્વારા કરવામાં આવેલ હતું.

કુલ ૪૧૧૪ દિવ્યાંગ વિદ્યાર્થીઓને અડધો કલાક વધુ સમયનો લાભ તેમજ જરૂરીયાતવાળા દિવ્યાંગ ઉમેદવારોએ લહિયાની સુવિધા સાથે ભોંયતળીયે પ્રશ્નપત્રની ખાસ સુવિધા કરવામાં આવી હતી. કુલ દિવ્યાંગમાંથી ઉપસ્થિત ૪૦૦૯ અને પ્રમાણપત્રને પાત્ર ૨૨૫૮ ઉમેદવારો છે.

# ધો.૧૦ના રાજકોટ જીલ્લાના પરિણામમાં ૧૨.૪૯%નો વધારોઃ ૩૧,૨૫૯ વિદ્યાર્થીઓ પાસ

### ઉચ્ચ ગુણાંક સાથે એ-૧ ગ્રેડમાં ૨૭૯૧ વિદ્યાર્થીઓ ઝળકયાઃ સીબીએસસી પેટન અને પેપર ચકાસણીની નવી પદ્ધતિથી પરીક્ષાર્થીઓને મોટો ફાયદો

રાજકોટ તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૪માં લેવાયેલ ધો.૧૦ની પરીક્ષાનું રેકોર્ડ બ્રેક ૮૨.૫૬ ટકા પરિણામ જાહેર કરી દેવામાં આવેલ છે. જેમાં રાજકોટ જિલ્લાનું પરિણામ ૮૫.૨૩ ટકા આવેલ છે.

ધો.૧૦નું વર્ષ ૨૦૨૩માં રાજકોટ જિલ્લાનું પરિણામ ૭૨.૭૪ ટકા આવેલ હતું. તેની સાપેક્ષમાં ચાલુ વર્ષે ૮૫.૨૩ ટકા પરિણામ આવતગિત વર્ષની સાપેક્ષમાં ધો.૧૦ના રાજકોટ જીલ્લાના પરિણામની ટકાવારીમાં ૧૨.૪૯ ટકાનો વધારો થવા પામેલ છે. રાજકોટ જીલ્લામાં ધો.૧૦ની પરીક્ષામાં ૩૬૭૮૧ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી ૩૬૬૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જે પૈકીના ૩૧૨૫૯ વિદ્યાર્થીઓએ સફળતા હાંસલ કરી આ પરીક્ષા પાસ કરેલ છે. જેમાં એ-૧ ગ્રેડમાં ૨૭૯૧, એ-૨ ગ્રેડમાં ૬૩૭૨, ડી-૧ ગ્રેડમાં ૭૩૭૯, બી-૨ ગ્રેડમાં ૭૦૧૯, સી-૧ ગ્રેડમાં ૫૩૪૩, સી-૨ ગ્રેડમાં ૨૨૨૫ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે.







(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ જીલ્લાના કેન્દ્રવાઈઝ પરિણામોમાં ભાયાવદર કેન્દ્રનું ૭૦.૯૬ ટકા, ધોરાજી કેન્દ્રનું ૮૪.૦૬ ટકા, ગોંડલ કેન્દ્રનું ૮૬.૨૬ ટકા, જેતપુર કેન્દ્રનું ૮૦.૩૦ ટકા, જસદણનું ૮૨.૮૫ ટકા, ઉપલેટાનું ૭૬.૪૯ ટકા, જયારે રાજકોટના લક્ષ્મીનગર કેન્દ્રનું ૮૮.૩૩ ટકા, રેસકોર્સ કેન્દ્રનું ૮૬.૮૧ ટકા, કરણપરા કેન્દ્રનું ૭૧.૩૬ ટકા, રણછોડનગરનું ૮૬.૭૨ ટકા, જામકંડોરણા કેન્દ્રનું ૬૭.૨૫ ટકા, દેરડી કુંભાજીનું ૮૨.૯૦ ટકા, પડધરીનું ૮૨.૩૬ ટકા, વિંછીયાનું ૮૦.૪૯ ટકા, આટકોટ કેન્દ્રનું ૯૦.૬૨, ખામટાનું ૭૫.૭૬ ટકા, વિરપુર (જલારામ) કેન્દ્રનું ૮૧.૩૯ ટકા, ઉપરાંત રાજકોટના ભકિતનગર કેન્દ્રનું ૮૭.૮૩ ટકા, માલવીયાનગર કેન્દ્રનું ૯૪.૯૬ ટકા પરિણામ આવેલ છે.

આ ઉપરાંત કોઠારીયા કેન્દ્રનું ૮૭.૫૮ ટકા, કોટેચાનગરનું ૮૭.૩૮ ટકા, વૈશાલીનગર કેન્દ્રનું ૯૫.૨૨ ટકા, પોપટપરા કેન્દ્રનું ૮૭.૦૧ ટકા, ચાંદલીનું ૭૩.૪૦ ટકા, બજરંગવાડી કેન્દ્રનું ૮૫.૦૩ ટકા, નવા થોરાળાનું ૮૦.૪૪ ટકા, કસ્તુરબા ધામ (ત્રંબા)નું ૮૧.૫૫ ટકા, આંબરડી કેન્દ્રનું ૯૦.૪૧ ટકા, ભાડલાનું ૭૩.૯૪ ટકા, અમરાપરનું ૯૯.૧૪ ટકા, કોટડાસાંગાણી કેન્દ્રનું ૭૯.૪૩ ટકા, કુવાડવાનું ૭૭.૩૪ ટકા, મોટી પાનેલી કેન્દ્રનું ૪૮.૫૪ ટકા વાંગધ્રાનું ૯૯.૫૧ ટકા, રૂપાવટીનું ૯૧.૧૪ ટકા, અમરનગર કેન્દ્રનું ૯૦.૯૮ ટકા, મોવીયા કેન્દ્રનું ૮૭.૮૪ ટકા, સરધાર કેન્દ્રનું ૯૦.૦૩ ટકા અને મોઢુકા કેન્દ્રનું ૭૪.૫૦ ટકા પરિણામ આવેલ છે.

## સ્ટાન્ડર્ડ મેથ્સમાં ૯૯.૪૫% વિદ્યાર્થીઓ પાસ

### ઈંગ્લીશનું (એફએલ) ૯૭.૪૨%, સાયન્સનું ૮૮.૩૭% બેઝીક મેથ્સનું ૮૩.૪૦% અને સંસ્કૃતનું ૯૫.૫૧% પરિણામ

રાજકોટ તા.૧૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે જાહેર કરાયેલા ધો.૧૦ના પરિણામમાં સૌથી વધુ સ્ટાન્ડર્ડ મેથ્સનું ૯૯.૪૫ ટકા પરિણામ આવેલ છે.

જયારે ગુજરાતી (એફએલ)નું ૯૨.૦૯ ટકા, હિન્દી (એફએલ)નું ૯૩.૫૨ ટકા, ઈંગ્લીશ (એફએલ)નું ૯૭.૪૨ ટકા, સોશ્યલ સાયન્સનું ૯૧.૮૪ ટકા, સાયન્સનું ૮૮.૩૭ ટકા, ગુજરાતી (એસએલ) ૯૪.૫૨ ટકા, હિન્દી (એસએલ)નું ૯૨.૪૨ ટકા, ઈંગ્લીશ (એસએલ)નું ૯૨.૬૨ ટકા, સંસ્કૃત (એસએલ)નું ૯૫.૫૧ ટકા, અને બેઝીક મેથ્સમાં ૮૩.૪૦ ટકા પરિણામ આવેલ છે.

વિષયવાર પાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા જોઈએ તો ગુજરાત (એફએલ)માં ૫૩૭૫૪૦, હિન્દી (એફએલ)માં ૧૫૯૯૪, ઈંગ્લીશ એફએલમાં ૯૧૫૨૭, સોશ્યલ સાયન્સમાં ૬૪૨૪૯૩, સાયન્સમાં ૬૧૮૨૧૩, સ્ટા.મેથ્સમાં ૬૯૬૭૮, ગુજરાત એસએલમાં ૧૦૯૫૩૦, હિન્દી એસએલમાં ૨૭૫૨૪૦, ઈંગ્લીસ એસએલમાં ૫૬૦૭૯૨, સંસ્કૃત એસએલમાં ૩૩૦૮૫૪ અને બેઝીક મેથ્સ વિષયમાં ૫૨૪૬૭૧ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

Godrej Europa
અલ્ટ્રા લોક ચાવી
૫ મિનિટમાં
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૨૩૩૦૧૨, ૨૨૩૯૭૬૪

ગેમઝોન માટે પાર્ટટાઈમ ગર્લ્સ બોયઝની જરૂર છે
પગાર લાયકાત મુજબ, ટાઈમઃ- સાંજે 4થી 12
Whoopee World, સ્પીડવેલ પાર્ટીપ્લોટ રોડ, પરસાણા ચોક, નવો 150 રીંગ રોડ, રાજકોટ. 360005.
98242 41451

રાજકોટનું બેસ્ટ લોકેશન
પેટ્રોલ પમ્પ તથા શો-રૂમ લાયક જગ્યા લીઝ ઉપર આપવાની છે
૧૫૦ રીંગ રોડ, કોઠારીયા ચોકડીથી ગોંડલ રોડ તરફ, લીજ્જત પાપડનાં શો-રૂમની બાજુમાં
પ્લોટ સાઈઝ : ૧૦૫×૧૦૦
98250 78547

કોમ્પ્યુટર ઓપરેટર જોઇએ છે M/F
CV સાથે રૂબરૂ મળો.
કાલિન્દી પ્લાસ્ટીકસ - રૂડા ટ્રાન્સપોર્ટનગર, સાત હનુમાન મંદિર પાછળ, નવાગામ.
M. 84880 87881

Managed By : M.B. Education & Cheritable Trust
SARVODAYA COLLEGE
(AFFILIATED TO SAURASHTRA UNIVERSITY)
B/h. P.D.M. College Campus, Gondal Road, Rajkot. Ph. : 0281-2366537
B.C.A. | B.Sc.(IT) | B.Sc. Chem., Micro Bio., Bio. Tech., Botany, Zoology, Physics | P.G.D.C.A. | M.Sc.(IT)
હેલ્પ ડેસ્ક 9409780700
પ્રવેશ માટે સવારે ૮:૦૦ થી ૫:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરવો, રજાના દિવસે પણ પ્રવેશ કાર્યવાહિ ચાલુ છે.

WALK IN INTERVIEW
QC Line Incharge 01 · Edu. Diploma/B.E.Mech./ITI Mech · Exp. 3-4 years in CNC and VMC shop
QC Head 01 · Edu. Diploma/B.E.Mech · Exp. 4-6 years in CNC and VMC shop
QC Line Inspector 01 · Edu. Diploma/B.E.Mech./ITI Mech. · Exp. 1-2 years in CNC and VMC shop
QC Final Inspector 01 · Edu. 12th/ITI Mech. · Exp. 6 months to 1 year in CNC and VMC shop
Salary Based Upon Education, Skill & Experience · Mo. 91068 67128 / 94297 64864 · E : hr@risespares.com / quality@risespares.com
RISE SPARES PVT. LTD. | Plot No. 1, 34 to 34 Galaxy Ind. Estate, Survey No. 274/P, Vill. Shapar, Rajkot.

LUXURIOUS 3 BHK FLATS 1000 CARPET 1150 CARPET
Saket Heights
જૂજ ફ્લેટ બાકી
અંબિકા ટાઉનશીપ
કોપર એલીગન્સની પાસે, VYO રોડ, કાલાવડ રોડ, રાજકોટ.
95748 40568
સમય : સવારે ૯.૩૦ થી ૦૧.૦૦ સાંજે ૦૪.૦૦ થી ૦૭.૩૦

VIR VINAYAK RESIDENCY
તમારા સ્વપ્નનું ઘર...
• ટાઈટલ કલીયર • લોનેબલ
રેડી પઝેશન
• પુષ્કળ પાણીની સુવિધા • મજબુત બાંધકામ • સ્ટાન્ડર્ડ કંપની નું મટીરીયલ્સ • અદ્યતન પ્લાનીંગ
સાઈટ એડ્રેસઃ ખોડલ રેસીડેન્સી, મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ-1, ઈ.પી.પી. ફેક્ટરી ની સામે, કાલાવડ રોડ, રાજકોટ.
M.80000 11103

4BHK રેડી પઝેશન નવા બંગલા વેચવાના છે
પી.ઓ.પી. સાથે ૭૮ વાર
રેલનગર-૨, રાજકોટ. 94280 03863

શું આપ એક નયનરમ્ય શાંતિપૂર્ણ વિકએન્ડ વિલાની શોધમાં છો ?
Extraordinary Lifestyles
રાજકોટના હાર્દ સમા કાલાવડ રોડ થી... તદ્દન નજીક
70 વિકએન્ડ વિલા
Palm Paradise
જીમનેશ્યમ • ઈન્ડોર ગેઈમ • સ્વીમીંગપુલ • થિએટર • ચિલ્ડ્રન પ્લે એરીયા • રેસ્ટોરન્ટ • કલબ હાઉસ • સાથે ઘણું બધું
Booking Contact : 99 090 76 000
કાલાવડ રોડ, બાલાજી વેફર્સની સામે
Developers: Crystal Enterprise
Project By: PALM GROUP